કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

(લઘુવૃતિ વિવરણ)

ભાગ–૪

(અધ્યાય–૨ : પાદ–૩–૪)

ષત્વ-ણત્વ પ્રકરણ તથા સ્ત્રીપ્રત્યય પ્રકરણ

: સંપાદિકા :
પૂ.સા. પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન
તત્ત્વજ્ઞાન પાઠશાળા –અમદાવાદ

ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.

ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.

પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.

પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ શાસનપતિ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥
॥ ૐ હ્રીં અર્હં શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રી નીતિસૂરયે ॥
॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

કલિકાલસર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય-વિરચિત

શ્રી-સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૪

અધ્યાય-૨, પાદ-૩-૪

ષત્વ-ણત્વ પ્રકરણ તથા સ્ત્રીપ્રત્યય પ્રકરણ

: દિવ્યકૃપાધારા :
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજયનીતિસૂરીશ્વરજી મ.સા.

: આશીર્વાદધારા :
જીરાવલાતીર્થપ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ.સા.**

: પ્રેરક :
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજયમુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.પં.શ્રી હેમનિલયવિજયજી મ.સા.

: સંપાદિકા :
પૂ.સા. શ્રી પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ.શ્રી વિજયનીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

પ્રાપ્તિસ્થાન

સુરત

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860
- **રાજુભાઈ બી. શેઠ**
  કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
  ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન**
  લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
  (M) 93740 51080, પેઢી : 079-2214 0494
- **ઉપેન્દ્રભાઈ એચ. શાહ**
  ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
  નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7
  (M) 93270 13814
- **દીપકભાઈ જીતમલજી બાગરેચા**
  ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
  શાહીબાગ, અમદાવાદ
  (M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

- **આ. શ્રી વિજયનીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા**
  સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
  (M) 94270 60603 - વિક્રમભાઈ

મુંબઈ

- **સંજયભાઈ શાહ**
  એસ.આર. ક્રિએશન્સ, 227/જી, ઝવેરબાગ, પહેલે માળ,
  ઓફિસ નં. 16, નરનારાયણ વાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-400002
  (M) 98202 29419

મુદ્રક : **જય જિનેન્દ્ર ગ્રાફિક્સ** (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 • કુશ : 99256 17992

સાદર સમર્પણ

જેના શાસનના કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત

જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા

વાત્સલ્ય દ્વારા સિંચન કરીને રત્નત્રયીમાં
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.ના
ચરણકમલમાં
સાદર સમર્પણ

''युष्मदीयं युष्मभ्यं समर्पयामि''

ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્
વિજયનીતિસૂરીશ્વરજી મ.સા. દ્વારા
ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દિ વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રીમદ્
વિજયહેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના
સદુપદેશથી
શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ
આચાર્યશ્રી વિજયનીતિસૂરિ આરાધના ભવન
કતારગામ, સુરત
તથા
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.,
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.ના
સદુપદેશથી
શ્રીમતી માલિનીબેન ઉપેન્દ્રભાઈ શાહ

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મ.સા.નું

જીવનદર્શન

સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજયનીતિસૂરીશ્વરજી મ.સા.

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - પોથી, પંડિત અને પ્રતિમા.

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીનાં પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનના બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા.ના વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પંડિતવર્ય શ્રી ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ	**: સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર**
દીક્ષા	**: સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા**
વડીદીક્ષા	**: સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર**
ગણિપદ	**: સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત**
પંન્યાસપદ	**: સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા**
આચાર્યપદ	**: સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ**
કાળધર્મ	**: ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)**

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવીપ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષના વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયના ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.

• • •

સદ્‌ગુરુ વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુના ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે '**भव्यजनहिताय**' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગના સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.

પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને

વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના શિષ્યા સા.શ્રી આર્યયશા મ.સા. એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાના વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમના શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિના ધર્મલાભ

રહસ્યપૂર્ણ

સિદ્ધહેમશબ્દાનુશાસન

વિ.સં. ૧૧૧૨નો સમય - સિદ્ધરાજ જયસિંહે માલવા દેશના અધિપતિ યશોવર્મ રાજા પર આક્રમણ કર્યું. બન્ને વચ્ચે ભયંકર યુદ્ધ થયું. અંતે પરિણામ એ આવ્યું કે સિદ્ધરાજનો વિજય થયો. વિજયનો વાવટો લઈને સિદ્ધરાજની પાટણમાં પધરામણી થઈ. પાટણના દ્વારે પ્રવેશ થતાં અનેક કવિઓએ તેની સ્તુતિ કરી. તેમાં પૂ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યજી પણ પધાર્યા અને તેમણે સંસ્કૃતમાં આશીર્વાદ આપ્યા.

भूमिं कामगवि ? स्वर्गोमयरसैरासिञ्च रत्नाकरा,
मुक्तास्वस्तिकमातनुध्वमुडुप ! त्वं पूर्णकुम्भीभवा ।
धृत्वा कल्पतरोर्दलानि सरलैर्दिग्वारणास्तोरणा,
न्याधत्त स्वकरैर्विजित्य जगतीं नन्वेति सिद्धाधिपः ॥

સાંભળીને સિદ્ધરાજ જયસિંહ પ્રસન્ન થયા. અવંતીના જ્ઞાનભંડાર જોયા પછી સિદ્ધરાજને થયું જ્ઞાન સમૃદ્ધિ તો ત્યાં જ છે. ત્યાંના રાજા ભોજના નામે સુંદર મજાનું વ્યાકરણ છે ભોજવ્યાકરણ આપણા ગુજરાતમાં પણ આપણું વ્યાકરણ હોવું જોઈએ અને સિદ્ધરાજની નજર પૂ. કલિકાલસર્વજ્ઞની ઉપર પડી. ગુરુદેવશ્રી આપ જ નૂતન વ્યાકરણ બનાવી શકશો. આપ શરૂઆત કરો. આપની બધી જ વ્યવસ્થા હું કરી આપીશ. પૂજ્યશ્રીના આદેશથી અન્ય આઠ વ્યાકરણ અલગ-અલગ દેશમાંથી મંગાવવામાં આવ્યું અને તેનું અવગાહન કરીને ગુરુદેવશ્રીએ પોતાનું નવું વ્યાકરણ બનાવ્યું. તેનું નામકરણ રાજા અને ગુરુના નામથી "સિદ્ધહેમશબ્દાનુશાસન" આપવામાં આવ્યું.

એક જ વર્ષમાં ૧-શબ્દાનુશાસન, ૨-કાવ્યાનુશાસન, ૩-લિંગાનુશાસન, ૪-છન્દોનુશાસન, ૫-અલંકારાનુશાસન.

આવા પાંચ 'અનુશાસન' બનાવી આપ્યા. ફક્ત એક શબ્દાનુશાસનને ભણતા દોઢ વર્ષ લાગે અને પૂજ્યશ્રીએ પાંચની રચના એક વર્ષમાં કરી. આ હતી ગુરુદેવશ્રી કલિકાલસર્વજ્ઞજીની પ્રતિભા.

સાથે-સાથે લઘુવૃત્તિ-મધ્યમ-બૃહદ્વૃત્તિ-બૃહન્ન્યાસની પણ રચના કરી. અત્યારે શ્રમણ પરંપરામાં ૪૫ આગમનુ વાંચન કરવું હોય તો વ્યાકરણની અત્યંત જરૂરિયાત છે. એવું કહી શકાય કે ૪૫ આગમનું મૂળ "સિદ્ધહેમશબ્દાનુશાસન" છે. એટલે જ પિતા પોતાના દીકરાને વ્યાકરણનું મહત્વ બતાવતા કહે છે કે -

यद्यपि नाधीषे बहु तदपि पठपुत्र ! व्याकरणम् ।
स्वजनः श्वजनो मा भूत् सकलं शकलं सकृत् शकृत् ॥

આ ગ્રંથમાં ભાષાકીય સ્તરનો ઉઘાડ તો છે જ. સાથે સાથે કેટલાંક સૂત્રો ઉપદેશાત્મક પણ છે.

જેમકે -**स्वतन्त्रः कर्ता** - ૨-૨-૨
कर्तुर्व्याप्यं कर्म - ૨-૨-૩

આ બે સૂત્રો દ્વારા પૂજ્યશ્રી એવું જણાવી રહ્યા છે ગુરુ એ કર્તા છે જે સ્વતંત્ર છે. જ્યારે શિષ્ય કર્તા (ગુરુ)ને વ્યાપીને રહેલો છે. જે કર્મ છે એટલે જ કર્તા પ્રમાણે લિંગ-વચન-વિભક્તિ થાય છે.

આપણે જૈનત્વનો ઝંડો લઈને ફરીએ છીએ એ જૈન શબ્દ પણ વ્યાકરણની પેદાશ છે.

"तद्धितोऽणादिः" ૬-૧-૧
जिनस्य देवता-जिन+अण्-जैनः

આમંત્રણ અને નિમંત્રણ શબ્દની ઉત્પત્તિ પણ વ્યાકરણથી જ છે. જેના દ્વારા સ્વાગત કરાય છે.

"विधि निमन्त्रणा-ऽऽमन्त्रणा-ऽधीष्ट-सम्प्रश्न-प्रार्थने ५-४-२८

(यस्यां प्रत्याख्याने प्रत्यवायस्तन्निमन्त्रणम्, इच्छामन्तेरणापि नियोगतः कर्तव्यम्)

श्वग. - "द्विसन्ध्यमावश्यकं कुर्यात्"

-प्रत्याख्याने कामचारस्तदामन्त्रणम्-यदि रोचते

આવા રહસ્યોથી ગર્ભિત "સિદ્ધહેમશબ્દાનુશાસન"નું સરળ ભાષામાં જ્ઞાન થઈ શકે તે હેતુથી પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રીમદ્ વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્તિની પ્રવર્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા. નાં પ્રશિષ્યા જ્ઞાનપિપાસુ પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ વ્યાકરણ સૂત્રોનાં અર્થ-સમાસ-ઉદાહરણ-વિશેષતા-જિજ્ઞાસા-સમાધાન સાથે ગુર્જર ભાષામાં વિવરણ તૈયાર કર્યું છે. તેનો આ ચોથો વિભાગ જેમાં અ·-દ્ધકઅ· પ્રકરણ તેમજ સ્ત્રી પ્રત્યય પ્રકરણનું વિવરણ છે. તે અભ્યાસુઓને લાભદાયી થશે.

ઇતિહાસમાં શ્રમણીભગવંતોના ગ્રંથ સંબંધી કાર્યો બહુ જ જૂજ મળે છે. જેમકે સં. ૧૨૮૮માં સા. જિનસુંદરગણિનીએ "કર્મસ્તવ" ઉપર ટીકા બનાવી હતી. તે જ પરંપરામાં આ નાની ઉંમરના શ્રમણીવર્યાનું કાર્ય અત્યંત અનુમોદનીય છે.

શાસ્ત્ર પારગામી બને એ જ મંગલ કામના...

પ.પૂ.આ.શ્રી લલિતપ્રભસૂરિ મ.સા.ના શિષ્ય
પં. હેમહર્ષવિ.

પ્રકાશકીય નિવેદન...

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાનુવર્ત્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા. આર્યયશાશ્રીજી મ.સા. ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ આ. શ્રી વિજયનીતિસૂરી આરાધના ભવન કતારગામ-સુરતનાં જ્ઞાનનિધિમાંથી તથા શ્રીમતી માલિનીબેન ઉપેન્દ્રભાઈનાં પરિવારે પણ લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

લિ.
આ. શ્રીવિજયનીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

વિ.સં.૨૦૭૮
ચૈત્ર સુદ-૫

સંપાદકીય નિવેદન...

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે ચોથો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વિ. પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગમાં પરિશિષ્ટ-૧માં સ્ત્રીપ્રત્યય વિષયક સારાંશ કોષ્ટક તેમજ પરિશિષ્ટ-૨માં આ ભાગમાં

આવતા ન્યાયોના સામાન્ય અર્થ દર્શાવેલ છે. તેમજ, પરિશિષ્ટ-૩માં વિવેચન અંતર્ગત વિશેષતા અને જિજ્ઞાસાનાં સંદર્ભ સ્થાનો પ.પૂ.આ.શ્રી વિજય લાવણ્યસૂરીશ્વરજી મ.સા. દ્વારા સંપાદિત બૃહન્ન્યાસ વિ. ટીકાથી યુક્ત શ્રીસિદ્ધહેમશબ્દાનુશાસનમ્ પુસ્તકાધારે લખેલ છે.

અત્યંત સહકાર આપીને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર)ને ખૂબ ખૂબ ધન્યવાદ.

જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

દ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ
સા. પરમયશાશ્રી

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૧.	સંકેતસૂચિ	–
•	**અધ્યાય-૨, પાદ-૩ षत्व-णत्व પ્રકરણ :**	
૨.	र्‌કારનો स्‌કાર કરતાં સૂત્રો. (૨.૩.૧ થી ૨.૩.૭)	૧
૩.	र्‌કારનો ष्‌કાર કરતાં સૂત્રો. (૨.૩.૮ થી ૨.૩.૧૪)	૧૫
૪.	स्‌કારનો ष्‌કાર કરતાં સૂત્રો. (૨.૩.૧૫ થી ૨.૩.૫૮)	૨૮
૫.	स्‌કારનો ष्‌કાર નિષેધક સૂત્રો. (૨.૩.૫૯ થી ૨.૩.૬૨)	૧૦૯
૬.	न्‌કારનો ण्‌કાર કરતાં સૂત્રો. (૨.૩.૬૩ થી ૨.૩.૮૯)	૧૧૩
૭.	न्‌કારનો ण्‌કાર નિષેધક સૂત્રો. (૨.૩.૯૦ થી ૨.૩.૯૬)	૧૬૫
૮.	ण्‌કારનો न्‌કાર કરતું સૂત્ર. (૨.૩.૯૭)	૧૭૭
૯.	ष्‌કારનો स्‌કાર કરતું સૂત્ર. (૨.૩.૯૮)	૧૭૮
૧૦.	ऋ-र्‌નો ऌ-ल્‌ કરતાં સૂત્રો. (૨.૩.૯૯ થી ૨.૩.૧૦૪)	૧૮૦
૧૧.	ड्‌કારનો ल्‌કાર કરતું સૂત્ર. (૨.૩.૧૦૪)	૧૮૫
૧૨.	प्‌કારનો व्‌કાર કરતું સૂત્ર. (૨.૩.૧૦૫)	૧૮૭
૧૩.	અભ્યાસ-૧	૧૮૮
•	**અધ્યાય-૨, પાદ-૪ સ્ત્રી પ્રત્યય પ્રકરણ :**	
૧૪.	સ્ત્રીલિંગમાં ङी પ્રત્યયનું વિધાન (૨.૪.૧ થી ૨.૪.૧૨)	૧૯૦
૧૫.	સ્ત્રીલિંગમાં ङी પ્રત્યયનો નિષેધ. (૨.૪.૧૩ થી ૨.૪.૧૪)	૨૦૬
૧૬.	સ્ત્રીલિંગમાં आप્ પ્રત્યયનું વિધાન. (૨.૪.૧૫-૧૬-૧૮)	૨૦૮
૧૭.	સ્ત્રીલિંગમાં ङी પ્રત્યયનું વિધાન (૨.૪.૧૯ થી ૨.૪.૩૨)	૨૧૪

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૧૮.	સ્ત્રીલિંગમાં ऊङ् પ્રત્યયનું વિધાન. (૨.૪.૭૩ થી ૨.૪.૭૫)	૨૯૦
૧૯.	સ્ત્રીલિંગમાં નિપાતન. (૨.૪.૭૬)	૨૯૭
૨૦.	સ્ત્રીલિંગમાં ति પ્રત્યયનું વિધાન. (૨.૪.૭૭)	૨૯૮
૨૧.	સ્ત્રીલિંગમાં નામને અંતે ष्यનું વિધાન. (૨.૪.૭૮ થી ૨.૪.૮૨)	૩૦૦
૨૨.	સ્ત્રીલિંગમાં ष्यનાં ईच्નું વિધાન. (૨.૪.૮૩ થી ૨.૪.૮૫)	૩૦૯
૨૩.	સ્ત્રી પ્રત્યયમાં લોપનું વિધાન (૨.૪.૮૬ થી ૨.૪.૯૪)	૩૧૩
૨૪.	સ્ત્રીલિંગમાં ङी વગેરેનાં લોપનું વિધાન. (૨.૪.૯૫)	૩૨૭
૨૫.	સ્ત્રીલિંગમાં હ્રસ્વનું વિધાન. (૨.૪.૯૬ થી ૨.૪.૧૦૭)	૩૨૯
૨૬.	સ્ત્રીલિંગમાં હ્રસ્વનો નિષેધ. (૨.૪.૧૦૫)	૩૪૨
૨૭.	સ્ત્રીલિંગમાં ઇકારનું વિધાન. (૨.૪.૧૦૭ થી ૨.૪.૧૧૨)	૩૪૭
૨૮.	સ્ત્રીલિંગમાં ઇકારનો નિષેધ. (૨.૪.૧૧૩)	૩૫૫
૨૯.	અભ્યાસ-૨	૩૫૭
૩૦.	અભ્યાસ-૩	૩૫૯
૩૦.	પરિષિશિષ્ટ-૧: વિવિધ સ્ત્રી પ્રત્યય કરનારાં સૂત્રોનું વિભાગીકરણ	૩૬૨
૩૧.	પરિશિષ્ટ-૨ : ન્યાયોનાં અર્થ	૩૬૫
૩૨.	પરિશિષ્ટ-૩ : સંદર્ભ સ્થાનો	૩૭૧

સંકેતસૂચિ

અ.અ.સૂ.	:	અન્વય અનુવૃત્તિ સૂત્ર
સ.	:	સમાસ
ઉદા.	:	ઉદાહરણ
પ્ર.ઉદા.	:	પ્રતિ ઉદાહરણ
વિ.	:	વિશેષતા
જિ.	:	જિજ્ઞાસા
સમા.	:	સમાધાન
શ્લો.	:	શ્લોક
પ્ર.	:	પ્રથમા વિભક્તિ
દ્વિ.	:	દ્વિતીયા વિભક્તિ
તૃ.	:	તૃતીયા વિભક્તિ
ચ.	:	ચતુર્થી વિભક્તિ
પં.	:	પંચમી વિભક્તિ
ષ.	:	ષષ્ઠી વિભક્તિ
સ.	:	સપ્તમી વિભક્તિ
સં.	:	સંબોધન
એ.વ.	:	એકવચન
દ્વિ.વ.	:	દ્વિવચન
બ.વ.	:	બહુવચન
પરસ્મૈ.	:	પરસ્મૈપદ
આત્મને.	:	આત્મનેપદ
ન્યાય.	:	ન્યાય
સં.સૌ.	:	સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા)
મ.વૃ.	:	મધ્યમવૃત્તિ
બૃ.વૃ.	:	બૃહદ્‌વૃત્તિ
બૃ.ન્યા.	:	બૃહન્યાસ
લ.ન્યા.	:	લઘુન્યાસ

કલિકાલસર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય-વિરચિત

શ્રી-સિદ્ધહેમચન્દ્રશાબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૪

॥ ॐ ह्रीं श्रीं अर्हं नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

द्वितीयेऽध्याये तृतीयः पादः

षत्व-णत्व प्रकरणम्

★ र्नां स्नुं विधान : २.३.१ थी २.३.७

नमस्-पुरसो गतेः क-ख-प-फि रः सः २/३/१

अ.अ.सू. : गतेः नमस्-पुरसः रः कखपफि सः।

अर्थ : गतिसंज्ञक नमस् अने पुरस्नां र्(रु)नो क्, ख्, प्, फ् પર છતાં स् थाय छे.

स. : (१) **नमस्-पुरसः**→नमश्च पुरश्च इति नमस्पुरस्, तस्येति।
(२) **कखपफि**→कश्च खश्च पश्च फश्च इति कखपफम्, तस्मिन्निति।

ઉદા. (१) **नमस्कृत्य**→નમસ્કાર કરીને.
अनमो नमः करणमिति (डुकृंग् करणे-८८८)
प्राक्काले ५.४.४७थी क्त्वा→नमस्+सि, कृ+**त्वा**
साक्षादादि०३.१.१४थी नमस्ने **गतिसंज्ञा** थवाथी,
गतिक्वन्य०३.१.४२थी સમાસ→नमस्+स्+कृ+त्वा+स्

- ऐकार्थ्ये ૩.૨.૮થી અન્તવર્ત્તિ વિભક્તિનો લોપ→नमस्+कृ+त्वा
  अनञ:क्त्वो०૩.૨.૧૫૪થી क्त्वानो यप्→नमस्+कृ+**य**
  ह्रस्वस्य त:०૪.૪.૧૧૩થી त् आगम→नमस्+कृत्य
- अन्तवर्त्ति विभक्तिनी अपेक्षाએ,
  तदन्तं०૧.૧.૨૦થી नमस्ने **पदसंज्ञा** थवाथी,
  सो रु: ૨.૧.૭૨થી स्नो रु→नमर्+कृत्य
  આ સૂત્રથી र्नो स्→नमस्कृत्य
- प्रथमा सि→नमस्कृत्य+**स्**
- क्त्वा-तुमम् ૧.૧.૩૫થી नमस्कृत्यने **अव्ययसंज्ञा** थवाथी,
- अव्ययस्य ૩.૨.૭થી सिनो लोप→नमस्कृत्य।

(૨) **पुरस्कृत्य**→આગળ કરીને. अपुर: पुर: करणमिति।

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પરંતુ पुरस्ने पुरोस्तम०૩.૧.૭થી ગતિસંજ્ઞા કરવી.

પ્ર.ઉદા. गतेरिति किम् ?

(૧) **नम: कृत्वा**→नम: શબ્દનું ઉચ્ચારણ કરીને.
प्राक्काले ૫.૪.૪૭થી क्त्वा→नमस्+अम्, कृ+**त्वा**

- अनतो०૧.૪.૫૯થી अम्नो लोप→नमस् कृत्वा
- **प्रत्ययलोपेऽपि**[1] **प्रत्ययलक्षणं कार्यं विज्ञायते** ૩/૯ न्यायानुसारे,

---

• નિશાનીવાળાં સૂત્રો આગામી ઉદા.માં પુનરાવર્ત્તિત થતાં હોવાથી દર્શાવેલ નથી. તેમજ, સ્યાદિ વિભક્તિ સંબંધી સાધનિકા વિભક્તિ પ્રકરણમાં દર્શાવેલ હોવાથી યથાસંભવ જાણી લેવી.

૧. દરેક ન્યાયોનાં અર્થ પરિશિષ્ટ-૩માંથી જોવા. તેમજ, વિશેષ અર્થ માટે સં. સૌ.માં જોવું.

नमस्ने तदन्तं०१.२.२०थी **पदसंज्ञा** थवाथी,
सो रुः २.१.७२थी स्नो रु→**नमर्** कृत्वा
रः पदान्ते०१.३.५३थी रुनो विसर्ग→नमः कृत्वा।

(२) **तिस्रः पुरः करोति**→त्रण नगरने करे छे. पुर्+शस्+ करोति
सो रुः २.१.७२थी स्नो रु→**पुरर्** करोति
रः पदान्ते०१.३.५३थी रुनो विसर्ग→पुरः करोति।

★ आ सूत्रनी प्रवृत्ति गतिसंज्ञक જ नमस् अने पुरस् शब्दथी थाय छे. જ्यारे अहीं नमस् शब्द स्वરूप अने पुरस् नगरीवाची पुर्नुं शस् प्रत्ययान्त રूप छे. माटे ते બन्नेने गतिसंज्ञा न थतां आ सूत्रथी र्नो स् थयो नथी.

विशेषता :

(१) ऊर्याधनु०३.१.२थी ३.१.१७ सुधीनां कुल १६ सूत्रो विविध अर्थमां विविध नामोने गतिसंज्ञा करे छे अने ते गतिसंज्ञक नामो आ सूत्रनो विषय બने छे.

(२) सूत्र निर्दिष्ट सःमां अकार उच्चारण माटे छे.

જि. : अहीं स्थानी नमस्-पुरस् अने निमित्त कखपफिमां वचन समान छे. तो **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** न्यायनी प्रवृत्ति शा माटे न थઈ ?

समा. : समान वचन निर्देश साथे संख्याथी पण तुल्यता होय त्यां જ आ न्याय प्रवर्त्ते छे. अहीं आदेशी બे अने निमित्त चार छे. आम संख्याथी तुल्यता नथी. तेथी आ न्यायनी प्रवृत्ति थઈ नथी.

तिरसो वा २/३/२

अ.अ.सू. : गतेः तिरसः रः कखपफि सः वा।

अर्थ : गतिसंज्ञक तिरस्‌नां र्‌नो क्, ख्, प्, फ् પર છતાં સ્ વિકલ્પે થાય છે.

ઉદા. तिरस्कृत्य/तिरःकृत्य→છુપાવીને. अतिरः तिरः करणमिति।

★ આ ઉદા.ની સાધનિકા नमस्कृत्य પ્રમાણે જાણવી. પરંતુ तिरस्‌ને ગતિસંજ્ઞા કૃગો નવા ૩.૧.૧૦થી કરવી.
વિકલ્પે : જ્યારે र्‌નો स् ન થાય ત્યારે, तिरर्+कृत्य रः पदान्ते०१.३.५३थी रुनो विसर्ग→तिरःकृत्य।

પ્ર.ઉદા. गतेरित्येव→तिरः कृत्वा काष्ठं गतः→લાકડાંને વાંકું કરીને ગયો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગતિસંજ્ઞક तिरस्‌થી જ થાય છે. જ્યારે અહીં છૂપાવવું અર્થક तिरस् ન હોવાથી ગતિસંજ્ઞા થઈ નથી. માટે આ સૂત્રથી र्‌નો स् ન થતાં रः पदान्ते० १.३.५३થી વિસર્ગ થયો છે.

વિશેષતા :

કેટલાંક અન્ય વ્યાકરણકારો ગતિસંજ્ઞક ન હોય એવા અન્તર્દ્ધિ અર્થમાં વર્ત્તતાં तिरस्‌નાં વિષયમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેમનાં મતે तिरस्कृत्वा આવો પણ પ્રયોગ થાય છે.

पुंसः २/३/३

અ.અ.સૂ. : पुंसः रः कखपफि सः।

અર્થ : પુમ્સ્‌નાં र्‌નો क्, ख्, प्, फ् પર છતાં સ્ થાય છે.

ઉદા. (૧) **पुंस्कोकिलः**→પુરુષ કોયલ. पुमांश्चासौ कोकिलश्च इति।
વિશેષણં-વિશેષ્યે૦૩.૧.૯૬થી સમાસ→पुम्स्+कोकिल
पदस्य ૨.૧.૮૯થી સ્નો લોપ→पुम्+कोकिल
पुमोऽशिट्य०૧.૩.૯થી મ્નો ર્ અને પૂર્વના સ્વર પર અનુસ્વાર→**पुंर्**+कोकिल
આ સૂત્રથી ર્નો સ્→**पुंस्**कोकिल
પ્રથમા સિ વગેરે→पुंस्कोकिलः।

(૨) **पुंस्खातः**→પુરુષ વડે ખોદાયેલ. पुंसः खननमिति।
कारकं कृता ૩.૧.૬૮થી સમાસ→पुम्स्+खात

(૩) **पुंस्पाकः**→પુરુષનો(કરેલો) પાક. पुंसः पाक इति।
षष्ठ्यયત્ના૦૩.૧.૭૬થી સમાસ→पुम्स्+पाक

(૪) **पुंस्फलम्**→પુરુષનું ફળ. पुंसः फलमिति।
षष्ठ्यયત્ના૦૩.૧.૭૬થી સમાસ→पुम्स्+फल

★ આ ત્રણે ઉદા.માં પદસ્ય ૨.૧.૮૯થી સ્નો લોપ વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

વિશેષતા :

જિ. : પુમો શિટ્ય૦૧.૩.૯ સૂત્રમાં નિમિત્ત તરીકે અઘોષ વ્યંજનનું ગ્રહણ કરેલ છે. અને સૂત્રનિર્દિષ્ટ ક્ વગેરે અઘોષ વ્યંજન જ છે. તેથી એ સૂત્રમાં જ કાર્ય તરીકે ર્નાં સ્થાને સ્ દર્શાવ્યો હોત તો આ સૂત્રનો નિર્દેશ ન કરવો પડે. તો શા માટે તેવું ન કર્યું ?

સમા. : જો તે સૂત્રમાં જ સ્નો નિર્દેશ કરે તો સ્નાં વિધાન સામર્થ્યથી पुंस्+चरः વગેરે પ્રયોગમાં चटते સ૦૧.૩.૭ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં पुंश्चरः આદિ પ્રયોગો સિદ્ધ થાત નહીં. અને તેની

સિદ્ધિ માટે જ કાર્ય તરીકે તે સૂત્રમાં રૂનો અને આ સૂત્રમાં સ્નો એ પ્રમાણે પૃથક્ નિર્દેશ કર્યો છે.

જિ. : પુંસ્કઃ, પુંસ્પાશઃ વગેરે પ્રયોગમાં જેમ આ સૂત્રથી સ્ની પ્રાપ્તિ છે તેમ **નામિનસ્તયોઃ**૦૨.૩.૭થી ષ્ની પણ પ્રાપ્તિ છે તેમજ, તે પર સૂત્ર હોવાથી બળવાન છે તો પણ મૂર્ધન્ય ષ્ શા માટે ન થયો ?

સમા. : **ણ-ષમસત્પરે**૦૨.૧.૬૦ સૂત્રમાં પરવિધિમાં મૂર્ધન્ય ષ્ને અસત્ કરવાનું વિધાન છે. અને આ સૂત્રથી થતું સ્ કાર્ય પરવિધિરૂપ છે. તેથી સ્નાં કાર્યમાં **ણ-ષમસત્પરે**૦૨.૧.૬૦ સૂત્રથી મૂર્ધન્ય ષ્ અસત્ થાય છે. આ વિધાન જ જણાવે છે કે, સ્નું કાર્ય પ્રથમ થાય છે. અને ષ્નું કાર્ય પછી થાય છે. માટે આ પ્રકરણમાં સત્વની વિધિ પહેલાં અને ષત્વની વિધિ પછી દર્શાવી હોવા છતાં પણ **ણ-ષમસત્પરે**૦૨.૧.૬૦ની વ્યવસ્થાનુસારે સત્વનું કાર્ય પરવિધિનું જાણવું. તેથી ષ્ ન થતાં સ્ જ રહેશે.

शिरो-ऽधसः पदे समासैक्ये ૨/૩/૪

અ.અ.સૂ. : **शिरो-ऽधसः रः पदे (कखपफि) सः, समासैक्ये।**

અર્થ : શિરસ્ અને અધસ્નાં રૂનો પદ શબ્દ પર છતાં સ્ થાય છે. જો તે બન્ને એક જ સમાસમાં હોય તો.

સ. : (૧) **शिरो-ऽधसः**→शिरश्च अधश्च इति शिरो-ऽधस्, तस्येति।
(૨) **समासैक्ये**→समासस्य ऐक्यमिति समासैक्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **शिरस्पदम्**→મસ્તકનું સ્થાન. शिरसः पदमिति।
षष्ठ्यर्थात्मा૦૩.૧.૭૬થી સમાસ→શિરસ્+પદ

सो रुः २.१.७२थी स्नो रु→शिरर्+पद
आ सूत्रथी र्नो स्→शिरस्पद
प्रथमा सि वगेरे→शिरस्पदम्।

(२) **अधस्पदम्**→नीचेनुं स्थान. अधसः पदमिति।

★ आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु अहीं समास अव्ययं प्रवृद्धा०३.१.४८थी करवो.

प्र.उदा. समासेति किम् ?

(१) **शिरः पदम्**→मस्तक अने स्थान.

★ आ सूत्रनी प्रवृत्ति निमित्त अने स्थानी समासमां होय तो ज थाय छे. ज्यारे अहीं शिरस् अने पदम्नो समास थयो नथी. माटे आ सूत्रथी र्नो स् न थतां विसर्ग थयेल छे.

(२) **परमशिरःपदम्**→श्रेष्ठ मस्तकनुं स्थान.
परमं च तद् शिरश्च इति परमशिरः, तस्य पदमिति।
विशेषणं-विशेष्ये०३.१.९६थी परम+शिरस्नो तथा,
षष्ठ्य०३.१.७६थी परमशिरस्+पदनो समास थवाथी,
परमशिरस्+पद
सो रुः २.१.७२थी स्नो रु→परमशिरर्+पद
रः पदान्ते०१.३.५३थी रुनो विसर्ग→परमशिरःपद
प्रथमा सि वगेरे→परमशिरःपदम्।

★ आ सूत्रनी प्रवृत्ति एक समासमां ज रहेलां बे पदथी थाय छे. ज्यारे अहीं बन्ने पद जुदां-जुदां समासमां छे. माटे आ सूत्रथी र्नो स् न थतां रः पदान्ते०१.३.५३थी विसर्ग थयेल छे.

વિશેષતા :

જિ. : સૂત્રમાં 'पदे'નું ગ્રહણ કર્યું છે. તેના દ્વારા **स्वं रुपं शब्दस्याशब्दसंज्ञा** ૧/૧ અથવા **कृत्रिमाऽकृत्रिमयोः कृत्रिमे** ૧/૨૩ ન્યાયાનુસારે પદસંજ્ઞાનું ગ્રહણ થવું જોઈએ તો આ 'पद' શબ્દનું ગ્રહણ કેવી રીતે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ સૂત્રમાં સમાસનું પણ ગ્રહણ કર્યું છે. તેથી પદ-સંજ્ઞાની પ્રાપ્તિ તો તેનાં દ્વારા થઈ જ જાય છે. અને વળી ઉત્તરપદ વિના સમાસ સંભવતો જ નથી. માટે અહીં 'पदे' દ્વારા ઉત્તરપદ એવા 'पद' શબ્દની જ પ્રાપ્તિ થાય છે.

अतः कृ-कमि-कंस-कुम्भ-कुशा-कर्णी-पात्रेऽनव्ययस्य ૨/૩/૫

અ.અ.સૂ. : **अतः अनव्ययस्य रः कृ-कमि-कंस-कुम्भ-कुशा-कर्णी-पात्रे (कखपफि) सः, समासैक्ये।**

અર્થ : અકારથી પર અવ્યય સિવાયનાં રનો કૃ, કમ્ ધાતુ તેમજ, કંસ, કુમ્ભ, કુશા, કર્ણી અને પાત્રમાં રહેલાં ક્, ખ્, પ્, ફ્ પર છતાં સ્ થાય છે. જો તે બન્ને (સ્થાની અને નિમિત્ત) એક જ સમાસમાં હોય તો.

સ. : (૧) **कृ-कमि-कंस-कुम्भ-कुशा-कर्णी-पात्रे**→कृ च कमिश्च कंसश्च कुम्भश्च कुशा च कर्णी च पात्रं च इति कृकमिकंसकुम्भकुशाकर्णीपात्रम्, तस्मिन्निति।

(૨) **अनव्ययस्य**→न अव्ययमिति अनव्ययम्, तस्येति।

ઉદા. (૧) **अयस्कृत्**→લુહાર. (डुकृंग् करणे-८८८)
क्विप् ५.१.१४८थी क्विप्→अयस्, कृ+**०**
ङस्युक्तं०३.१.४९थी સમાસ→अयस्+कृ+०
ह्रस्वस्य०४.४.११६थी त् આગમ→अयस्+कृ**त्**
सो रुः २.१.७२थी स्नो रु→अय**र्**+कृत्
આ સૂત્રથી र्नो स्→अयस्कृत्।

(૨) **यशस्कामः**→યશને ઈચ્છનાર.
यशः कामयते इति (कमूङ् कान्तौ-७८९)
कर्मणोऽण् ५.१.७२थी अण्→यशस्, कम्+**अ**
ञ्णिति ४.३.५०थी अनी वृद्धि→यशस्, **का**म
ङस्युक्तं०३.१.४९थी સમાસ→यशस्+काम

(૩) **पयस्कंसः**→દૂધથી ભરેલું કાંસાનું પાત્ર. पयसः कंस इति।
षष्ठ्यया०३.१.७६थी સમાસ→पयस्+कंस

(૪) **अयस्कुम्भः**→લોખંડનો ઘડો. अयसः कुम्भ इति।
षष्ठ्यया०३.१.७६थी સમાસ→अयस्+कुम्भ

(૫) **अयस्कुशा**→લોખંડની પ્રધાનતાવાળી દોરી.
अयः प्रधानं यस्याः सा इति अयःप्रधाना, सा चासौ कुशा च इति।
मयूरव्यंसके०३.१.११६थी સમાસ→अयस्+कुशा

(૬) **अयस्कर्णी**→લોખંડ જેવા (મજબૂત) કાનવાળી.
अयः इव कर्णौ यस्याः सा इति।
उष्ट्रमुखादयः ३.१.२३थी સમાસ→अयस्+कर्णी

(૭) **अयस्पात्रम्**→લોખંડનું પાત્ર. अयसः पात्रमिति।
षष्ठ्यया०३.१.७६थी સમાસ→अयस्+पात्र

★ આ પાંચ ઉદા.માં સો રુः ૨.૧.૭૨ વગેરેથી થતાં રુ વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણી લેવા.

પ્ર.ઉદા. (૧) **अत इति किम् ? वाःपात्रम्**→પાણીનું પાત્ર. वारः पात्रमिति।

षष्ठ्यत्ला०૩.૧.૭૬થી સમાસ→**वार्**+पात्र

रः पदान्ते०૧.૩.૫૩થી વિસર્ગ→वाःपात्र

પ્રથમા સિ વગેરે→**वाःपात्रम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકારથી પર ર્ હોય તેવા શબ્દથી જ થાય છે. જ્યારે અહીં આથી પર ર્ છે. માટે આ સૂત્રથી ર્નો સ્ થયો નહીં.

(૨) **अनव्ययस्येति किम् ? स्वःकारः**→સ્વર્ગને (પ્રાપ્ત) કરનાર. स्वःकरोतीति (डुकृंग् करणे-૮૮૮)

कर्मणोऽण् ૫.૧.૭૨થી અણ્→स्वर्, कृ+**अ**

नामिनोऽक०૪.૩.૫૧થી વૃદ્ધિ→स्वर्, **कार्**+अ

ङस्युक्तं०૩.૧.૪૯થી સમાસ→स्वर्+कार

रः पदान्ते०૧.૩.૫૩થી ર્નો વિસર્ગ→स्वःकार

પ્રથમા સિ વગેરે→स्वःकारः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અનવ્યય શબ્દથી જ થાય છે. જ્યારે અહીં स्वर् અવ્યય છે. માટે આ સૂત્રથી ર્નો સ્ થયો નહીં.

(૩) **समासैक्य इत्येव→उपपयःकारः**→પાણીની સમીપ (વસ્તુ)ને કરનાર.

पयसः समीपमिति उपपयः, उपपयः करोतीति।

વિભક્તિ-સમીપ०૩.૧.૩૯થી સમાસ→उप+पयस्

★ આ ઉદા.માં कर्मणो०૫.૧.૭૨ વગેરેથી અણ્ વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નિમિત્ત અને નિમિત્તી એક જ સમાસમાં હોય તો થાય છે. જ્યારે અહીં પયસ્ (નિમિત્તી) અને કૃ (નિમિત્ત) બન્ને જુદાં-જુદાં સમાસમાં છે માટે આ સૂત્રથી ર્નો સ્ ન થતાં રः પદાન્તે૦૧.૩.૫૩થી વિસર્ગ થયેલ છે.

વિશેષતા :

(૧) સૂત્રમાં ગ્રહણ કરાએલ કૃ, કમિ ધાતુઓ છે. તેનો કોઈપણ નામની સાથે સમાસ થતો નથી. તેથી પ્રત્યયાન્ત એવા જ કૃ-કમિનું ગ્રહણ કરવું. તથા, गतिकारकस्य नहि૦૩.૨.૮૫ સૂત્રમાં ધાતુનાં ગ્રહણની સાથે क्विप् પ્રત્યયનું પણ ગ્રહણ કર્યું છે. જેના દ્વારા અન્ય પ્રત્યયાન્ત પ્રયોગનું તે સૂત્રમાં વર્જન કરવામાં આવ્યું છે. તેથી ધાતુનાં ગ્રહણ દ્વારા ધાતુમાત્ર ગ્રહણ થતો નથી. પણ કોઈપણ પ્રત્યયાન્ત ધાતુનું ગ્રહણ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् ૧/૧૬** ન્યાયાનુસારે સૂત્રગત 'कुम्भ' અને 'पात्र' પદથી कुम्भी અને पात्रीનું પણ ગ્રહણ થશે. પરંતુ 'कुशा' અને कर्णी પદથી કુશ અને કર્ણનું ગ્રહણ થશે નહીં. કારણ કે નામનાં ગ્રહણથી લિંગવિશિષ્ટનું ગ્રહણ થાય. પણ લિંગવિશિષ્ટનાં ગ્રહણથી નામનું ગ્રહણ ન થાય. જો તેમ ન કરીએ તો સૂત્રમાં ગ્રહણ કરેલ કુશા વગેરે લિંગવિશિષ્ટ પદ વ્યર્થ જાય यद्यपि शुनस्कर्णः ઇત્યાદિ પ્રયોગો દૃશ્યમાન છે. પરંતુ તે कस्कादि ગણ અંતર્ગત હોવાથી भ्रातुष्पुत्र-कस्कादयः ૨.૩.૧૪થી સૂત્રથી સિદ્ધ થાય છે.

(૩) અહીં 'अयस्कुशा' એ પ્રમાણે अयस्નાં વિકારની વિવક્ષા ન હોવાથી भाज-गोण૦૨.૪.૩૦ સૂત્ર દ્વારા ङીનો નિષેધ થતાં आत् ૨.૪.૧૮થી आप् થયેલ છે. પણ જો ષષ્ઠી તત્પુરુષ સમાસ

કરવામાં આવે તો ङी પ્રત્યય થતાં अयस्कुशा પ્રયોગની પ્રાપ્તિ થાય નહીં.

(૪) સૂત્રમાં 'कमि' પદમાં ઇકાર ઉચ્ચારણ માટે દર્શાવેલ છે. પણ णिङन्त कम् ધાતુનું ગ્રહણ કરવા માટે નહીં. તેથી, णिङन्त कम् ધાતુનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં અહીં ધ્યાનમાં લેવું કે, णिङ् પ્રત્યય સ્વાર્થિક હોવા છતાં પણ शव् પ્રત્યય સિવાયનાં વિષયમાં अशवि०૩.૪.૩ સૂત્ર દ્વારા વિકલ્પે નિષિદ્ધ છે. અને शव् પ્રત્યયાન્ત कम् ધાતુથી નિત્ય થાય છે. તેથી આ સૂત્રનાં ઉદા.ભૂત णिङ् પ્રત્યયાન્ત વિનાનાં પણ यशस्कामः વગેરે પ્રયોગમાં यशः कामयते એ પ્રમાણે વિગ્રહ વાક્ય અંતર્ગત शव् પ્રત્યયાન્ત રૂપ હોવાથી નિત્ય णिङ् પ્રત્યયાન્ત પ્રયોગ જ જાણવો.

જિ. : कम् ધાતુને ઉણાદિ-૫૬૪ લાગીને જ कंस બનેલ છે. અને જો પ્રત્યયાન્ત જ कृ-कमिનું સૂત્રમાં ગ્રહણ છે. તો પૃથક્ कंसનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : **उणादयोऽव्युत्पन्नानि नामानि** ૨/૪૬ ન્યાયાનુસારે ઉણાદિથી સિદ્ધ कंस અવ્યુત્પન્ન નામ જણાય છે. તેથી कंसનાં ગ્રહણથી તેનું ગ્રહણ થતું નથી.

प्रत्यये ૨/૩/૬

અ.અ.સૂ. : **अनव्ययस्य रः प्रत्यये कखपफि सः।**

અર્થ : અવ્યય સિવાયનાં रनો પ્રત્યય સંબંધી क्, ख्, प्, फ् પર છતાં स् થાય છે.

ઉદા. (૧) **पयस्पाशम्**→ખરાબ દૂધ. निन्द्यं पयरिति।
निन्द्ये०૭.૩.૪થી पाशप्→पयस्+सि+**पाश**

- ऐकार्थ्ये ૩.૨.૮થી વિભક્તિનો લોપ→पयस्+ पाश
  नाम सिदय्०૧.૧.૨૧થી पयस्ने **पदसंज्ञा** થવાથી,
  सो रुः ૨.૧.૭૨થી स्नो रु→पयर्+पाश
  આ સૂત્રથી र्नो स्→पयस्पाश
  પ્રથમા સિ વગેરે→पयस्पाश**म्**।

(૨) **पयस्कल्पम्**→કંઈક દૂધ. अपरिसमाप्तं पयरिति।
अतमबादे०૭.૩.૧૧થી कल्पप्→पयस्+**कल्प**

(૩) **पयस्कम्**→ખરાબ દૂધ. कुत्सितं पयरिति।
कुत्सिताऽल्प०૭.૩.૩૩થી कप्→पयस्+**क**

★ આ બંને ઉદા.માં પદસંજ્ઞા વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. **अनव्ययस्येत्येव→स्वःपाशम्**→નિન્દિત સ્વર્ગ. निन्द्यं स्वरिति।
निन्द्ये०૭.૩.૪થી पाशप्→स्वर्+**पाश**
स्वरादयोऽ०૧.૧.૩૧થી स्वर्ने **अव्ययसंज्ञा** થવાથી,
रः पदान्ते०૧.૩.૫૩થી र्नो વિસર્ગ→स्वःपाश
પ્રથમા સિ વગેરે→स्वःपाश**म्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અવ્યય ન હોય તેવી પ્રકૃતિનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં स्वर् અવ્યયસંજ્ઞક હોવાથી આ સૂત્રથી र्नो स् થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, काम्य પ્રત્યય પર છતાં रोः काम्ये ૨.૩.૭ સૂત્ર દ્વારા વિશેષ વિધાન હોવાથી તથા, અન્ય પ્રત્યયનો સંભવ ન હોવાથી આ સૂત્ર માત્ર पाशप्, कल्पप् અને कप् પ્રત્યયનાં વિષયમાં જ પ્રવૃત્ત થશે.

(૨) સૂત્રમાં 'प्रत्यये'નાં ગ્રહણથી 'समासैक्ये'ની અનુવૃત્તિ અટકી ગઈ. કારણ કે નામનો નામની સાથે જ સમાસ થાય છે. પ્રત્યય સાથે નહીં.

रोः काम्ये २/३/७

અ.અ.સૂ. : अनव्ययस्य रोः रः काम्ये(प्रत्यये) सः।

અર્થ : અવ્યય સિવાયનાં રુ સંબંધી ર્નો જ કામ્ય પ્રત્યય પર છતાં સ્ થાય છે.

ઉદા. पयस्काम्यति→દૂધને ઈચ્છે છે. पयरिच्छतीति।

द्वितीयायाः०३.४.२१થી काम्य→पयस्+अम्+**काम्य**

- ऐकार्थ्ये ३.२.८થી વિભક્તિનો લોપ→पयस्+ काम्य
  नाम सिदय्०१.१.२१થી पयस्ને **पदसंज्ञा** થવાથી,
  सो रुः २.१.७२થી સ્નો રુ→पयर्+काम्य
  આ સૂત્રથી રુનો સ્→पयस्काम्य
- वर्त्तमाना०३.३.६થી तिव्→पयस्काम्य+**ति**
- कर्त्तर्यनद्०३.४.७१થી शव्→पयस्काम्य+**अ**+ति
- लुगस्यादे०२.१.११३થી અનો લોપ→पयस्काम्यति।

પ્ર.ઉદા. रोरिति किम् ? अहःकाम्यति→દિવસને ઈચ્છે છે. अहरिच्छतीति।

द्वितीयायाः०३.४.२१થી काम्य→अहन्+अम्+**काम्य**
ऐकार्थ्ये ३.२.८થી अन्तवर्त्ति विभक्तिनो लोप→अहन्+काम्य
रो लुप्यरि २.१.७५થી ન્નો ર્→अहर्+काम्य
रः पदान्ते०१.३.५३થી ર્નો વિસર્ગ→अहःकाम्य
तिव् વગેરે→अहःकाम्यति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ રુ સંબંધી ર્માં જ થાય છે. જ્યારે અહીં ન્નો ર્ થયો છે. માટે આ સૂત્રથી ર્નો સ્ થયો નહીં.

વિશેષતા :

જિ. : काम्य પ્રત્યય હોવાથી પ્રત્યયે ૨.૩.૬થી જ પ્રયોગ સિદ્ધ હતો તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, काम्य પ્રત્યય પર છતાં સો રુ: ૨.૧.૭૨થી થયેલાં રુનાં જ ર્નો સ્ થાય. અન્યનો નહીં.

જિ. : આ સૂત્રમાં **सिद्धे सत्यारम्भो० ૧/૨૫** ન્યાયાનુસારે તો એવો નિયમ પણ થઈ શકે છે કે, 'માત્ર काम्य પ્રત્યય પર છતાં જ રુનો સ્ થાય. અન્ય પ્રત્યય પર છતાં નહીં.' તો એવો નિયમ શા માટે ગ્રહણ કર્યો નહીં ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ આગામી वर्चस्कादि० ૩.૨.૪૮ સૂત્રમાં काम्य સિવાયનાં પ્રત્યય પર છતાં પણ રુનાં સ્નો નિર્દેશ કર્યો હોવાથી એવો વિપરીત નિયમ ગ્રહણ નહીં થાય.

★ **ર્નાં ષ્નું વિધાન : ૨.૩.૮ થી ૨.૩.૧૪**

नामिनस्तयोः षः ૨/૩/૮

અ.અ.સૂ. : तयोः अष्क नव्ययस्य नामिनः रः षः।

અર્થ : પ્રત્યય સંબંધી क्, ख्, प्, फ् પર છતાં અવ્યય સિવાયનાં નામી સ્વરની પછી રહેલાં ર્નો અને काम्य પ્રત્યય પર

છતાં નામી સ્વરની પછી રહેલાં રુ સંબંધી જ ર્નો ષ્ થાય છે.

ઉદા. (૧) **सर्पिष्पाशम्**→ખરાબ ઘી. निन्द्यं सर्पिरिति।
निन्द्ये०૭.૩.૪થી पाशप्→सर्पिस्+**पाश**
सो रुः ૨.૧.૭૨થી સ્નો રુ→सर्पिर्+पाश
આ સૂત્રથી રુનો ષ્→सर्पिष्पाश
પ્રથમા સિ વગેરે→**सर्पिष्पाशम्**।

(૨) **धनुष्कल्पम्**→ધનુષ્ય જેવું. अपरिसमाप्तं धनुरिति।
अतमबादे०૭.૩.૬થી कल्पप्→धनुस्+**कल्प**

(૩) **धानुष्कः**→ધનુર્ધારી. धनुः प्रहरणं यस्य स इति।
प्रहरणम् ૬.૪.૬૨થી इकण्→धनुस्+**इक**
वृद्धिः स्वरेष्वादे०૭.૪.૧થી વૃદ્ધિ→**धा**नुस्+इक
ऋवर्णोवर्ण०૭.૪.૭૧થી ઇનો લોપ→धानुस्+क

★ આ બંને ઉદા.માં सो रुः ૨.૧.૭૨ વગેરેથી રુ વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

(૪) **सर्पिष्काम्यति**→તે ઘીને ઈચ્છે છે. सर्पिरिच्छतीति।

★ આ ઉદા.ની સાધનિકા ૨.૩.૭ નિર્દિષ્ટ पयस्काम्यति પ્રમાણે જાણવી. પરંતુ રુનો આ સૂત્રથી ષ્ કરવો.

પ્ર.ઉદા. (૧) **नामिन इति किम् ? अयस्कल्पम्**→લોખંડ જેવું. अपरिसमाप्तमयरिति । આ ઉદા.ની સાધનિકા ૨.૩.૬માં નિર્દિષ્ટ पयस्कल्पम् પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નામી સ્વરથી પર રહેલાં જ ર્નાં વિષયમાં થાય છે. જ્યારે અહીં અથી પર ર્ હોવાથી આ સૂત્રથી ર્નો ષ્ ન થતાં પ્રત્યયે ૨.૩.૬થી સ્ થયેલ છે.

(૨) **रोः काम्य इत्येव→गी≍काम्यति**→વાણીને ઈચ્છે છે.
गिरमिच्छतीति।
द्वितीयायाः०૩.૪.૨૧થી काम्य→गिर्+**काम्य**
पदान्ते ૨.૧.૬૪થી દીર્ઘ→**गीर्**+काम्य
रः कख०૧.૩.૫થી र्નો ≍→गी≍काम्य
तिव् વગેરે→गी≍काम्यति।

★ આ સૂત્રથી काम्य પ્રત્યય પર છતાં रુનાં र्નો જ ष् થાય છે. જ્યારે અહીં सो रुः ૨.૧.૭૨થી થયેલ रु સંબંધી र् નથી માટે આ સૂત્રથી र्નો ष् થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પ્રત્યયે ૨.૩.૬ સૂત્રથી 'પ્રત્યય સંબંધી क्, ख्, प्, फ् પર છતાં' એમ અનુવૃત્તિ આવી રહી છે. તેથી पाशप्, कल्पप्, कप् વગેરે પ્રત્યયો ઉદા.માં દર્શાવ્યાં છે. પણ તેનાં ઉપલક્ષણથી इकण् પ્રત્યય પણ ગ્રહણ કરવો. અથવા सर्पिस्+इकण् વગેરે સ્થાને इकण् પ્રત્યયનાં इનો લોપ થતાં પ્રત્યય સંબંધી क પરમાં આવતાં આ સૂત્રની પ્રવૃત્તિ જાણવી. તેથી धानुष्कः વગેરે પ્રયોગો પણ ઉદા. માં દર્શાવ્યાં છે.

(૨) ઉપરોક્ત બે સૂત્રથી र्નો स् થતો હતો. પરંતુ જો નામી સ્વર પૂર્વમાં હોય તો આ સૂત્રથી ष् કરવો. માટે આ સૂત્ર પ્રત્યયે ૨.૩.૬ અને रोः काम्ये ૨.૩.૭નું અપવાદ સૂત્ર છે.

निर्दुर्बहिराविष्प्रादुश्चतुराम् ૨/૩/૯

અ.અ.સૂ. : निर्दुर्बहिराविष्प्रादुश्चतुरां रः कखपफि षः।

અર્થ : નિર્, દુર્, બહિસ્, આવિસ્, પ્રાદુસ્ અને ચતુર્નાં र્નો क्, ख्, प्, फ् પર છતાં ष् થાય છે.

સ. : **निर्दुर्बहिराविष्प्रादुश्चतुराम्**→निश्च दुश्च बहिश्च आविश्च प्रादुश्च चतुश्च इति निर्दुर्बहिराविष्प्रादुश्चत्वारः, तेषामिति।

ઉદા. (૧) **निष्कृतम्**→શુદ્ધ કરેલું. निःक्रियते स्मेति।
(डुकृंग् करणे-८८८)
गतिक्वन्य०૩.૧.૪૨થી સમાસ→निर्+कृत
આ સૂત્રથી र्નો ष्→निष्कृत
પ્રથમા સિ વગેરે→निष्कृतम्।

(૨) **दुष्कृतम्**→ખરાબ કરેલું. दुःक्रियते स्मेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **बहिष्पीतम्**→બહાર પીળું. बहिः पीतमिति।
विशेषणं-विशेष्ये०૩.૧.૯૬થી સમાસ→बहिस्+पीत
सो रुः ૨.૧.૭૨થી स्નો रु→बहिर्+पीत
આ સૂત્રથી र्નો ष्→बहिष्पीत
પ્રથમા સિ વગેરે→बहिष्पीतम्।

(૪) **आविष्कृतम्**→પ્રગટ કરેલું. आविः क्रियते स्मेति।

(૫) **प्रादुष्कृतम्**→પ્રગટ કરેલું. प्रादुः क्रियते स्मेति।
આ બંને ઉદા.ની સાધનિકા निष्कृतम् પ્રમાણે જાણવી.
પરંતુ અહીં सो रुः ૨.૧.૭૨થી स्નો रु કરવો.

(૬) **चतुष्पात्रम्**→ચાર પાત્રોનો સમૂહ.
चतुर्णां पात्राणां समाहार इति।
सङ्ख्या समाहारे०૩.૧.૯૯થી સમાસ→चतुर्+पात्र
આ સૂત્રથી र्નો ष्→चतुष्पात्र
પ્રથમા સિ વગેરે→चतुष्पात्रम्।

વિશેષતા :

(૧) સૂત્રમાં બ.વ.નો નિર્દેશ 'निर्'થી निर् અને निस् તેમજ, 'दुर्'થી दुर् અને दुस्નાં ગ્રહણ માટે છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં निस्, दुस्નું જ ગ્રહણ હોવા છતાં પણ **एकदेशविकृतमनन्यवत्** ૧/૭ ન્યાયાનુસારે निꣳष्कुलम्, दुꣳष्कुलम्, नैष्कुल्यम्, दौष्कुल्यम् વગેરે પ્રયોગોમાં પણ આ સૂત્રથી ष् થયેલ છે.

सुचो वा २/३/१०

અ.અ.સૂ. : सुचः रः कखपफि षः वा।

અર્થ : सुच् પ્રત્યયાન્તમાં રહેલ र् નો क्, ख्, प्, फ् પર છતાં ष् વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **द्विष्करोति/द्वि✕करोति**→બે વાર કરે છે.
द्वौ वारावस्य અર્થમાં द्वि-त्रि०७.२.११०થી सुच्→द्वि+**स्**
પ્રથમા सि વગેરે→द्विस्
હવે, द्विस्+करोति સ્થાને,
सो रुः २.१.७२થી स्નો रु→द्विर्+करोति
આ સૂત્રથી વિકલ્પે र्નો ष्→द्विष्करोति।
વિકલ્પે : ष् ન થાય ત્યારે, द्विर्+करोति
रः कख०१.३.५થી र्નો ✕→द्वि✕करोति।

(૨) **चतुष्फलति/चतु)(फलति**→ચાર વાર ફળે છે.
चत्वारो वारा अस्य અર્થમાં,
द्वि-त्रि०७.२.११०થી सुच्→चतुर्+**स्**
रात्सः २.१.९०થી स्નો લોપ→चतुर्

प्रथमा सि वगेरे→चतुर्
हवे, चतुर्+फलति स्थाने स्नो रु वगेरे कार्यो पूर्व प्रमाणे जाणवा परंतु अहीं रः कख०१.३.५थी)(थाय छे.

विशेषता :

जि. : 'चतुर्+सुच्+फलति आदि स्थाने रात्सः २.१.९०थी स्नो लोप थतां चतुर्+फलति એ प्रमाणे सुच् प्रत्यय विनानो चतुर् प्राप्त थाय छे. अने त्यां पूर्वसूत्रथी नित्य ष्नी प्राप्ति हती तो पण आ सूत्रनी ज प्रवृत्ति केम करी ?

समा. : वस्तुतः रात्सः २.१.९० असत्विधि अंतर्गत छे. तेथी परविधि रूप आ सूत्रनां कार्यमां रात्सः २.१.९०थी थयेल स् लोपनुं कार्य असत् मनाय छे. माटे चतुर्+फलति स्थाने 'चतुर्' सुच् प्रत्ययान्त ज मनातां आ सूत्र द्वारा विकल्पे र्नो ष् थाय छे. पण पूर्वसूत्रथी नित्य थतो नथी.

वेसुसोऽपेक्षायाम् २/३/११

अ.अ.सू. : इसुसः रः कखपफि षः वा, अपेक्षायाम्।

अर्थ : इस् अने उस् प्रत्ययान्त र्नो क्, ख्, प्, फ् पर छतां ष् विकल्पे थाय छे. जो स्थानी अने निमित्त वच्चे अपेक्षा जणाती होय तो.

स. : इसुसः→इस् च उस् च इति इसुस्, तस्येति।

उदा. (१) सर्पिष्करोति/सर्पिःकरोति→ते घीने करे छे.
अहीं उणादि-९८९थी इस् लागीने सर्पिस् बनेल छे. अने सर्पिस्नो स् (स्थानी) अने करोतिनो क् (निमित्त) वच्चे परस्पर अपेक्षा छे. तेथी,

सर्पिस् करोति स्थाने,
सो रुः २.१.७२थी स्नो रु→सर्पिर् करोति
आ सूत्रथी रूनो विकल्पे ष्→सर्पिष्करोति
विकल्पे : ष् न थाय त्यारे, सर्पिर् करोति
रः कख०१.३.५थी रूनो ≍→सर्पि≍करोति।

(२) **धनुष्खादति/धनु≍खादति**→धनुष्यने खाय छे.
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु धनुस् उणादि-९९७थी थयेल उस् प्रत्ययथी निष्पन्न जाणवो.

विशेषता :

(१) अहीं **प्रत्ययः प्रकृत्यादेः** ७.४.११५ परिभाषानुसारे 'इसुसः' पदथी इस्-उस् प्रत्ययान्त शब्दोनुं ज ग्रहण करवुं

(२) अहीं ध्यानमां लेवुं के, **प्रत्यया-ऽप्रत्ययय्योः प्रत्ययस्यैव २/२** न्यायानुसारे सूत्रगत 'इसुसः' पदथी इस्-उस् प्रत्ययनुं ज ग्रहण थशे. तथा **अर्थवद्ग्रहणे नाऽनर्थकस्य १/१४** न्यायानुसारे अनर्थक इस्-उस् अन्तवाळां कोईपण अव्यय के विभक्त्यन्त शब्दनुं ग्रहण थशे नहीं. तेथी मुहुः पठति, मुनिः करोति वगेरे स्थाने आ सूत्रनी प्रवृत्ति नहीं थाय.

(३) केटलांक अन्य व्याकरणकारो त्यादि संबंधी उस्नां स्नो पण ष् ईच्छे छे. तेथी तेओनां मते चक्रुष्कुलानि जेवा प्रयोगो पण थाय छे.

जि. : चक्रुः कुलानि वगेरे स्थाने उस् प्रत्ययान्त चक्रुः छे. तो पण आ सूत्रनी प्रवृत्ति शा माटे न थई ?

सभा. : इस् प्रत्यय उणादिनो ज होवाथी तेनां साहचर्यथी **साहचर्यात् सदृशस्यैव २/६** न्यायानुसारे उस् प्रत्यय पण

ઉણાદિનો જ ગ્રહણ થાય છે. તેથી પરોક્ષાનાં उस् પ્રત્યયાન્ત चक्रुः कुलानि સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ નહીં થાય.

नैकार्थेऽक्रिये २/३/१२

અ.અ.સૂ. : अक्रिये एकार्थे कखपफि इसुसः रः षः न।

અર્થ : જે પદની પ્રવૃત્તિમાં ક્રિયા નિમિત્ત નથી એવા સમાનાધિકરણવાળાં પદમાં રહેલાં क्, ख्, प्, फ् પર છતાં इस्-उस् પ્રત્યયાન્તનાં र्નો ष् થતો નથી.

સ. : (૧) **एकार्थे**→एकोऽर्थो यस्य तदिति एकार्थम्, तस्मिन्निति।

(૨) **अक्रिये**→न विद्यते क्रिया यस्य स इति अक्रियः, तस्मिन्निति।

ઉદા. (૧) **सर्पि≍कालकम्**→કાળું (કાળા રંગથી રંગેલું) ઘી.
अनतो०१.४.५९થી सर्पिस्+सिમાં सिનો લોપ,
હવે, सर्पिस्+कालक સ્થાને,
सो रुः २.१.७२થી स्નો रु→**सर्पिर्**+कालक
वेसुसोऽ०२.३.११થી પ્રાપ્ત ष्નો આ સૂત્રથી **નિષેધ.**
તેથી, रः क-ख०१.३.५૧થી र्નો ≍→सर्पि≍कालक
પ્રથમા સિ વગેરે→सर्पि≍काल**कम्**।

★ આ ઉદા.માં सर्पिस्(ઘી) અને कालक(કાળું) બંને પદ દ્વારા ઘી વાચ્ય બને છે. તેથી વાચ્યતા સંબંધથી બંને ઘીમાં રહેલાં છે. આમ, અહીં સમાનાધિકરણ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થઈ છે.

(૨) **यजु)(पीतकम्**→પીળી (પીળા રંગથી રંગેલી) યજ્ઞ સંબંધી વસ્તુ.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પરંતુ રः कख०१.३.५थी र्नो)(કરવો.

પ્ર.ઉદા. (૧) **एकार्थं इति किम् ? सर्पिष्कुम्भे/सर्पिःकुम्भे→** ઘડામાં ઘી.

सर्पिस्+सि+कुम्भे સ્થાને,

अनतो०१.४.५८थी सिનો લોપ→सर्पिस्+कुम्भे

सो रुः २.१.७२थी स्નો रु→सर्पिर्+कुम्भे

वेसुसोऽ०२.३.११थी रुનો વિકલ્પે ष्→सर्पिष्कुम्भे

વિકલ્પે : र्નો ष् ન થાય ત્યારે, सर्पिर्+कुम्भे

रः कख०१.३.५थी र्નો ः→सर्पिःकुम्भे

★ આ સૂત્રની પ્રવૃત્તિ એકાર્થ=સમાનાધિકરણવાળાં પદનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં सर्पिस् અને कुम्भ બંને ભિન્ન-ભિન્ન દ્રવ્યનાં વાચ્ય હોવાથી એકાર્થ નથી માટે આ સૂત્રથી र्નાં ष्નો નિષેધ થયો નહીં.

(૨) **अक्रिय इति किम् ? सर्पिष्क्रियते/सर्पिःक्रियते→** ઘી કરાય છે.

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્રિયા નિમિત્ત ન હોય તેવા જ પદનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં (डुकृंग् करणे-८८८) ધાતુથી નિષ્પન્ન क्रियते પદ ક્રિયા પ્રવૃત્તિ નિમિત્તક છે. માટે આ સૂત્રથી र्નાં ष्નો નિષેધ થયો નહીં.

વિશેષતા :

વેસુસોऽપ०२.३.११ સૂત્ર ક્રિયાનાં વિષયમાં અને અસમાનાધિકરણ જણાતું હોય ત્યારે, ગુણાદિનાં વિષયમાં પ્રવર્ત્તે

છે. તથા આ સૂત્ર સમાનાધિકરણ જણાતું હોય ત્યારે જ ગુણાદિનાં વિષયમાં પ્રવર્ત્તે છે.

समासेऽसमस्तस्य २/३/१३

અ.અ.સૂ. : असमस्तस्य इसुसः रः कखपफि षः, समासे।

અર્થ : પૂર્વે કોઈની સાથે સમાસ નહીં પામેલાં इस् અને उस् પ્રત્યયાન્ત નામોનાં र्નો क्, ख, प्, फ् પર છતાં ष् થાય છે. જો સ્થાની અને નિમિત્ત એક સમાસમાં હોય તો.

સ. : असमस्तस्य→समस्यते स्मेति समस्तम्, न समस्तमिति असमस्तम्, तस्येति।

ઉદા. (૧) **सर्पिष्कुम्भः**→ઘીનો ઘડો. सर्पिषः कुम्भ इति।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી સમાસ→सर्पिस्+कुम्भ
सो रुः २.१.७२થી स्નો रु→सर्पिर्+कुम्भ
આ સૂત્રથી रुનો ष्→सर्पिष्कुम्भ
પ્રથમા सि વગેરે→सर्पिष्कुम्भः।

(૨) **धनुष्फलम्**→ધનુષ્યનું ફળ. धनुषः फलमिति।

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) समास इति किम् ? तिष्ठतु सर्पिः, पिब त्वमुदकम्→ ઘી રહે, તું પાણી પી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ र् (સ્થાની) અને क् વગેરે (નિમિત્ત) સમાસમાં હોય તો જ થાય છે. જ્યારે અહીં સમાસ નથી માટે આ સૂત્રથી र्નો ष् ન થતાં रः पदान्ते०१.૩.૫૩થી વિસર્ગ થયેલ છે.

(૨) **असमस्तस्येति किम् ? परमसर्पिःकुण्डम्**→શ્રેષ્ઠ ઘીનો ઘડો.

परमं च तद् सर्पिश्च इति परमसर्पिः, परमसर्पिषः कुण्डमिति।

विशेषणं०૩.૧.૯૬થી परम+सर्पिस्નો तथा,

षष्ठ्यत्ला०૩.૧.૭૬થી परमसर्पिस्+कुण्डનો સમાસ→ परमसर्पिस्+कुण्ड

सो रुः ૨.૧.૭૨થી स्નો रु→परमसर्पिर्+कुण्ड

रः पदान्ते०૧.૩.૫૩થી रुનો વિસર્ગ→परमसर्पिःकुण्ड

પ્રથમા सि વગેરે→परमसर्पिःकुण्डम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પૂર્વે સમાસ નહીં પામેલાં જ इस्-उस् પ્રત્યયાન્ત નામને વિશે થાય છે. જ્યારે અહીં सर्पिस्નો સૌ પ્રથમ परम સાથે સમાસ થયેલ છે. માટે આ સૂત્રથી र्નો ष् થયો નહીં.

વિશેષતા :

અહીં परमसर्पिष्कुण्डम् એવો જે પ્રયોગ પ્રાપ્ત થાય છે. તેમાં પહેલાં सर्पिषः कुण्डमिति सर्पिष्कुण्डम् અને ત્યારબાદ परमं च तद् सर्पिष्कुण्डं च इति આવો સમાસ થાય છે. તેનો અર્થ 'શ્રેષ્ઠ એવો ઘીનો ઘડો' આ પ્રમાણે થશે. આમ, परमसर्पिष्कुण्डम् પ્રયોગમાં परम પદ તે सर्पिष्कुण्डम्નું વિશેષણ બને છે.

भ्रातुष्पुत्र-कस्कादयः ૨/૩/૧૪

અ.અ.સૂ. : भ्रातुष्पुत्र-कस्कादयः कखपफि (निपात्यन्ते)।

અર્થ : भ्रातुष्पुत्र અને कस्क વગેરેમાં क्, ख्, प्, फ् પર છતાં र्નો અનુક્રમે ष् અને स् નિપાતન થાય છે.

स. : **भ्रातुष्पुत्र-कस्कादयः**→भ्रातुष्पुत्रश्च कस्कश्च इति भ्रातुष्पुत्रकस्कौ, भ्रातुष्पुत्रकस्कौ आदी येषां ते इति।

उदा. (१) **भ्रातुष्पुत्रः**→ભાઈનો દીકરો. भ्रातुः पुत्र इति।
षष्ठ्यर्थात्०३.१.७६थी समास→भ्रातृ+ङस्+पुत्र+सि
ऋतां विद्या-योनि०३.२.३७थी ङस् विभक्तिनो अलुप्→
भ्रातुस्+पुत्र
सो रुः २.१.७२थी स्नो रु→भ्रातुर्+पुत्र
आ सूत्रथी र्नो ष् निपातन→भ्रातुष्पुत्र
प्रथमा सि वगेरे→भ्रातुष्पुत्रः।

(२) **परमयजुष्पात्रम्**→શ્રેષ્ઠ યજ્ઞનું પાત્ર.
परमं च तद् यजुश्च इति परमयजुः, परमयजुषः पात्रमिति।
विशेषणं०३.१.९६थी परम+यजुस्नो तथा,
षष्ठ्यर्थात्०३.१.७६थी परमयजुस्+पात्रनो समास.
सो रुः २.१.७२थी स्नो रु→परमयजुर्+पात्र
आ सूत्रथी रुनो ष् निपातन→परमयजुष्पात्र
प्रथमा सि वगेरे→परमयजुष्पात्रम्।

(३) **कस्कः**→કોણ-કોણ ? किम्+सि
किमः कस्त०२.१.४०थी किम्नो क→**कस्**
वीप्सायाम् ७.४.८०थी द्वित्व→कस्+**कस्**
सो रुः २.१.७२थी स्नो रु→**कर्**+कस्
आ सूत्रथी र्नो स् निपातन→**कस्**कस्
प्रथमा सि वगेरे→कस्कः।

(४) **कौतस्कुतः**→ક્યાંથી-ક્યાંથી આવ્યા ? कुतः कुतः आगतमिति।

वीप्सायाम् ७.४.८०थी कुतस्नुं द्वित्व→**कुतस्**+कुतस्
तत आगते ६.३.१४९थी अण्→कुतस्कुतस्+**अ**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**कौ**तस्कुतस्+अ
प्रायोऽव्यय०७.४.६५थी अस्नो लोप→कौतस्कुत
प्रथमा सि वगेरे→कौतस्कुतः।

विशेषता :

(१) **भ्रातुष्पुत्रादि**[1] **गण :** भ्रातुष्पुत्र, सर्पिष्कुण्डिका, बर्हिष्पूल, यजुष्पात्र वगेरे.

(२) **कस्कादि गण :** कस्क, कौतस्कुत, शूनस्कर्ण, सद्यस्काल, सद्यस्क्री, साद्यस्क, भास्कर, अहस्कर, अयस्काण्ड, तमस्काण्ड, अयस्कान्त, अयस्कुण्ड, मेदस्पिण्ड, अयस्पिण्ड वगेरे.

सूत्रमां ब.व. आकृतिगण माटे छे. तेथी, आ सिवायनां पण प्रयोगमां कोईपण सूत्रनी प्रवृत्ति विना र्नो ष् के स् थयेलो जणाय ते प्रयोगोनो पण आ गणमां समावेश थाय छे.

(३) अहीं सुधीनां सूत्रो रः कख०१.३.५नां अपवाद सूत्रो छे.

(४) सर्पिष्कुण्डिका, धनुष्कपालम्, बर्हिष्पूलम्, यजुष्पात्रम् अहीं पूर्वसूत्रथी षत्व सिद्ध ज हतो पण परमसर्पिष्कुण्डिका वगेरे अन्य साथे समास पामेलां प्रयोगमां पण षत्व करवा माटे आ सूत्रमां तेमनुं ग्रहण करेल छे.

अन्य केटलांक व्याकरणकारो अहीं ष् ईच्छतां नथी. तेथी तेमनां मते परमसर्पिःकुण्डिका वगेरे प्रयोगो सिद्ध थाय छे.

---

१. आकृतिगणनां अर्थ माटे सं.सौ.मां जोवुं.

(૫) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते** ૩/૧૫ ન્યાયાનુસારે દ્વન્દ્વ સમાસ ગત भ्रातुष्पुत्र અને कस्क બન્ને સાથે આદિ પદનો અન્વય થાય છે.

★ **स्नां ष्नुं વિધાન : ૨.૩.૧૫ થી ૨.૩.૫૮**

नाम्यन्तस्था-कवर्गात्-पदान्तः कृतस्य सः शिड्नान्तरेऽपि ૨/૩/૧૫

અ.અ.સૂ. : नाम्यन्तस्था-कवर्गात् पदान्तः कृतस्य सः षः, शिड्नान्तरेऽपि।

અર્થ : નામી, અંતસ્થા અને क् વર્ગથી પર રહેલાં, પદની મધ્યમાં રહેલાં તથા નિયમથી કરાએલાં કૃત સ્નો ષ્ થાય છે. જો નિમિત્ત અને નિમિત્તી વચ્ચે શિટ્ વર્ણ તથા ન્નું વ્યવધાન હોય તો પણ.

સ. : (૧) नाम्यन्तस्थाकवर्गात्→नामी च अन्तस्थाश्च कवर्गश्च इति नाम्यन्तस्थाकवर्गः, तस्मादिति।

(૨) **पदान्तः**→पदस्य अन्त इति पदान्तः, तस्मिन्निति (सूत्रत्वात् ङि लोपः।)

(૩) **शिड्नान्तरे**→शिट् च नश्च इति शिड्नौ, ताभ्यामन्तरमिति शिड्नान्तरम्, तस्मिन्निति।

ઉદા. (૧) आशिषा→આશીર્વાદ વડે.
आशासनमिति (शासूक् अनुशिष्टौ-૧૦૯૫)
कृत्-संपदादि०૫.૩.૧૧૪થી क्विप्→आ+शास्+०
क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते ૨/૪૮ ન્યાયાનુસારે,

आङः४.४.१२०थी आस्नो इस्→आ+**शिस्**
तृतीया टा→आशिस्+आ
आ सूत्रथी स्नो ष्→आशि**षा**।

(२) **नदीषु**→नदीओने विशे. नदी+सुप्
आ सूत्रथी नामीथी ५२ स्नो ष्→नदी**षु**।

(३) **वायुषु**→वायुने विशे. वायु+सुप्

(४) **वधूषु**→वहुमां. वधू+सुप्

(५) **पितृषु**→पिताने विशे. पितृ+सुप्
आ त्रण उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

(६) **एषा**→आ (स्त्री). एतद्+सि
आ द्वेरः २.१.४१थी द्नो अ→एत**अ**+स्
लुगस्यादे०२.१.११३थी अनो लोप→एत+स्
तः सौ सः २.१.४२थी त्नो स्→**एस्**+स्
आत् २.४.१८थी आप्→एस्+**आ**+स्
समानानां०१.२.१थी दीर्घ→**एसा**+स्
दीर्घङ्याब्०१.४.४५थी सिनो लोप→एसा
आ सूत्रथी स्नो ष्→**एषा**।

(७) **गोषु**→गायने विशे. गो+सुप्

(८) **नौषु**→नावडीमां. नौ+सुप्
आ बे उदा.नी साधनिका नदीषु प्रमाणे जाणवी.

(९) **सिषेवे**→तेणे सेवा करी. (षेवृङ् सेवने-८१८)
षःसोऽष्ट्यै०२.३.९८थी ष्नो स्→**सेव्** धातु.
परोक्षा०३.३.१२थी ए→सेव्+**ए**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**सेव्**सेव्+ए

व्यञ्जनस्या०४.१.४४थी व्‌नो लोप→सेसेव्+ए
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**सि**सेव्+ए
आ सूत्रथी स्‌नो ष्→सि**षे**वे।

(१०) **गीर्षु**→विविध प्रकारनी वाणीमां. गिर्+सुप्
नाम सिदय्०१.१.२१थी गिर्ने **पदसंज्ञा** थवाथी,
पदान्ते २.१.६४थी दीर्घ→**गीर्**+सु
आ सूत्रथी अंतस्थाथी ५२ स्‌नो ष्→**गीर्षु**।

(११) **हल्षु**→व्यंजनोने विशे. हल्+सुप्
आ सूत्रथी अंतस्थाथी ५२ स्‌नो ष्→**हल्षु**।

(१२) **शक्ष्यति**→ते सहन करशे. (शकींच् मर्षणे-१२८०)
भविष्यन्ती०३.३.१५थी स्यति→शक्+**स्यति**
आ सूत्रथी क्‌थी ५२ स्‌नो ष्→**शक्ष्यति**।

(१३) **क्रुङ्षु**→हंसोमां. क्रुङ्+**सुप्**
आ सूत्रथी ङ्‌थी ५२ स्‌नो ष्→**क्रुङ्षु**।

(१४) **सर्पिष्षु**→अनेक प्रकारनां घीने विशे. सर्पिस्+**सुप्**
आ सूत्रथी नामीथी ५२ स्‌नां व्यवधानमां स्‌नो ष्→
सर्पिस्+**षु**
नाम सिदय्०१.१.२१थी सर्पिस्ने **पदसंज्ञा** थवाथी,
सो रुः २.१.७२थी स्‌नो रु→सर्पि**र्**+षु
श-ष-से०१.३.६थी र्‌नो ष्→**सर्पिष्षु**।

(१५) **यजूंषि**→यज्ञोनां मंत्रो. यजुस्+जस्
नपुंसकस्य०१.४.५५थी शि→यजुस्+**इ**
धुटां प्राक् १.४.६६थी न् आगम→यजुन्स्+इ
शिर्धुट् १.१.२८थी शिने **धुट्संज्ञा** थवाथी.

न्स्महतोः १.४.८६थी दीर्घ→**यजून्स्**+इ
આ સૂત્રથી નામીથી પર ન્નાં વ્યવધાનમાં સ્નો ષ્→ **યજૂન્ષિ**
શિડ્-હે०१.૩.४०થી ન્નો અનુસ્વાર→**યજૂંષિ**।

પ્ર.ઉદા. (૧) **पदान्तरिति किम् ? दधिसेक्**→દહીંને સીંચવાવાળો.
दधि सिञ्चतीति विच् (षिचींत् क्षरणे-૧૩૨૧)
षः सोऽ०२.૩.९८थी ष्नो स्→**सिच्** ધાતુ.
मन्-वन्-क्वनिप्०५.१.१४७थी विच्→सिच्+**०**
ङस्युक्तं०૩.१.४९थी સમાસ→दधि+सिच्+०
लघोरुपा०४.૩.४थी ગુણ→दधि+**से**च्+०
પ્રથમા સિ વગેરે→दधि+सेच्
चजः०२.१.८६थी च्નો क्→दधिसे**क्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પદની મધ્યમાં રહેલાં સ્થી થાય છે. જ્યારે અહીં वृत्यन्तो०१.१.२५ સૂત્રાનુસારે सेक्ને પણ પદસંજ્ઞા થતાં स् પદની આદિમાં આવે છે, મધ્યમાં નહીં માટે આ સૂત્રથી સ્નો ષ્ થયો નહીં.

(૨) **कृतस्येति किम् ? बिसम्**→કમળનો એક કોમળ ભાગ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સૂત્રકૃત સ્થી થાય છે. જ્યારે અહીં સૂત્રકૃત સ્ નથી માટે આ સૂત્રથી સ્નો ષ્ થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાંના 'शिड्नान्तरेऽपि' પદની ટીકામાં 'शिटा नकारेण चाऽन्तरेऽपि' એમ તદ્દન છૂટો પાડીને નિર્દેશ હોવાથી જાણવું કે, 'शिट् અને ન્કાર' બંનેનું ગ્રહણ હોવા છતાં તે બંનેમાંથી એકનું વ્યવધાન હોય તો જ કાર્ય થાય છે. જો બંનેનું વ્યવધાન હોય તો કાર્ય થતું નથી. જેમકે, (णिसुकि चुम्बने-૧૧૨૧) निंस्से।

(૨) तिसृभिःમાં तिसृ આદેશ થતો હોવાથી ત્યાં વિધાન સામર્થ્યથી જ સ્નો ષ્ થતો નથી.

(૩) આ સૂત્ર અધિકાર સૂત્ર છે. તેથી **सुगः स्य-सनि** ૨.૩.૬૨ સૂત્ર (षत्व વિધિ) સુધી તે-તે સૂત્રની આવશ્યકતાનુસારે સૂત્રગત નિમિત્તોનો અધિકાર જાણવો. અહીં તાત્પર્ય એ છે કે, આ સૂત્રગત તમામ નિમિત્તોનો અધિકાર જો આગામી સૂત્રમાં લઈ જવામાં આવે તો આગામી સૂત્રગત કાર્ય આ સૂત્રથી જ સિદ્ધ હોવાનાં કારણે તે-તે સૂત્રો વ્યર્થ જવાની આપત્તિ આવે. તેથી આગામી સૂત્રોમાં પણ સૂત્રકારની વિવક્ષાનુસારે અપેક્ષિત અધિકારનું જ ગ્રહણ કરવું. અને વિવેચનમાં પણ તે-તે અધિકાર જ દર્શાવવામાં આવશે.

જિ. : अन्तरङ्गं बहिरङ्गात् ૧/૪૨ ન્યાયાનુસારે સ્ પર છતાં शिड्हे०૧.૩.૪૦થી પૂર્વે જ ન્નો અનુસ્વાર થાય છે. તેથી ન્નો शिट्માં સમાવેશ થઈ જ જાય છે. તો પણ સૂત્રમાં ન્નું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે. ન્નું પૃથક્ ગ્રહણ એમ સૂચવે છે કે, ન્નાં સ્થાને થયેલાં જ અનુસ્વારનું વ્યવધાન હોય તો સ્નો ષ્ થાય છે. પણ મ્નાં સ્થાને થયેલ અનુસ્વારનું વ્યવધાન હોય તો સ્નો ષ્ થતો નથી. જેમકે, પુંસુ।

समासेऽग्नेः स्तुतः ૨/૩/૧૬

અ.અ.સૂ. : अग्नेः स्तुतः सः समासे षः।

અર્થ : અગ્નિથી પર રહેલાં સ્તુતનાં સ્નો સમાસમાં ષ્ થાય છે.

ઉદા. अग्निष्टुत्→અગ્નિની સ્તુતિ કરનારો.

अग्निं स्तौतीति क्विप् (ष्टुंग्क् स्तुतौ-૧૧૨૪)

षः सोऽष्ट्यै०२.३.९८थी ष्नो स् तथा,

निमित्ताभावे नैमित्तिकस्याऽप्यभावः १/२९ न्यायानुसारे ट्नो त्→**स्तु** धातु.

क्विप् ५.१.१४८थी क्विप्→स्तु+०

ह्रस्वस्य तः०४.४.११३थी त् आगम→स्तुत्

ङस्युक्तं०३.१.४९थी समास→अग्नि+स्तुत्

आ सूत्रथी स्नो ष्→अग्नि+ष्तुत्

तवर्गस्य०१.३.६०थी त्नो ट्→अग्निष्टुत्

विशेषता :

अग्निष्टुत्मां वृत्यन्तोऽ०१.१.२५थी स्नो ष् કરવાનાં પ્રસંગે પદસંજ્ઞા થાય છે. તેથી स् પદની આદિમાં આવે છે. માટે नाम्यन्तस्था०२.३.१५थी स्नां ष्नी પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેવું આગામી २.३.५८ સૂત્ર સુધી જાણવું.

ज्योतिरायुभ्यां स्तोमस्य २/३/१७

અ.અ.સૂ. : ज्योतिरायुभ्यां च(अग्नेः) स्तोमस्य सः समासे षः। (शिड्नान्तरेऽपि)।

અર્થ : જ્યોતિસ્, આયુસ્ અને અગ્નિથી પર રહેલાં સ્તોમનાં સ્નો સમાસમાં ષ્ થાય છે.

સ. : ज्योतिरायुभ्याम्→ज्योतिश्च आयुश्च इति ज्योतिरायुषौ, ताभ्यामिति।

ઉદા. (१) ज्योतिःष्टोमः→જ્યોતિનો સમૂહ. ज्योतिषां स्तोम इति।

षष्ठ्यर्थात्०३.१.७६थी समास→ज्योतिस्+स्तोम

આ સૂત્રથી સ્તોમનાં સ્નો ષ્→ज्योस्+ष्तोम्

तवर्गस्य०१.३.६०थी त्नो ट्→ज्योतिस्+**ष्टोम**

सो रुः २.१.७२थी स्नो रु→ज्योतिर्+ष्टोम
रः पदान्ते०१.३.५३थी रुनो विसर्ग→ज्योतिःष्टोम
प्रथमा सि वगेरे→ज्योतिःष्टोमः।

(२) **आयुःष्टोमः**→આયુષ્યનો સમૂહ. आयुषः स्तोम इति।

(३) **अग्निष्टोमः**→અગ્નિનો સમૂહ. अग्नेः स्तोम इति।

★ આ બંને ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. समास इत्येव→ज्योतिः स्तोमं याति→જ્યોતિ સમૂહ તરફ જાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સમાસમાં જ થાય છે. જ્યારે અહીં ज्योतिस् અને स्तोमનો સમાસ થયો નથી. માટે આ સૂત્રથી સ્નો ષ્ થયો નહીં.

વિશેષતા :

यद्यपि 'ज्योतिरायुर्भ्याम्'નો અધિકાર શરૂ થવાથી 'अग्नेः'નો અધિકાર અટકી જાય છે. પણ **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति** ૨/૬૧ ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલાં ચકાર દ્વારા ચકારની પૂર્વે રહેલ પંચમ્યન્ત પદથી પૂર્વસૂત્રગત સજાતીય પંચમ્યન્ત 'अग्नेः'નો અધિકાર ગ્રહણ થશે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते** ૨/૬૨ ન્યાયાનુસારે अग्नेःનો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

मातृ-पितुः स्वसुः २/३/१८

અ.અ.સૂ. : मातृ-पितुः स्वसुः सः समासे षः।

અર્થ : માતૃ અને પિતૃથી પર રહેલાં સ્વસૃનાં સ્નો સમાસમાં ષ્ થાય છે.

સ. : **मातृ-पितुः**→माता च पिता च इति मातृपितृ, तस्मादिति।

ઉદા. (૧) **मातृष्वसा**→માસી. मातुः स्वसा इति।
षष्ठ्ययत्ना०૩.૧.૭૬થી સમાસ→मातृ+**स्व**सा
આ સૂત્રથી स्નો ष्→मातृ+**ष्व**सा
પ્રથમા सि વગેરે→मातृष्वसा।

(૨) **पितृष्वसा**→ફઈ. पितुः स्वसा इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં मातृ-पितुः સમાસમાં આ દ્વન્દ્વે ૩.૨.૩૯થી માતૃનાં ऋનાં આની પ્રાપ્તિ છે. પરંતુ સૂત્રત્વાત્ આકારનો અભાવ દર્શાવ્યો છે. યદ્યપિ કેટલાંક વ્યાકરણકારો આ દ્વન્દ્વે ૩.૨.૩૯ સૂત્રથી પ્રાપ્ત આકારનાં અભાવનાં કારણે मातृ, पितृ નામને જ સૂત્રમાં સ્થાની તરીકે માને છે. તેથી તેઓનાં મતે मातृष्वसा જેવા ષષ્ઠી તત્પુરુષ સમાસમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. પણ દ્વન્દ્વ સમાસમાં નહીં પરંતુ ગ્રંથકારશ્રીનાં મતે माता च स्वसा च इति माताष्वसारौ એ પ્રમાણે દ્વન્દ્વ સમાસ નિષ્પન્ન પ્રયોગમાં પણ પ્રવૃત્તિ થાય છે.

(૨) અહીં પદની આદિ હોવાની સાથે स्वसृ કૃત સ્કારવાળો ન હોવાથી नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्નાં ष्ની પ્રાપ્તિ ન હતી. તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે.

अलुपि वा ૨/૩/૧૯

અ.અ.સૂ. : मातृ-पितुः स्वसुः सः अलुपि समासे वा षः। (शिड्नान्तरेऽपि)।

અર્થ : માતૃ અને પિતૃથી પર સ્વસૃનાં સ્નો અલુપ્ સમાસમાં વિકલ્પે ષ્ થાય છે.

સ. : **अलुपि**→न विद्यते (स्यादीनां) लुप् यस्मिन् स इति अलुप्, तस्मिन्निति।

ઉદા. (૧) **मातुःष्वसा/मातुःस्वसा**→માસી. मातुः स्वसा इति।
प्रथमा जस् वगेरे→प्रपक्वानि

(३) **दीर्घाह्नी शरत्**→લાંબા દિવસવાળી શરદઋતુ.
આ ઉદા.ની સાધનિકા २.३.७उમાં દર્શાવેલ છે.

★ આ સૂત્રમાં युवन् વગેરે શબ્દ સંબંધી न्नुं વર્જન હોવાથી અહીં આ સૂત્રથી न्नो ण् થયો નહીં.

વિશેષતા :

(१) पुरुषश्च वारि चेति पुरुषवारीणि સ્થાને એકપદને આશ્રયીને र-षृवर्णात्०२.३.६उથી થતો न्नो ण् અંતરંગ કાર્ય છે. અને બે પદને આશ્રયીને આ સૂત્રથી થતો न्नो ण् બહિરંગ કાર્ય છે. **अन्तरङ्गं बहिरङ्गात् १/४२** ન્યાયાનુસારે આ સૂત્રથી न्नो ण् ન થતાં र-षृवर्णात् २.३.६उથી न्नो ण् થયો છે.

(२) **(a)** माषवापिणी વગેરે સ્થાને **गतिकारकडःस्युक्तानां० २/३१** ન્યાયાનુસારે એકપદ થતાં र-षृवर्णान्नो०२.३.६उથી न्नो ण्नी નિત્ય પ્રાપ્તિ હતી, **(b)** व्याघ्रीवत् पामा येषां तानीति व्याघ्रपामाणि આ ઉપપદ સમાસ ન હોવાથી આ સૂત્રથી પ્રાપ્તિ ન હતી તે બન્ને પ્રાપ્ત અને અપ્રાપ્ત પ્રયોગને વિકલ્પે કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

(૩) गर्गभग, मातृभोगीण વગેરે શબ્દમાં भोगोत्तर०७.१.४७थी સમસ્ત (સામાસિક) પદને इन પ્રત્યય થતાં भगिन् ઉત્તરપદનો અન્ત્ય ન્કાર એકપદમાં આવે છે તેથી, र-षृवणान्नो०२.३.६३ સૂત્રથી નિત્ય ण् થાય છે પણ આ સૂત્રથી વિકલ્પે થતો નથી.

कवर्गैकस्वरवति २/३/७६

અ.અ.સૂ. : पूर्वपदस्थात् र-षृवर्णात् कवर्गैकस्वरवति उत्तरपदान्तन-स्यादेः अनन्त्यस्य नः णः, अयुवपक्वाह्नः, (अलचटतवर्गशसान्तरे)।

અર્થ : પૂર્વપદ સંબંધી र्, ष् અને ऋ વર્ણથી પર રહેલાં, क् વર્ગવાળો તેમજ એક સ્વરવાળો ઉત્તરપદ પર છતાં ઉત્તરપદની મધ્યમાં રહેલાં, તથા આગમભૂત અને સ્યાદિ સંબંધી न्નો ण् થાય છે. જો તે (न्) युवन्, पक्व અને अहन् સંબંધી ન હોય તો.

સ. : कवर्गैकस्वरवति→एक श्चासौ स्वरश्च एकस्वरः, कवर्गश्च एकस्वरश्च कवर्गैकस्वरम्। (कवर्गैकस्वरमस्याऽस्ति इति कवर्गैकस्वरवान्, तस्मिन्निति)

ઉદા. (૧) स्वर्गकामिणौ→સ્વર્ગને ઈચ્છનારાં બે. स्वर्गं कामयते इत्येवंशीलौ। (कमूङ् कान्तौ-७८९)

(૨) **वृषगामिणौ**→બળદ મેળવનારાં બે. वृषेण गच्छत इत्येवंशीलौ (गम्लृं गतौ-७९६)

આ બન્ને ઉદા.ની સાધનિકા व्रीहिवापिणौ પ્રમાણે જાણવી. પરંતુ न्नो ण् આ સૂત્રથી નિત્ય કરવો.

(૩) **ब्रह्महणौ**→બ્રાહ્મણને મારનારાં બે. બ્રહ્માણં હતવન્તૌ
(હનંક્ હિંસા-ગત્યોઃ-૧૧૦૦)
બ્રહ્મ-ભ્રૂણ૦૫.૧.૧૬૧થી ક્વિપ્→હન્+૦
ડસ્યુક્તં૦૩.૧.૪૩થી સમાસ વગેરે પૂર્વ પ્રમાણે જાણવું.

(૪) **यूषपाणि**→દારૂ પીનારાં કુળો. યૂષં પિબન્તિ યાનિ તાનીતિ।
આતો ડો૦૫.૧.૭૬થી ડા→પા+**આ**
ડિત્યન્ત્ય૦૨.૧.૧૧૪થી આનો લોપ→પા
એકાર્થં૦૩.૧.૨૨થી સમાસ→યૂષન્+પા
નામ્નો નો૦૨.૧.૯૧થી ન્નો લોપ→યૂષ+પા
પ્રથમા જસ્ વગેરે સાધનિકા ૨.૩.૭૫માં દર્શાવેલ માષવાપાણિ પ્રમાણે જાણવી. પરંતુ ન્નો ણ્ આ સૂત્રથી નિત્ય કરવો.

પ્ર.ઉદા. **अपक्वस्येत्येव→क्षीरपक्वेन**→દૂધ સાથે રાંધેલા વડે.
क्षीरेण पक्वानीति कारकं૦૩.૧.૬૮થી સમાસ→क्षीर+पक्व
તૃતીયા ટા વગેરે સાધનિકા ૨.૩.૭૫માં દર્શાવેલ વ્રીહિવાપેણ પ્રમાણે જાણવી. પરંતુ ન્નો ણ્ કરવો નહીં.

★ આ સૂત્રમાં પક્વ સંબંધી ન્નું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી સ્યાદિ સંબંધી ન્નો ણ્ થયો નહીં.

વિશેષતા :

(૧) વસ્તુતઃ **गतिकारकडःस्युक्तानां० ૨/૩૧** ન્યાયાનુસારે સ્વર્ગકામિણૌ વગેરે પ્રયોગોમાં ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩થી નિત્ય ન્નાં ણ્ની પ્રાપ્તિ હતી. પરંતુ વોત્તરપદાન્તન૦ ૨.૩.૭૫થી વિકલ્પ થતો હોવાથી વિકલ્પનો બાધ કરીને પુનઃ નિત્ય પ્રવૃત્તિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) અહીં ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩માંથી 'अनन्तस्य'ની અનુવૃત્તિ આવતી હોવાથી પુરોગાન્, પુરમમૃગાન્ વગેરે પ્રયોગોમાં ક્ વર્ગ અને એક સ્વરવાળાં ઉત્તરપદ પર હોવા છતાં આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નથી.

(૩) યદ્યપિ પૂર્વસૂત્રથી **सन्नियोगशिष्टाना० ૧/૩૦** ન્યાયાનુસારે યુવન્, પક્વ અને અહન્ ત્રણેનાં વર્જનનો અધિકાર આવે છે. પરંતુ યુવન્ અને અહન્ તે ક્ વર્ગવાળા તેમજ એક સ્વરવાળાં ન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિનાં વિષય બનતાં જ નથી. માટે **संभवे व्यभिचारे च विशेषणमर्थवत्** ૨/૫૭ ન્યાયાનુસારે માત્ર પક્વનું જ આ સૂત્રમાં વર્જન જાણવું.

अदुरुपसर्गान्तरो ण-हिनु-मीना-ऽऽनेः ૨/૩/૭૭

અ.અ.સૂ. : अदुरुपसर्गान्तरः र-ष्टवर्णात् ण-हिनु-मीना-ऽऽनेः नः णः, (अलचटतवर्गशसान्तरे)।

અર્થ : દુર્ સિવાયનાં ઉપસર્ગ તથા અન્તર્ શબ્દમાં રહેલાં ર્, ષ્ અને ઋ વર્ણથી પર ણ્ ઉપદેશવાળાં ધાતુઓ તેમજ હિ, મી ધાતુઓ અને આનિવ્ પ્રત્યયનાં ન્નો ણ્ થાય છે.

સ. : (૧) अदुरुपसर्गान्तरः→न दुर् इति अदुर्, अदुर् चासौ उपसर्गश्च इति अदुरुपसर्गः, अदुरुपसर्गश्च अन्तर् च इति अदुरुपसर्गान्तर्, तस्मादिति।

(૨) **ण-हिनु-मीना-ऽऽनेः**→णश्च हिनुश्च मीनाश्च आनिश्च इति णहिनुमीनाऽऽनि, तस्येति।

ઉદા. (૧) प्रणमति→તે પ્રણામ કરે છે. (णमं प्रह्वत्वे-૩૮૮) પાઠે ધાત્વાદે૦૨.૩.૯૭થી ણ્નો ન્→પ્ર+**नम्**

वर्त्तमाना०३.३.६थी तिव्→प्र+नम्+**ति**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→प्र+नम्+**अ**+ति
आ सूत्रथी न्नो ण्→**प्रणम**ति।

(२) **परिणायकः**→५२णनारो. परिणयतीति
पाठे धात्वादे०२.३.९७थी ण्नो न्→परि+**नी**
णक-तृचौ ५.१.४८थी णक→परि+नी+**अक**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→परि+**नै**+अक
एदैतोऽ०१.२.२३थी आय्→परि+**नाय**क
आ सूत्रथी न्नो ण्→परि+**ना**यक
प्रथमा सि वगेरे→परिणायकः।

(३) **अन्तर्णयति**→अंदर लई जाय छे.
पाठे धात्वादे०२.३.९७थी ण्नो न्→अन्तर्+**नी**
वर्त्तमाना०३.३.६थी तिव्→अन्तर्+नी+**ति**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→अन्तर्+नी+**अ**+ति
नामिनो०४.३.१थी गुण→अन्तर्+**ने**+अ+ति
एदैतोऽ०१.२.२३थी अय्→अन्त**र्नय**ति
आ सूत्रथी न्नो ण्→अन्त**र्ण**यति।

(४) **प्रहिणुतः**→तेओ बे मोकले छे. (हिंट् गति-वृद्ध्योः-१२९५)
वर्त्तमाना०३.३.६थी तस्→प्र+हि+**तस्**
स्वादेः०३.४.७५थी श्नु→प्र+हि+**नु**+तस्
आ सूत्रथी न्नो ण्→प्रहि**णु**तस्
सो रुः २.१.७२थी स्नो रु→प्रहिणुत**र्**
रः पदान्ते०१.३.५३थी र्नो विसर्ग→प्रहिणुतः।

(५) **प्रमीणीतः**→तेओ बे हिंसा करे छे.
(मींग्श् हिंसायाम्-१५१२)

वर्त्तमाना०૩.૩.૬થી तस्→प्र+मी+**तस्**
क्र्यादेः ૩.૪.૭૯થી श्ना→प्र+मी+**ना**+तस्
एषामीर्व्यञ्जने०૪.૨.૯૭થી आनो ई→प्र+मी**नी**तस्
આ સૂત્રથી न्नो ण्→प्र+मी**णी**तस्
सो रुः ૨.૧.૭૨થી स्नो रु→प्रमीणीत**र्**
रः पदान्ते०૧.૩.૫૩થી र्नो विसर्ग→प्रमीणीतः।

(૬) **प्रयाणि**→હું પ્રયાણ કરું. (यांक् प्रापणे-૧૦૬૨)
पञ्चमी०૩.૩.૮થી आनिव्→प्र+या+**आनि**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→प्र+**या**नि
આ સૂત્રથી न्नो ण्→प्र**याणि**।

પ્ર.ઉદા. अदुरिति किम् ? दुर्नयः→ખરાબ નીતિ. दुर्नयनमिति।
युवर्ण०૫.૩.૨૮થી अल्→दुर्+नी+**अ**
नामिनो०૪.૩.૧થી गुण→दुर्+**ने**+अ
एदैतोऽ०૧.૨.૨૩થી अय्→दुर्+**नय्**+अ
प्रथमा सि વગેરે→दुर्नयः।

★ આ સૂત્રમાં दुर्નું વર્જન હોવાથી અહીં न्नो ण् થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં ण પદથી ધાતુપાઠમાં નિર્દિષ્ટ णકારાદિ ધાતુઓનું ગ્રહણ કરવું. જેમાં પાઠે धात्वा०૨.૩.૯૭થી ण्नो न् થાય છે. **ઉદા.** णमं-૩૮૮, णींग्-૮૮૪ વગેરે.

(૨) સૂત્રગત 'हिनु' પદનાં ગ્રહણથી પાંચમાં ગણનો हि ધાતુ લેવો અને 'मीना' પદનાં ગ્રહણથી ૯માં ગણનો मी ધાતુ લેવો.

(૩) हि અને मी ધાતુ તથા आनिव् સાથે સમાસનો અસંભવ હોવાથી 'पूर्वपदस्थात्'નો અધિકાર અટકી ગયો.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, प्रनायकः જેવા સ્થાને प्रगतः नायकः यस्मात् એ પ્રમાણે વિગ્રહ હોવાથી પ્રનો સંબંધ गम् ધાતુ સાથે જણાય છે. नी ધાતુ સાથે નહીં તેથી **येन धातुना प्रादयस्तं प्रत्येवोपसर्गसंज्ञा २/५१** ન્યાયાનુસારે પ્રને गम् ધાતુનાં વિષયમાં જ ઉપસર્ગ સંજ્ઞા થાય છે. પરંતુ नी ધાતુનાં વિષયમાં ન થવાથી આ સૂત્રથી नी ધાતુનાં ન્નો ણ્ થયો નથી.

(૫) સૂત્રમાં 'आनिव्' પદનું ગ્રહણ હોવાથી **अर्थवद्ग्रहणे नाऽनर्थकस्य १/१४** ન્યાયાનુસારે અનર્થક आनि અંતવાળાં પ્રવપાનि માંસાનि વગેરે સ્થાને આ સૂત્રથી ન્નો ણ્ થશે નહીં.

જિ. : પ્રહિણોતિમાં હિનુનો નુ તે નુ સ્વરૂપે રહેતો નથી છતાં આ સૂત્રથી ન્નો ણ્ કેમ થયો ?

સમા. : एकदेशविकृतमनन्यवत् १/१७ ન્યાયાનુસારે નો તે નુ સ્વરૂપે જ મનાતાં ન્નો ણ્ થયો છે.

नश-शः २/३/७८

અ.અ.સૂ. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् शः नशः (धातोः) नः णः, (अलचटतवर्गशसान्तरे)।

અર્થ : દુર્ સિવાયનાં ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલાં ર્, ષ્ અને ઋ વર્ણથી પર રહેલાં શ્કારાન્ત नश् ધાતુનાં ન્નો ણ્ થાય છે.

ઉદા. (૧) **प्रणश्यति**→પ્રકૃષ્ટ રીતે નાશ પામે છે.
(नशौंच् अदर्शने-१२०२)
वर्त्तमाना०३.३.६थी तिव्→प्र+नश्+**ति**

दिवादेः०३.४.७५थी श्य→प्र+नश्यति
आ सूत्रथी न्नो ण्→**प्रणश्यति**।

(२) **अन्तर्णश्यति**→અંદર નાશ પામે છે.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

प्र.ઉદા. श इति किम् ? प्रनङ्क्ष्यति→તે પ્રકૃષ્ટ રીતે નાશ પામશે.
भविष्यन्ती०३.३.१५थी स्यति→प्र+नश्+**स्यति**
नशो धुटि ४.४.१०९थी न् आगम→प्र+नन्श्+स्यति
यज-सृज-मृज०२.१.८७थी श्नो ष्→प्र+नन्ष्+स्यति
ष-ढोः०२.१.६२थी ष्नो क्→प्र+नन्क्+स्यति
म्नां धुड्वर्गे०१.३.३९थी न्नो ङ्→प्र+नङ्क्+स्यति
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→प्रनङ्क्ष्यति

★ આ સૂત્રની પ્રવૃત્તિ શ્કારાન્ત નશ્ ધાતુથી જ થાય છે. જ્યારે અહીં ષ્કારાન્ત નશ્ ધાતુ છે માટે આ સૂત્રથી ન્નો ણ્ થયો નહીં.

विशेषता :

(१) નશ્ (નશૌંચ્-૧૨૦૨) ધાતુ ણ્ ઉપદેશવાળો ન હોવાથી પૂર્વનાં સૂત્રથી ન્ નાં ણ્ની પ્રાપ્તિ ન હતી તેની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે. પણ કલાપક વગેરે કેટલાંક વ્યાકરણકારો નશ્ને ણ્ ઉપદેશવાળો જ માને છે.

જિ. : પ્રનङ्क्ष्यति વગેરે પ્રયોગમાં પ્र+नश्+स्यति એ પ્રમાણે પ્રાથમિક અવસ્થામાં જ આ સૂત્રથી ન્નો ણ્ કરીને આગળનું કાર્ય કરવામાં આવે તો શ્કારાન્ત નશ્ ધાતુથી णत्वની પ્રાપ્તિ થઈ શકે છે. તો શા માટે તેમ કરવામાં નથી આવ્યું ?

સમા. : જો આ સૂત્રથી પહેલાં ન્નો ણ્ કરવામાં આવે તો णषम० २.१.६० સૂત્ર દ્વારા यज-सृज०२.१.८७થી થતાં षत्वમાં તે असत् મનાય. તેથી नश्નો णष् સ્વરૂપે થયું હોવા છતાં પણ **एकदेशविकृत० १/७** ન્યાયાનુસારે नश् સ્વરૂપે મનાતાં शकारान्तपણાંની પ્રાપ્તિ થાય જ છે. તેમ છતાં આ રીતે સંગતિ નહીં કરીને ગ્રંથકારશ્રીએ સૂત્રમાં સાક્ષાત્ શ્નો નિર્દેશ કર્યો છે તે જ જણાવે છે કે, આવા સ્થાને પણ પહેલાં આ સૂત્રની પ્રવૃત્તિ કરીને ન્નો ણ્ કરવો નહીં.

नेड्र्मा-दा-पत-पद-नद-गद-वपी-वही-शमू-चिग्-याति-वाति-द्राति-प्साति-स्यति-हन्ति-देग्धौ २/३/७९

અ.અ.સૂ. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् नेः नः ङ्मा-दा-पत-पद-नद-गद-वपी-वही-शमू-चिग्-याति-वाति-द्राति-प्साति-स्यति-हन्ति-देग्धौ(धातौ) णः, (अलचटत-वर्गशसान्तरे)।

અર્થ : दुर् સિવાયનાં ઉપસર્ગ તથા अन्तर् શબ્દ સંબંધી र्, ष् અને ऋ વર્ણથી પર નિ ઉપસર્ગનાં ન્નો માङ्, दा સંજ્ઞક, पत्, पद्, नद्, गद्, वप्, वह्, शम्, चि, या, वा, द्रा, प्सा, सो, हन् અને दिह् ધાતુ પર છતાં ण् થાય છે.

સ. : ङ्मा-दा-पतपदनदगदवपीवहीशमूचिग्यातिवातिद्रातिप्सातिस्यतिहन्तिदेग्धौ→ङ् कारेणोपलक्षितो मा इति ङ्मा, ङ्माश्च दाश्च पतश्च पदश्च नदश्च गदश्च वपी च वही च शमू च चिग् च याति श्च वातिश्च द्रातिश्च प्सातिश्च स्यतिश्च हन्तिश्च देग्धिश्च इति ङ्मादा पतपदनदगदवपीवहीशमूचिग्यातिवातिद्रातिप्सातिस्यतिहन्तिदेग्धि, तस्मिन्निति।

ઉદા. (૧) **प्रणिमिमीते**→તે માપે છે. (માङ્ક્ માન-શબ્દયોઃ-૧૧૩૭)
વર્ત્તમાના૦૩.૩.૬થી તે→પ્ર+નિ+મા+**તે**
હવઃ શિતિ ૪.૧.૧૨થી દ્વિત્વ→પ્ર+નિ+**મા**મા+તે
હ્રસ્વઃ૪.૧.૩૯થી હ્રસ્વ→પ્ર+નિ+**મ**મા+તે
એષામી૦૪.૨.૯૭થી આનો ઈ→પ્ર+નિ+**મમી**તે
પૃ-ભૃ-મા૦૪.૧.૫૮થી અનો ઇ→પ્ર+નિ+**મિ**મીતે
આ સૂત્રથી ન્નો ણ્→**પ્રણિ**મિમીતે।

(૨) **परिणिमयते**→તે આપે છે. (મેङ્ પ્રતિદાને-૬૦૩)
વર્ત્તમાના૦૩.૩.૬થી તે→પરિ+નિ+મે+**તે**
કર્ત્તર્યનદ્૦૩.૪.૭૧થી શવ્→પરિ+નિ+મે+**અ**+તે
એદૈતોઽ૦૧.૨.૨૩થી અય્→પરિ+તિ+**મય**તે
આ સૂત્રથી ન્નો ણ્→પરિ**ણિ**મયતે।

(૩) **प्रणिददाति**→તે આપે છે. (ડુદાંગ્ક્ દાને-૧૧૩૮)
વર્ત્તમાના૦૩.૩.૬થી તિવ્→પ્ર+નિ+દા+**તિ**
હવઃ શિતિ ૪.૧.૧૨થી દ્વિત્વ→પ્ર+નિ+**દા**દા+તિ
હ્રસ્વઃ ૪.૧.૩૯થી હ્રસ્વ→પ્ર+નિ+**દ**દાતિ
આ સૂત્રથી ન્નો ણ્→**પ્રણિ**દદાતિ।

(૪) **परिणिदयते**→તે રક્ષા કરે છે. (દેઙ્ પાલને-૬૦૪)
આ ઉદા.ની સાધનિકા परिणिमयते પ્રમાણે જાણવી.

(૫) **प्रणिदधाति**→તે પ્રણિધાન કરે છે. (ડુધાંગ્ક્ ધારણે ચ-૧૧૩૯)
આ ઉદા.ની સાધનિકા પ્રણિદદાતિ પ્રમાણે કરવી પરંતુ દ્વિતીય-તુર્યયોઃ૦૪.૧.૪૨થી પૂર્વનાં ધ્નો દ્ કરવો.

(૬) **प्रणिपतति**→તે પ્રણામ કરે છે. (પત્લૃં ગતૌ-૯૬૨)
વર્ત્તમાના૦૩.૩.૬થી તિવ્→પ્ર+નિ+પત્+**તિ**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→प्र+नि+पत्+**अ**+ति
आ सूत्रथी न्नो ण्→**प्रणि**पतति।

(७) **परिणिपद्यते**→તે આશ્રય કરે છે. (पदिंच् गतौ-१२५७)
वर्त्तमाना०३.३.६थी ते→परि+नि+पद्+**ते**
दिवादेः श्यः ३.४.७२थी श्य→परि+नि+पद्+**य**+ते
आ सूत्रथी न्नो ण्→परि**णि**पद्यते।

(८) **प्रणिनदति**→તે અવ્યક્ત અવાજ કરે છે. (णद अव्यक्ते शब्दे-२९९)

(९) **प्रणिगदति**→તે બોલે છે. (गद व्यक्तायां वाचि-२९७)

(१०) **प्रणिवपति**→તે વાવે છે. (डुवपीं बीजसन्ताने-९९५)

(११) **प्रणिवहति**→ચતે ધારણ કરે છે. (वहीं प्रापणे-९९६)
આ ઉદા.ની સાધનિકા प्रणिपतति પ્રમાણે જાણવી.

(१२) **प्रणिशाम्यति**→તે વશ થાય છે. (शमू उपशमे-१२३०)
આ ઉદા.ની સાધનિકા परिणिपद्यते પ્રમાણે જાણવી પરંતુ शम् सप्तकस्य०४.२.१११थी शम्નાં अनो दीर्घ (आ) કરવો.

(१३) **प्रणिचिनोति**→તે એકઠું કરે છે. (चिंग्ट् चयने-१२९०)
वर्त्तमाना०३.३.६थी तिव्→प्र+नि+चि+**ति**
स्वादेः श्नुः ३.४.७५थी श्नु→प्र+नि+चि+**नु**+ति
उ-श्नोः ४.३.२थी गुण→प्र+नि+चि+**नो**+ति
आ सूत्रथी न्नो ण्→**प्रणि**चिनोति।

(१४) **प्रणियाति**→તે જાય છે. (यांक् प्रापणे-१०६२)
वर्त्तमाना०३.३.६थी तिव्→प्र+नि+या+**ति**
आ सूत्रथी न्नो ण्→**प्रणि**याति।

(૧૫) **प्रणिवाति**→તે વાય છે. (वांक्गति-गन्धनयोः-૧૦૬૩)

(૧૬) **प्रणिद्राति**→તે પ્રકૃષ્ટ નિદ્રા લે છે. (द्रांक् कुत्सितगतौ-૧૦૬૬)

(૧૭) **प्रणिप्साति**→તે ખાય છે. (प्सांक् भक्षणे-૧૦૬૦)
આ ઉદા.ની સાધનિકા प्रणियाति પ્રમાણે જાણવી.

(૧૮) **प्रणिष्यति**→તે નાશ પામે છે.(षोंच् अन्तकर्मणि-૧૧૫૦)
षः सोऽष्ट्यै०૨.૩.૯૮થી ष्નો स्→प्र+नि+**सो**ધાતુ
वर्त्तमाना०૩.૩.૬થી तिव्→प्र+नि+सो+**ति**
दिवादेः०૩.૪.૭૨થી श्य→प्र+नि+सो+**य**+ति
ओतः श्ये ૪.૨.૧૦૩થી ओનો લોપ→प्र+नि+स्यति
આ સૂત્રથી न्નો ण्→प्र+**णि**+स्यति
उपसर्गात् सुग्०૨.૩.૩૯થી स्નો ष्→प्रणिष्यति।

(૧૯) **प्रणिहन्ति**→તે હણે છે. (हनंक् हिंसा-गत्योः-૧૧૦૦)
वर्त्तमाना०૩.૩.૬થી तिव्→प्र+नि+हन्+**ति**
આ સૂત્રથી न्નો ण्→**प्रणि**हन्ति।

(૨૦) **प्रणिदेग्धि**→તે ચોંટે છે. (दिहींक्-लेपे-૧૧૨૮)
वर्त्तमाना०૩.૩.૬થી तिव्→प्र+नि+दिह्+**ति**
लघोरुपा०૪.૩.૪થી गुण→प्र+नि+**देह्**+ति
भ्वादेर्दादे०૨.૧.૮૩થી હ્નો घ्→प्र+नि+दे**घ्**+ति
अधश्चतुर्थात्०૨.૧.૭૯થી त्નો ध्→प्र+नि+देघ्+**धि**
तृतीयस्तृतीय०૧.૩.૪૯થી घ्નો ग्→प्र+नि+देग्धि
આ સૂત્રથી न्નો ण्→**प्रणि**देग्धि।

(૨૧) **अन्तर्णिमिमीते**→તે અંદર માપે છે.
આ ઉદા.ની સાધનિકા प्रणिमिमीते પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં दा પદથી **स्वं रुपं शब्दस्याऽशब्दसंज्ञा ૧/૧** ન્યાયાનુસારે दा સંજ્ઞક છ ધાતુઓ दाम्-૭ देङ्-૬૦૪ डुदांग्क्-૧૧૩૮ दोंच्-૧૧૪૮ ट्धें-૨૮ डुधांग्क्-૧૧૩૯નું ગ્રહણ થાય છે. અને दैंव्-૨૯ અને दांव्-૧૦૭૦નું વર્જન થાય છે.

(૨) સૂત્રમાં 'ड्मा' એ પ્રમાણે ड्કારનો નિર્દેશ અનુબંધ માટે નથી પણ मांक्-૧૦૭૩-ગણ-૨, डुमिंग्ट्-ગણ-૫, मींग्श्-૧૫૧૨ ગણ-૯ આ ધાતુની નિવૃત્તિ માટે તેમજ, (मांङ्क्-૧૧૩૭) અને (मेङ्-૬૦૩)નાં ગ્રહણ માટે છે. તેથી यङ्लुबन्तમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. જેમકે પ્રણિદદિતિ।

(૩) वपी, वही, शमू, चिग् ધાતુઓ અનુબંધ સહિત છે. તથા, याति વગેરેમાં तिव्નો નિર્દેશ છે. તેથી,

तिवाशवानुबन्धेन निर्दिष्टं यद्गणेन च
एकस्वरनिमित्तं च, पञ्चैतानि न यङ्लुपि ૧/૧૮ ન્યાયાનુસારે તે-તે ધાતુઓનાં વિષયમાં यङ्लुबन्तમાં આ સૂત્રથી न्નો ण् નહીં થાય. જેમકે, प्रनिवावपीति।

જિ. : सप्तम्ख्या પૂર્વસ્ય ૭.૪.૧૦૫ પરિભાષાથી ઉપસર્ગથી અવ્યવહિત ધાતુ હોય તો જ न् નો ण् થાય છે તો अट् આગમ થયે છતે આ સૂત્રથી न् નો ण् કેવી રીતે થયો ?

સમા. : अट् આગમ ધાતુની પૂર્વે ઉમેરાતો હોવાથી ધાતુનાં અંગ સ્વરૂપ જ છે. તેથી **स्वाङ्गमव्यवधायि ૨/૧૧** ન્યાયાનુસારે સૂત્ર પ્રવૃત્તિમાં તે વ્યવધાયક બનતો જ નથી અને આ જ વાત प्रणिपपात વગેરે પ્રયોગોનાં દ્વિત્વભૂત વર્ણનાં વિષયમાં પણ જાણવી.

तथा पदेऽन्तरेनाङ्य०२.३.९३માં आङ्नां व्यवधानमां पण णत्वनो निषेध दर्शाव्यो छे तेथी आङ् उपसर्ग पण व्यवधायक न बनतां आ सूत्रथी प्रण्यास्यति जेवा प्रयोगो पण सिद्ध थाय छे.

अक-खाद्यषान्ते पाठे वा २/३/८०

अ.अ.सू. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् नेः नः पाठे (धातौ) अकखाद्यषान्ते णः वा, (अलचटतवर्गशसान्तरे)।

अर्थ : दुर् सिवायनां उपसर्ग तथा अन्तर् शब्दमां रहेलां र्, ष् अने ऋ वर्णथी पर नि उपसर्गनां न्नो धातुपाठमां दर्शावेल क् अने ख् आदिवाळां तेमज, ष् अन्तवाळां सिवायनां धातुओ पर छतां ण् विकल्पे थाय छे.

स. : अकखाद्यषान्ते→कश्च खश्च इति कखौ, कखावादी यस्याऽसौ इति कखादिः, न कखादिः, इति अकखादिः, षोऽन्ते यस्याऽसौ षान्तः, न षान्तः इति अषान्तः अकखादिश्च अषान्तश्च इति अकखाद्यषान्तम्, तस्मिन्निति।

उदा. प्रणिपचति/प्रनिपचति→ते रांधे छे. (डुपचींष् पाके-८९२)
आ उदा.नी साधनिका २.३.७९માં दर्शावेल प्रणिपतति प्रमाणे जाणवी. परंतु न्नो ण् आ सूत्रथी विकल्पे करवो.

प्र.उदा. ★ अकखादीति किम् ?

(१) **प्रनिकरोति**→ते करे छे. (डुकृंग् करणे-८८८)
वर्त्तमाना०३.३.१थी तिव्→प्र+नि+कृ+**ति**
कृग्-तनादे०३.४.८३थी उ→प्र+नि+कृ+**उ**+ति

नामिनो०४.३.१थी गुण→प्र+नि+**कर्**+उ+ति
उ-श्नोः ४.३.२थी गुण→प्रनिकरोति।

(२) **प्रनिखनति**→તે ખોદે છે. (खनूग् विदारणे-९१३)
આ ઉદા.ની સાધનિકા २.३.७९માં દર્શાવેલ प्रणिपतति પ્રમાણે જાણવી. પરંતુ ન્ નો ण् કરવો નહીં.

★ **अषान्त इति किम् ? प्रनिद्वेष्टि**→તે દ્વેષ કરે છે.
(द्विषींक् अप्रीतौ-५२६)
वर्त्तमाना०३.३.६थी तिव्→प्र+नि+द्विष्+**ति**
नामिनो०४.३.१थी गुण→प्र+नि+**द्वेष्**+ति
तवर्गस्य०१.३.६०थी त्नो ट्→प्रनिद्वेष्टि

★ આ સૂત્રમાં धातुपाठमां ष् अन्तवाળાં धातुओનું વર્જન કર્યું હોવાથી અહીં આ સૂત્રથી ન્નો ण् થયો નહીં.

★ **पाठ इति किम् ? प्रनिचकार**→તેણે કર્યું. (डुकृंग् करणे-८८८)
परोक्षा०३.३.१२थी णव्→प्र+नि+कृ+**अ**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→प्र+नि+**कृ**कृ+अ
ऋतोऽत् ४.१.३९थी ऋनो अ→प्र+नि+**क**कृ+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→प्र+नि+क**कार्**+अ
क-ङश्च०४.१.४६थी क्नो च्→प्रनि**च**कार।

★ આ સૂત્રની પ્રવૃત્તિ धातुपाठमां क् આદિવાળાં धातुमां થતી નથી. જ્યારે અહીં પરોક્ષાનાં કારણે च् આદિવાળો જણાતો धातु धातुपाठमां क् આદિવાળો જ છે. માટે આ સૂત્રથી ન્નો ण् થયો નહીં.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રમાં વિશેષ વિધાન હોવાથી **सर्वत्रापि विशेषेण सामान्यं बाध्यते न तु सामान्येन विशेषः** ૩/૬ ન્યાયાનુસારે પ્રણિદયતે, પ્રણિમયતે વગેરે પ્રયોગમાં પૂર્વસૂત્રથી જ નિત્ય નિનાં ન્નો ણ્ થશે. પણ આ સૂત્રથી વિકલ્પે નહીં.

(૨) કેટલાંક વ્યાકરણકારો યઙ્લુબન્તમાં આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી. તેથી તેઓનાં મતે પ્રનિપાપચીતિ જેવા પ્રયોગો સિદ્ધ થશે. પરંતુ લલિતસ્વભાવ વગેરે વ્યાકરણકારો યઙ્લુબન્તમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે.

(૩) **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते** ૩/૧૫ ન્યાયાનુસારે 'આદિ' શબ્દનો દ્વન્દ્વ સમાસગત ક્-ખ્ બન્ને સાથે અન્વય થાય છે.

(૪) બ્રૂ ધાતુનો अस्तिब्रुवो૦૪.૪.૧થી અશિત્નાં વિષયમાં વચ્ આદેશ થાય છે. અને અદ્યતનીમાં श्वयत्व० ૪.૩.૧૦૩થી વોચ્ આદેશ થાય છે. અને તેમાં **भूतपूर्वकस्तद्वदुपचारः** ૧/૮ ન્યાયાનુસારે વોચ્નો વચ્ માન્યો. ફરી આ જ ન્યાયથી વચ્નો બ્રૂ માનીને આ સૂત્રથી વોચ્ પર છતાં (બ્રૂ માનવાથી) પ્ર+નિમાં ન્નો ણ્ થયો છે. કારણ કે **यावत्संभवस्तावद्विधिः** ૨/૫૬ ન્યાયાનુસારે એક જ ન્યાય કે સૂત્રની જેટલી વાર (અનન્તર) પ્રાપ્તિ હોય તેટલી વાર પ્રવૃત્તિ કરવી.

(૫) યદ્યપિ સૂત્રમાં अकखादिषान्ते એ પ્રમાણે એક નઞ્નાં ગ્રહણથી પણ સૂત્રાર્થ થઈ શકે છે. પણ સ્પષ્ટ બોધ માટે ગ્રંથકારશ્રીએ બે નઞ્નું ઉપાદાન કરી 'अक-खाद्यषान्ते' પદનું ગ્રહણ કર્યું છે. તેથી ક્-ખ્ આદિવાળાં ષ્ અન્તવાળાનું વર્જન થાય તેવી પ્રતીતિ થઈ શકે છે.

द्वित्वेऽप्यन्तेऽप्यनितेः, परेस्तु वा २/३/८१

अ.अ.सू. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् अनितेः(धातोः) नः द्वित्वे अपि, अन्ते अपि णः, परेः तु वा, (अलचटतवर्ग-शसान्तरे)।

अर्थ : दुर् सिवायनां उपसर्ग अने अन्तर् शब्दमां रहेल र्, ष् अने ऋ वर्णथी पर अन् धातुनां न्नो द्वित्वमां पण अने अन्ते पण ण् थाय छे. परंतु परि उपसर्गपूर्वक होय तो विकल्पे थाय छे.

उदा. (१) **प्राणिणिषति**→ते श्वास लेवाने ईच्छे छे. प्राणितुमिच्छतीति।
तुमर्हादि०३.४.२१थी सन्→प्र+अन्+**स**
स्ताद्यशितो०४.४.३२थी इट्→प्र+अ**नि**स
स्वरादेर्द्वि०४.१.४थी द्वित्व→प्र+अ**निनि**+स
आ सूत्रथी बंने न्नो ण्→प्र+अ**णिणि**+स
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→प्र+अणिणि**ष**
समानानां०१.२.१थी दीर्घ→**प्रा**णिणिष
तिव् वगेरे→प्राणिणिष**ति**।

(२) **पराणिति**→ते जीवे छे.
वर्त्तमाना०३.३.६थी तिव्→परा+अन्+**ति**
रुत्पञ्चका०४.४.८८थी इट्→परा+अन्+**इ**+ति
समानानां०१.२.१थी दीर्घ→**परा**निति
आ सूत्रथी न्नो ण्→परा**णि**ति।

(३) **हे प्राण्** !→हे श्वास लेनार ! प्राणितीति क्विप्
क्विप् ५.१.१४८थी क्विप्→प्र+अन्+०

समानानां०१.२.१थी दीर्घ→**प्रान्**
आ सूत्रथी न्नो ण्→**प्राण्**
आमन्त्र्ये २.२.३२थी प्रथमा सि→प्राण्+**स्**
दीर्घड्याब्०१.४.४५थी सिनो लोप→प्राण् !

(४) **पर्यणिणिषति/पर्यनिनिषति**→તે જીવવાને ઈચ્છે છે.

(૫) **पर्यणिति/पर्यनिति**→તે જીવે છે.

(૬) **हे पर्यण् !/हे पर्यन् !**→હે જીવનાર !

★ આ ઉદા.ની સાધનિકા प्राणिणिषति, प्राणिति અને प्राण् પ્રમાણે જાણવી. પરંતુ આ જ સૂત્રથી ન્નો ણ્ વિકલ્પે કરવો.

વિશેષતા :

(૧) 'अनन्तस्य'નાં અધિકારને અટકાવવા સૂત્રમાં 'अन्तेऽपि' પદનું ગ્રહણ છે. તેથી પદને અન્તે કે મધ્યમાં હોય તો પણ આ સૂત્ર દ્વારા ન્નો ણ્ થશે.

(૨) અનિતિમાં તિવ્નો નિર્દેશ ચોથા ગણનાં અન્ ધાતુનો નિષેધ કરી બીજા ગણનાં અન્ ધાતુનાં ગ્રહણ માટે છે. પણ यङ्लुबन्तમાં સૂત્રકાર્યનાં નિષેધ માટે નથી. કારણ કે यङ् પ્રત્યય વ્યંજનાદિ એકસ્વરી ધાતુઓથી જ થાય છે. જ્યારે આ સ્વરાદિ ધાતુ છે.

(૩) અહીં કેટલાંક વ્યાકરણકારો परि પૂર્વક દ્વિત્વ હોતે છતે અન્ત્ય ન્નો ણ્ નિત્ય ઈચ્છે છે. તથા કેટલાંક વ્યાકરણકારો દ્વિત્વ થયે છતે અન્ત્ય કે અનન્ત્ય ન્નો ણ્ ઈચ્છતાં જ નથી. અહીં ધ્યાનમાં લેવું કે, જે દ્વિત્વમાં ન્નો ણ્ ઈચ્છે છે. તેઓનાં મતે 'द्वित्वे' એ પ્રમાણે નિર્દેશ હોવાથી બન્ને આદિ જ ન્નો ણ્ થાય છે. પણ ત્રીજા ન્નો ણ્ થતો નથી. જેમકે, **प्राणिणि**निषत्।

જિ. : અહીં સૂત્રમાં 'अन्तेऽपि'નું ગ્રહણ હોવાથી પ્રયોગ અંતર્ગત અન્ત્ય અને અનન્ત્ય એમ બન્ને ન્નો ણ્ થવાનો જ હતો તો 'द्वित्वेऽपि'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો સૂત્રમાં 'द्वित्वेऽपि' પદનું ગ્રહણ ન કરવામાં આવે તો प्राणिणिषति જેવાં પ્રયોગોમાં ધાતુનાં અન્ત્ય એવા પ્રથમ ન્નો ણ્ થતાં અનન્ત્ય એવા દ્વિતીય ન્નો ણ્ કરવામાં ટ વર્ગીય ણ્ વ્યવધાયક બને. માટે અહીં 'द्वित्वेऽपि'નાં ગ્રહણ દ્વારા એમ જણાવવામાં આવ્યું છે કે, દ્વિરુક્ત પ્રયોગોમાં રહેલ બન્ને ન્નો ણ્ પણ આ સૂત્રથી જ કરવો.

જિ. : 'હે પ્રાણ્ !' વગેરે દ્વિત્વ વિનાનાં ઉદા.માં नामन्त्र्ये ૨.૧.૯૨થી અન્ત્ય ન્નાં લોપનો અભાવ હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થઈ છે. પણ દ્વિત્વવાળાં પ્રયોગોમાં અન્ત્ય ન્ શી રીતે સંભવે ?

સમા. : દ્વિત્વવાળાં પ્રયોગોમાં પણ અન્ત્ય ન્ સંભવી શકે છે. જેમકે હે પ્રાણિણ્ ! અહીં, प्राणिणिषन्तं प्रयुङ्क्ते इति क्विप्
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→प्राणिणिष+**इ**
अतः ૪.૩.૮૨થી अનો લોપ→प्राणिणिषि
क्विप् ૫.૧.૧૪૮થી क्विप्→प्राणिणिषि+**०**
णेरनिटि ૪.૩.૮૩થી णिग्નો લોપ→प्राणिणिष्
હવે, प्रणिणिषमाचष्टे इति
णिज्बहुलं०૩.૪.૪૨થી णिच्→प्राणिणिष्+**इ**
त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩થી इष्નો લોપ→प्राणिण्+इ
णेरनिटि ૪.૩.૮૩થી इનો લોપ→प्राणिण्
आमन्त्र्ये ૨.૨.૩૧થી પ્રથમા सि→प्राणिण्+**स्**
दीर्घङ्याब्०૧.૪.૪૫થી सिનો લોપ→हे प्राणिण् !

हनः २/३/८२

अ.अ.सू. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् हनः(धातोः) नः णः, (अलचटतवर्गशसान्तरे)।

अर्थ : दुर् उपसर्ग अने अन्तर् शब्दमां रहेलां र्, ष् अने ऋ वर्णथी पर हन् धातुनां न्नो ण् थाय छे.

उदा. (१) प्रहण्यते→ते हणाय छे. (हनंक् हिंसा-गत्योः-११००)
वर्त्तमाना०३.३.९थी ते→प्र+हन्+**ते**
क्यः शिति ३.४.७०थी क्य→प्र+हन्+**य**+ते
आ सूत्रथी न्नो ण्→प्रहण्यते।

(२) **अन्तर्हण्यते**→ते अंदर हणाय छे.
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

विशेषता :

अहीं हन् धातुमां न्नां ण्नुं विधान होवाथी ज्यारे घ्न् थाय छे त्यारे हनो घि २.३.९४थी न्नो ण् थतो नथी.

व-मि वा २/३/८३

अ.अ.सू. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् हनः नः व-मि णः वा, (अलचटतवर्गशसान्तरे)।

अर्थ : दुर् उपसर्ग अने अन्तर् शब्दमां रहेलां र्, ष् अने ऋ वर्णथी पर हन् धातुनां न्नो व्कारादि अने म्कारादि प्रत्यय पर छतां ण् विकल्पे थाय छे.

स. : वमि→वश्च म् च इति वम्, तस्मिन्निति।

ઉદા. (૧) **प्रहण्वः/प्रहन्वः**→અમે બે હણીએ છીએ.
(हनंक् हिंसा०-११००)
વર્ત્તમાના૦૩.૩.૬થી વસ્→**प्र**+हन्+**वस्**
આ સૂત્રથી વિકલ્પે ન્નો ણ્→प्रह**ण्**वस्/प्रहन्वस्
સો રુઃ ૨.૧.૭૨થી સ્નો રુ→प्रहण्व**र्**/प्रहन्व**र्**
રઃ પદાન્તે૦૧.૩.૫૩થી ર્નો વિસર્ગ→प्रहण्वः/प्रहन्वः।

(૨) **प्रहण्मि/प्रहन्मि**→હું હણું છું.

(૩) **अन्तर्हण्वः/अन्तर्हन्वः**→અમે બે અંદર હણીએ છીએ.

(૪) **अन्तर्हण्मः/अन्तर्हन्मः**→અમે હણીએ છીએ.

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ વર્ત્તમાના૦ ૩.૩.૬થી અનુક્રમે મિવ્, વસ્ અને મસ્ પ્રત્યય કરવા.

વિશેષતા :

(૧) ઉપરોક્ત ઉદા.માં हनः ૨.૩.૮૨થી હન્ ધાતુનો ન્નો ણ્ નિત્ય થવાનો હતો તેને વિકલ્પે કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) વકારમાં અકાર ઉચ્ચારણ માટે છે.

निंस-निक्ष-निन्दः कृति वा २/३/८४

અ.અ.સૂ. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् निंस-निक्ष-निन्दः(धातोः) नः कृति णः वा, (अलचटतवर्गशसान्तरे)।

અર્થ : દુર્ ઉપસર્ગ અને અન્તર્ શબ્દમાં રહેલાં ર્, ષ્ અને ઋ વર્ણથી પર રહેલ નિંસ્, નિક્ષ્ અને નિન્દ્ ધાતુનાં ન્નો કૃત્ પ્રત્યય પર છતાં ણ્ વિકલ્પે થાય છે.

સ. : **निंस-निक्ष-निन्दः**→निंसश्च निक्षश्च निन्द् च इति निंसनिक्षनिन्द्, तस्येति।

ઉદા. (૧) **प्रणिंसनम्/प्रनिंसनम्**→નિશ્ચય કરવું. प्रणिंस्यते इति (णिसुकि चुम्बने-૧૧૨૧)
પાઠે ધાત્વાદે૦૨.૩.૯૭થી **निंस्** ધાતુ.
उदितः स्वरा૦૪.૪.૯૮ થી ન્ આગમ→निन्स् ધાતુ.
अनट् ૫.૩.૧૨૪થી अनट्→प्र+निन्स्+**अन**
शिड्-हे૦૧.૩.૪૦થી અનુસ્વાર→प्र+**निंस**न
આ સૂત્રથી ન્નો ણ્→**प्रणिंस**न
પ્રથમા સિ વગેરે→प्रणिंस**नम्**।

(૨) **प्रणिक्षणम्/प्रनिक्षणम्**→નિશ્ચય કરવું. प्रणिक्ष्यते इति। (णिक्ष चुम्बने-૫૭૩) આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ अनट्નાં ન્નો र-षृवर्णान्नो૦૨.૩.૬૩થી ણ્ કરવો.

(૩) **प्रणिन्दनम्/प्रनिन्दनम्**→નિંદા કરવી. प्रणिद्यते इति। (णिदु कुत्सा० ૩૧૧)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **कृतीति किम् ? प्रणिंस्ते**→તે નિશ્ચય કરે છે.
(णिसुकि चुम्बने-૧૧૨૧) પૂર્વ પ્રમાણે प्र+**निंस्** ધાતુ.
वर्त्तमाना૦૩.૩.૬થી ते→प्र+निंस्+**ते**
अदुरुपसर्गा૦૨.૩.૭૭થી ન્નો ણ્→**प्रणिंस्ते**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ कृत् પ્રત્યય પર છતાં જ થાય છે. જ્યારે અહીં कृत् પ્રત્યય નથી માટે આ સૂત્રથી વિકલ્પે ન્નો ણ્ થયો નહીં.

વિશેષતા :

(૧) ધાતુપાઠમાં નિંસ્ વગેરે ધાતુઓ ણ્ ઉપદેશવાળાં હોવાથી અદુરુપસર્ગા૦૨.૩.૭૭થી ન્નાં ણ્ની પ્રાપ્તિ હતી તથા,

(૨) અહીં પ્રણિંસનમ્ વગેરે પ્રયોગમાં કૃદંતની સાથે પ્ર વગેરેનો સમાસ હોવાથી **गतिकारकडःस्युक्तानां विभक्त्यन्तानामेव कृदन्तैर्विभक्त्युत्पत्तेः प्रागेव समासः ૨/૩૧** ન્યાયાનુસારે સમાસકાળે વિભક્તિ મનાતી નથી. તેથી એકપદત્વની પ્રાપ્તિ થવાથી ર-ષૃવર્ણાન્નો૦૨.૩.૬૩થી નિત્ય ન્નાં ણ્ની પ્રાપ્તિ હતી.

તે બન્ને પ્રાપ્ત પ્રયોગને વિકલ્પે કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

स्वरात् ૨/૩/૮૫

અ.અ.સૂ. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् स्वरात् कृतः नः णः, (अलचटतवर्गशसान्तरे)।

અર્થ : દુર્ ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સિવાયનાં ર્, ષ્ અને ઋ વર્ણથી પર ધાતુનાં સ્વર પછી રહેલ કૃત્ પ્રત્યયનાં ન્નો ણ્ થાય છે.

ઉદા. (૧) **प्रहाणः**→ગયેલો. प्रजिहीते स्मेति (ओहांङ्क् गतौ-૧૧૩૬)
क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्त→प्र+हा+**त**
सूयत्याद्यो૦૪.૨.૭૦થી तनो न→प्र+हा+**न**
આ સૂત્રથી ન્નો ણ્→प्रहा**ण**
प्रथमा सि વગેરે→प्रहाणः।

(૨) **प्रहीणः**→ત્યાગ કરેલો. प्रहीयते/प्रजहाति स्मेति।
(ओहांक् त्यागे-૧૧૩૧)
क्त-क्त०૫.૧.૧૭૪થી क्त→प्र+हा+**त**

सूयत्या०४.२.७०थी तनो न→प्र+हा+**न**
ईर्व्यज्जने०४.३.९७थी आनो ई→प्र+**हीन**
आ सूत्रथी न्नो ण्→प्रही**ण**
प्रथमा सि वगेरे→प्रहीणः।

विशेषता :

(१) अहीं यथासंभव क्त, क्तवतु, अन, आन, इन्, अनि, अनीय प्रत्ययोनां विषयमां सूत्रनुं प्रयोजन जाणवुं.

(२) यद्यपि प्रयाणि वगेरे प्रयोगोमां पण **गतिकारकङः-स्युक्तानां० २/३१** न्यायानुसारे र-षृवर्णान्नो०२.३.६३थी णत्व सिद्ध ज हतो तथा वोत्तरपदान्तन०२.३.७५थी विकल्पे णत्वनी प्राप्ति हती. तेने नित्य करवा आ सूत्रनो निर्देश छे.

जि. : अहीं पूर्वसूत्रथी 'कृति' ए प्रमाणे सप्तम्यन्त अधिकार आवी रह्यो छे. तो **सप्तम्याः पूर्वस्य** ७.४.१०५ परिभाषानुसारे 'कृत् प्रत्यय पर छतां' एवो निमित्तवाची अर्थ ग्रहण न करतां 'कृत् प्रत्यय विषयक' एवो अर्थ केवी रीते ग्रहण कर्यो ?

समा. : वस्तुतः **सप्तम्याः**०७.४.१०५ परिभाषानी प्रवृत्ति निमित्त सप्तमीने आश्रयीने थाय छे. पूर्वसूत्रमां निमित्त सप्तमीमां निर्दिष्ट 'कृति' पद आ सूत्रमां विषय सप्तमीमां अधिकृत छे. तेथी अहीं **सप्तम्याः**०७.४.१०५ परिभाषानी प्रवृत्ति थशे नहीं. अने कृत् प्रत्यय विषयक न्नो ण् एवो अर्थ प्राप्त थशे. तथा जो अहीं निमित्त-सप्तमी ग्रहण करवामां आवे तो कृत् प्रत्यय पर छतां पूर्वनां न्नो ण् करवानी प्राप्ति थाय जे ख्या धातुनां विषयमां संभवतुं ज न होवाथी

ન ख्या०२.૩.૯૦ સૂત્રમાં ख्यानું ગ્રહણ પણ નિરર્થક જાય. માટે અહીં નિમિત્ત સપ્તમી ગ્રહણ ન કરતાં વિષય સપ્તમીનું ગ્રહણ કરવું.

नाम्यादेरेव ने २/૩/८६

અ.અ.સૂ. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् ने नाम्यादेरेव(धातोः) स्वरात् कृतः नः णः, (अलचटतवर्गशसान्तरे)।

અર્થ : દુર્ સિવાયનાં ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સિવાયનાં ર્, ષ્ અને ઋ વર્ણથી પર ન્ આગમ હોતે છતે નામ્યાદિ ધાતુનાં જ સ્વરથી પર રહેલાં કૃત્ પ્રત્યયનાં ન્નો ણ્ થાય છે.

સ. : नाम्यादेः→नामी आदिर्यस्याऽसौ इति, नाम्यादिः, तस्मादिति।

ઉદા. (૧) **प्रेङ्खणम्**→વિલસવું. प्रेङ्ख्यते स्मेति (इखु गतौ-७५)
उदितः स्वरा०४.४.૯८थी न् आगम→प्र+इन्ख्
अनट् ५.૩.१२४थी अनट्→प्र+इन्ख्+**अन**
આ સૂત્રથી अनट्नां न्नो ण्→प्र+इन्ख्+**अण**
अवर्णेस्येवर्णादि०१.२.६थी ए→**प्रेन्खण**
म्नां धुड्वर्गे०१.૩.૩૯थी न्नो ङ्→**प्रेङ्न्खण**
प्रथमा सि वगेरे→प्रेङ्ख**णम्**।

(२) **प्रेङ्गणीयम्**→જવા યોગ્ય. प्रेङ्ग्यते इति। (इगु गतौ-८७) આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ अनट्ने સ્થાને तव्या-ऽनीयौ ५.१.२७थी अनीय પ્રત્યય કરવો.

પ્ર.ઉદા. **नाम्यादेरिति किम् ? प्रमङ्गनम्**→જવું.

प्रमङ्ग्यते इति। (मगु गतौ-८५)

આ ઉદા.ની સાધનિકા પ્રેઙ્ખણમ્ પ્રમાણે જાણવી. પરંતુ ન્નો ણ્ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નામ્યાદિ ધાતુથી જ થાય છે. જ્યારે અહીં મગ્ ધાતુ છે માટે આ સૂત્રથી ન્નો ણ્ થયો નહીં.

વિશેષતા :

જિ. : અહીં પૂર્વસૂત્ર દ્વારા સ્વરાન્ત ધાતુથી કૃત્ પ્રત્યય વિષયક ન્નો ણ્ સિદ્ધ જ હતો છતાં આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, ન્નો આગમ થતો હોય તો નામ્યાદિ ધાતુથી જ ન્નો ણ્ થાય. બીજા ધાતુથી નહીં. સૂત્રમાં રહેલ एव પદ એ જ નિયમનો દર્શક છે.

જિ. : પ્રેઙ્ખણમ્ વગેરે પ્રયોગમાં પ્ર+इख्+अनट् આ અવસ્થામાં ન્ આગમનો પણ આ સૂત્ર દ્વારા ણ્ થઈ શકે છે. તો શા માટે ન કર્યો ?

સમા. : મ્નાં ધુડ્વર્ગે૦૧.૩.૩૯ સૂત્રમાં બ.વ. દ્વારા વ્યાપ્તિનો નિર્દેશ કર્યો છે. તદનુસારે પરવ્યંજનનાં વર્ગનો અન્ત્ય અક્ષર જ થાય છે. માટે અહીં અન્ય ણ્ વિગેરે નામ આદેશનો બાધ થાય છે.

व्यञ्जनादेर्नाम्युपान्त्याद् वा २/३/८७

અ.અ.સૂ. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात्व्यञ्जनादेः नाम्युपान्त्यात् (धातोः) कृतः नः स्वरात् णः वा, (अलचटतवर्गशसान्तरे)।

અર્થ : દુર્ સિવાયનાં ઉપસર્ગ અને અન્તર્ શબ્દનાં ર્, ષ્ અને ઋ વર્ણથી પર વ્યંજનાદિ અને નામી ઉપાન્ત્ય ધાતુથી પર રહેલાં કૃત્ પ્રત્યયનાં ન્નો સ્વરથી પર ણ્ વિકલ્પે થાય છે.

સ. : (૧) **व्यञ्जनादेः**→व्यञ्जनमादिर्यस्याऽसौ इति व्यञ्जनादिः, तस्मादिति।

(૨) **नाम्युपान्त्यात्**→नामी उपान्त्ये यस्याऽसौ इति नाम्युपान्त्यः, तस्मादिति।

ઉદા. **प्रमेहणम्/प्रमेहनम्**→સિંચવું.

प्रमिह्यते इति। (मिहं सेचने-५५१)

अनट् ५.३.१२४थी अनट्→प्र+मिह्+**अन**

लघोरुपा०४.३.४थी गुण→प्र+**मे**हन

આ સૂત્રથી વિકલ્પે ન્નો ણ્→प्रमेह**णम्**

प्रथमा सि वगेरे→प्रमेह**णम्**।

પ્ર.ઉદા. **व्यञ्जनादेरिति किम् ? प्रोहणम्**→સારો તર્ક કરવો. (ऊहि तर्के-८७०) प्रोह्यते इति।

આ ઉદા.ની સાધનિકા ૨.૩.૮૬માં દર્શાવેલ प्रेङ्खणम् પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાદિ ધાતુથી થાય છે. જ્યારે અહીં વ્યંજનાદિ ધાતુ નથી માટે આ સૂત્રથી ન્નો ણ્ થયો નહીં.

વિશેષતા :

ઉપરોક્ત ઉદા.માં स्वरात् ૨.૩.૮૫થી न्નાં ण्नी नित्य प्राप्ति હતી તેને વિકલ્પે કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

णेर्वा ૨/૩/૮૮

અ.અ.સૂ. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् णेः(धातोः) कृतः नः स्वरात् णः वा, (अलचटतवर्गशसान्तरे)।

અર્થ : દુર્ સિવાયનાં ઉપસર્ગ અને અન્તર્ શબ્દ સંબંધી र्, ष् અને ऋ વર્ણથી પર ण्यन्त ધાતુથી પર રહેલાં कृत् પ્રત્યયનાં न्નો સ્વર પર છતાં ण् વિકલ્પે થાય છે.

ઉદા. प्रमङ्गणा/प्रमङ्गना→માંગણી કરવી. प्रमङ्गनमिति।

(मगु गतौ-८५) प्रमङ्गन्तं प्रयुङ्क्ते इति।

उदितः स्वरान्नो०४.३.४५થી न्→प्र+मन्ग्

प्रयोक्तृ०३.४.२०થી णिग्→प्र+मन्ग्+**इ**

णि-वेत्त्यास०५.३.१११થી अन→प्र+मन्गि+**अन**

णेरनिटि ४.३.८३થી णिग्नो लोप→प्र+मन्ग्+अन

म्नां धुड्वर्गे०१.३.३९થી न्नो ङ्→प्र+म**ङ्ग्**+अन

आत् २.४.१८થી आप्→प्रमङ्गन+**आ**

समानानां०१.२.१થી दीर्घ→प्रमङ्ग**ना**

પ્રથમા સિ વગેરે→प्रमङ्गना

આ સૂત્રથી વિકલ્પે न्नो ण्→प्रमङ्ग**णा**/प्रमङ्ग**ना**।

★ **विहितविशेषणं किम् ? प्रयाप्यमाणः/प्रयाप्यमानः**→લઈ જવામાં આવતો.

प्रयाप्यते इति (यांक् प्रापणे-१०६२)

प्रयान्तं प्रयुङ्क्ते इति
प्रयोक्तृ०३.४.२०थी णिग्→प्र+या+**इ**
अर्त्ति-री०४.२.२१थी प् आगम→**प्रयापि**
शत्रानशा०५.४.२०थी आनश्→प्रयापि+**आन**
क्यः शिति ३.४.७०थी क्य→प्रयापि+**य**+आन
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→प्रयाप्+य+आन
अतो म आने ४.४.११४थी म्नो आगम→प्रयाप्य**मान**
प्रथमा सि वगेरे→प्रयाप्यमानः
आ सूत्रथी विकल्पे न्नो ण्→प्रयाप्यमा**णः**/प्रयाप्यमा**नः**।

★ **इति क्यान्तरेऽपि स्यात्**→लघुवृत्तिमां निर्दिष्ट विहित पद धातुनुं विशेषण करवाथी इ पछी क्यनुं व्यवधान होते छते पण कृत्नां न्नो ण् थयो. तेमज, णिग्नो लोप थया बाद पण न्नो ण् थाय छे.

विशेषता :

आ सूत्रनां विषयभूत प्रयोगोमां नाम्यादि सिवायनां धातुओमां नाम्यादेरेव० २.३.८६मां एवकार द्वारा दर्शावेलां नियमथी न्नां ण्नो निषेध थतो हतो. तथा, अन्य धातुओमां स्वरात् २.३.८५थी नित्य न्नां ण्नी प्राप्ति हती. आम, नित्य प्राप्त-अप्राप्त प्रयोगोमां विकल्प करवा माटे आ सूत्रनो निर्देश छे.

निर्विण्णः २/३/८९

अ.अ.सू. : निर्विण्णः नः णः, (अलचटतवर्गशसान्तरे)।

अर्थ : निर् पूर्वक सत्ता, लाभ अने विचारार्थक विद् धातुथी क्तनां न्नो ण् निपातन कराय छे.

ઉદા. **निर्विण्णः**→નિર્વેદ પામેલો.

निर्विद्यते स्मेति (विदिंच् सत्तायाम्-१२५८)

निर्विन्दति स्मेति (विद्लृंती लाभे-१३२२)

निर्विन्ते स्मेति (विदिंप् विदारणे-१४९७)

અહીં પ્રથમ બે ધાતુમાં गत्यर्थाऽ०५.१.११थी અને,

ત્રીજા ધાતુમાં क्त-क्तवतु ५.१.१७४थी क्त→निर्+विद्+**त**

પ્રથમ બે ધાતુમાં रदादमूर्च्छ०४.२.६९थी द्+त=न्न→निर्+विन्न

અને, ત્રીજા ધાતુમાં ऋ-ह्री०४.२.७६थी तनो न→निर्+विद्+**न**

तृतीयस्य पञ्चमे १.३.१थी द्नो न्→निर्+विन्न

આ સૂત્રથી न्नो ण् निपातन→निर्+विन्**ण**

तवर्गस्य०१.३.६०थी न्नो ण्→निर्विण्**ण**

प्रथमा सि वगेरे→निर्विण्णः।

વિશેષતા :

(૧) निर्+विद्+क्त આવી અવસ્થામાં रदादमूर्च्छ०४.२.६९ વગેરે સૂત્રથી પ્રત્યયનાં त् અને ધાતુનાં द्नो न् થતાં निर्+विन्+**न** આવું સ્થાન પ્રાપ્ત થાય છે. અહીં र्(निमित्त) અને न्(स्थानी) એક પદમાં નથી. તથા, બન્ને વચ્ચે તવર્ગીય न्नું વ્યવધાન છે. માટે र-षृवर्णान्नो०२.३.६३થી न्नां ण्नी પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) સૂત્રમાં 'निर्विण्णः' એ પ્રમાણે અનિટ્ પ્રયોગનો નિર્દેશ હોવાથી (विदिंच् सत्तायाम्-१२५८) દિવાદિ, (विद्लृंती लाभे-१३२२) તુદાદિ અને (विदिंप् विचारणे-१४७०) રુધાદિ એમ ત્રણ અનિટ્ ધાતુઓનું જ ગ્રહણ કરવું. પણ (विद्क्-१०९९) અદાદિ સેટ્ ધાતુનું ગ્રહણ કરવું નહીં.

(૩) કેટલાંક વ્યાકરણકારો અદાદિ સંબંધી વિદ્ ધાતુથી પણ તેમજ, क्तवतु પ્રત્યયાન્ત निर्विण्णवान् પ્રયોગ પણ ઈચ્છે છે.

★ **ન્નાં ણ્નો નિષેધ : ૨.૩.૯૦ થી ૨.૩.૯૬**

न ख्या-पूग्-भू-भा-कम-गम-प्याय-वेपो णेश्च २/३/९०

અ.અ.સૂ. : अदुरुपसर्गान्तरः र-षृवर्णात् णेः च ख्या-पूग्-भू-भा-कम-गम-प्याय-वेपः(धातोः) कृतः नः णः न।

અર્થ : દુર્ સિવાયનાં ઉપસર્ગ તથા અન્તર્ શબ્દ સંબંધી ર્, ષ્ અને ઋ વર્ણથી પર ણ્યન્ત અને અણ્યન્ત ख्या, पू, भू, भा, कम्, गम्, प्याय् અને वेप् ધાતુથી પર રહેલાં કૃત્ પ્રત્યયનાં ન્નો ણ્ થતો નથી.

સ. : ख्या-पूग्-भू-भा-कम-गम-प्याय-वेपः→ख्याश्च पूग् च भूश्च, भाश्च कमश्च गमश्च प्यायश्च वेप् च इति ख्यापूगभूभाकमगम-प्यापवेप्, तस्मादिति।

ઉદા. ★ **ख्या**-(ख्यांक् પ્રકથને-૧૦૭૧)

(૧) **प्रख्यानम्**→પ્રસિદ્ધિ પામેલું. प्रख्यायते इति।
अनट् ૫.૩.૧૨૪થી अनट्→प्र+ख्या+**अन**
પ્રથમા સિ વગેરે→**प्रख्यानम्**।
(स्वरात् ૨.૩.૮૫થી પ્રાપ્ત ન્નાં ણ્નો આ સૂત્રથી **નિષેધ.**)

(૨) **प्रख्यापनम्**→પ્રસિદ્ધિ પમાડાયેલ. प्रख्याप्यते इति।
प्रख्यान्तं प्रयुङ्क्ते इति
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→प्र+ख्या+**इ**
अर्त्ति-री०૪.૨.૨૧થી पु આગમ→**प्रख्यापि**

अनट् ५.३.१२४थी अनट्→प्रख्यापि+**अन**
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→प्रख्यापन
प्रथमा सि वगेरे→प्रख्यापन**म्**।
(णेर्वा २.३.८८थी प्राप्त न्नां ण्नो आ सूत्रथी **निषेध.**)

★ **पूग्**-(पूग्श्पवने-१५१८)

(३) **प्रपवनम्**→पवित्र थवुं. प्रपूयते इति।
अनट् ५.३.१२४थी अनट्→प्र+पू+**अन**
नामिनो०४.३.१थी गुण→प्र+**पो**+अन
ओदौतोऽ०१.२.२४थी अव्→प्र+**पव**न
प्रथमा सि वगेरे→प्रपवन**म्**।
(स्वरात् २.३.८५थी प्राप्त न्नां ण्नो आ सूत्रथी **निषेध.**)

(४) **प्रपावनम्**→प्रवित्र करवुं. प्रपाव्यते इति।
प्रपुनन्तं प्रयुङ्क्ते इति।
प्रयोक्तृ०३.४.२०थी णिग्→प्र+पू+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→प्र+**पौ**+इ
ओदौतोऽ०१.२.२४थी आव्→प्र+**पावि**
आ उदा.मां अनट् वगेरे कार्यो प्रख्यापनम् प्रमाणे जाणवा.
(स्वरात् २.३.८५थी प्राप्त न्नां ण्नो आ सूत्रथी **निषेध.**)

★ (भू सत्तायाम्-१)

(५) **प्रभवनम्**→समर्थ थवुं. प्रभूयते इति।

(६) **प्रभावना**→समर्थ करवुं. प्रभाव्यते इति।
आ उदा.नी साधनिका प्रपवनम् अने प्रपावनम् प्रमाणे जाणवी. परंतु प्रभावनामां णि-वेत्त्यास०५.३.१११थी अन तथा, आत् २.४.१८थी आप् प्रत्यय करवो.

★ (भांक् दीप्तौ-१०६१)

(७) **प्रभायमानम्**→शोभाने पामेलुं. प्रभायते इति।
शत्रा-नशा०५.२.२०थी आनश्→प्र+भा+**आन**
क्यः शिति ३.४.७०थी क्य→प्र+भा+**य**+आन
अतो म आने ४.४.११४थी म् आगम→प्रभाय**मान**
प्रथमा सि वगेरे→प्रभायमा**नम्**।

(८) **प्रभावना**→शोभा करायेलुं. प्रभाप्यते इति।
आ उदा.नी साधनिका प्रभावना प्रमाणे जाणवी. परंतु प्रख्यापनम्नी जेम पु आगम करवो.

★ **कम्**- (कमूङ् कान्तौ-७८९)
कमेर्णिङ् ३.४.२थी णिङ्→कम्+**इ**
ञ्णिति ४.३.५०थी वृद्धि→कामि

(९) **प्रकामिनौ**→ प्रकृष्ट रीते ईच्छा करवाना स्वभाववाळा बे. प्रकाम्येते इत्येवंशीलौ इति।
अजातेः०५.१.१५४थी इन्→प्र+कामि+**इन्**
णेरनिटि ४.३.८३थी इनो लोप→प्रकामिन्
प्रथमा औ→प्रका**मिनौ**।
(स्वरात् २.३.८५थी प्राप्त न्नां ण्नो आ सूत्रथी **निषेध.**)

(१०) **प्रकामना**→प्रकृष्ट रीते ईच्छा करावनानां स्वभाववाळी. प्रकाम्यते इति।
णि-वेत्त्यास०५.३.१११थी अन→प्र+कामि+**अन**
णेरनिटि ४.३.८३थी णिग्नो लोप→प्र+काम्+अन
आत् २.४.१८थी आप्→प्रकामन+**आ**
समानानां०१.२.१थी दीर्घ→प्रका**मना**

प्रथमा सि वगेरे→प्रकामना।
(णेर्वा २.३.८८थी प्राप्त न्नां ण्नो **निषेध.**)

★ **गम्**- (गम्लृं गतौ-७९६)

(११) **अप्रगमनिः**→प्राप्त नहि थयेलुं. न प्रगमनं ते भूयादिति।
नाम नाम्नै०३.१.१८थी समास→न+प्र+गम्
नञोऽनि०५.३.११७थी अनि→न+प्र+गम्+**अनि**
नञत् ३.२.१२५थी नञ्नो अ→**अ**प्रगमनि
प्रथमा सि वगेरे→अप्रगमनिः।

(१२) **प्रगमना**→प्राप्त करायेली. प्रगम्यते इति।
आ उदा.नी साधनिका प्रकामना प्रमाणे जाणवी.

★ **प्याय्**→ (औप्यायैङ् वृद्धौ-८०५)

(१३) **प्रप्यानः**→वृद्धि पामेलुं. प्रप्यायते स्मेति।
क्त-क्तवतू ५.१.१७४थी क्त→प्र+प्याय्+**त**
व्यञ्जनान्तस्था०४.२.७१थी न→प्र+प्याय्+**न**
ग्वोः प्वय्०४.४.१२१थी य्नो लोप→प्रप्यान
प्रथमा सि वगेरे→प्रप्यानः।

(१४) **प्रप्यायना**→वृद्धि कराएली. प्रप्याय्यते इति।
आ उदा.नी साधनिका प्रकामना प्रमाणे जाणवी.

★ (टुवेपृङ् चलने-७५४)

(१५) **प्रवेपनीयम्**→धुजवा योग्य. प्रवेप्यते इति।
तव्या-ऽऽनीयौ ५.१.२७थी अनीय्+प्र+वेप्+**अनीय**
प्रथमा सि वगेरे→प्रवेपनीय**म्**।

(१६) **प्रवेपना**→धुजावनारी. प्रवेप्यते इति।
आ उदा.नी साधनिका प्रकामना प्रमाणे जाणवी.

વિશેષતા :

(૧) અહીં ણ્યન્ત ધાતુઓને ણેર્વા ૨.૩.૮૮ સૂત્રથી વિકલ્પે ન્નાં ણ્ની પ્રાપ્તિ હતી અને અણ્યન્ત ધાતુઓને સ્વરાત્ ૨.૩.૮૫થી નિત્ય ન્નાં ણ્ની પ્રાપ્તિ હતી તે સર્વનો નિષેધ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) સૂત્રમાં ખ્યા ધાતુને અનુબંધ રહિત ગ્રહણ કર્યો હોવાથી **निरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે ચક્ષ્ ધાતુનાં આદેશ ખ્યાંક્નું પણ ગ્રહણ થશે.

(૩) અહીં સૂત્રમાં णेः એ પ્રમાણે ણ્યન્ત પ્રયોગનો નિર્દેશ કર્યો છે. અને ચકાર દ્વારા ણ્યન્ત અને અણ્યન્ત બન્ને પ્રયોગનો સમુચ્ચય કર્યો છે.

(૪) પૂગ્માં ગ્ અનુબંધનો નિર્દેશ તે ક્રયાદિ ગણનાં પૂનાં ગ્રહણ માટે અને પૂङ્-૬૦૦ ભ્વાદિનાં વર્જન માટે છે.

(૫) કેટલાંક ચન્દ્રગોમી વ્યાકરણકારો ખ્યા ધાતુથી णत्व કરે છે. તેથી તેમનાં મતે प्रख्याणम्, प्रख्यायमाणम् પ્રયોગો સિદ્ધ થાય છે.

देशेऽन्तरोऽयन-हनः ૨/૩/૯૧

અ.અ.સૂ. : अन्तरः अयन-हनः नः देशे णः न।

અર્થ : અન્તર્ શબ્દથી પર રહેલાં અયન શબ્દ અને હન્ ધાતુનાં ન્નો દેશ અર્થમાં ણ્ થતો નથી.

સ. : अयन-हनः→अयनश्च हन् च इति अयनहन्, तस्येति।

ઉદા. (૧) **अन्तरयनो देशः**→દેશ વિશેષ. अन्तरय्यतेऽस्मिन्निति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→अन्तर्+अयन
પ્રથમા સિ વગેરે→अन्तरयनः।

(૨) **अन्तर्हननो देशः**→દેશ વિશેષ.
अन्तर्हन्यतेऽस्मिन्निति। (हनंक् हिंसा-गत्योः-૧૧૦૦)
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→ अन्तर्+हनन
करणा-ऽऽधारे ૫.૩.૧૨૪થી अनट्→अन्तर्+हन्+**अन**
પ્રથમા સિ વગેરે→अन्तर्हननः।

વિશેષતા :

(૧) અહીં अयन् શબ્દમાં स्वरात् ૨.૩.૮૫થી અને हन् ધાતુમાં हनः ૨.૩.૮૨થી નિત્ય न्નાં ण्ની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્ર દ્વારા નિષેધ કરવામાં આવે છે.

(૨) अन्तर्ની અનુવૃત્તિ ચાલુ હોવા છતાં સૂત્રમાં પુનઃ 'अन्तर्' નું ગ્રહણ 'अदुरुपसर्गान्तरः'ની અનુવૃત્તિને અટકાવવા માટે છે. તેથી, अन्तर् સિવાય ઉપસર્ગથી ૫૨ રહેલાં अयन શબ્દ અને हन् ધાતુમાં દેશ અર્થ જણાતો હશે તો પણ न्નો ण् થશે. જેમકે, प्रयाणो देशः।

षात् पदे ૨/૩/૯૨

અ.અ.સૂ. : पदे षात् नः णः न।

અર્થ : ૫દ ૫૨ છતાં પૂર્વમાં રહેલ ष्થી ૫૨ न्નો ण् થતો નથી.

ઉદા. **सर्पिष्पानम्**→ઘીનું પીવું. सर्पिषः पानमिति।
कृति ૩.૧.૭૭થી સમાસ→सर्पिर्+पान
समासेऽसम०૨.૩.૧૩થી र्નો ष्→सर्पिष्पान
પ્રથમા સિ વગેરે→सर्पिष्पा**नम्**।

પ્ર.ઉદા. पद इति किम् ? सर्पिष्केण→ખરાબ ઘી વડે.

निन्द्यं सर्पिरिति सर्पिष्कः, तेनेति।

कुत्सिताऽल्प०७.४.२९थी कप्→सर्पिस्+**क**

सो रुः २.१.७२थी स्नो रु→सर्पि**र्**+क

नामिनस्तयोः०२.३.८थी र्नो ष्→सर्पिष्क

तृतीया टा वगेरे→सर्पिष्केन,

र-षृवर्णान्०२.३.६७थी न्नो ण्→सर्पिष्के**ण**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ष्थी પર પદમાં જ થાય છે. જ્યારે અહીં પદ નથી માટે આ સૂત્રથી न्નાં ण्નો નિષેધ થયો નથી.

વિશેષતા :

(૧) (a) અહીં पानस्य०२.३.६९થી न्નાં ण्ની વિકલ્પે પ્રાપ્તિ હતી તથા, (b) निष्पानम्માં स्वरात् २.३.८५થી નિત્ય અને निष्पायनम्માં णेर्वा २.३.८८થી વિકલ્પે णत्वની પ્રાપ્તિ હતી તેનો નિષેધ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) સૂત્રગત 'षात्' પદમાં રહેલ षમાં અકાર ઉચ્ચારણ માટે છે.

જિ. : सर्पिष्पानम् વગેરે સ્થાને આ સૂત્ર દ્વારા નિષેધ હોવાથી ष्ને આશ્રયીને न्નો ण् ભલે ન થયો પણ सर्पिष्માં રહેલાં રેફને આશ્રયીને પણ न्નો ण् શા માટે ન કર્યો ?

સમા. : વસ્તુતઃ જ્યાં એક જ કાર્યનાં બે નિમિત્ત જણાતાં હોય ત્યાં પ્રત્યાસત્તિનાં નિયમથી નજીકનાં નિમિત્તનું જ ગ્રહણ થાય છે. પણ દૂરનાં નિમિત્તનું ગ્રહણ થતું નથી. તેથી सर्पिष्पानम् વગેરે પ્રયોગનાં આ સૂત્રમાં નિષેધ હોવાથી ष् નિમિત્તક ण् ન થતાં રેફને નિમિત્ત સ્વરૂપે ગણાતું નથી.

पदेऽन्तरेऽनाऽऽङ्च-तद्धिते २/३/९३

અ.અ.સૂ. : अनाङ्यतद्धिते पदे अन्तरे र-षृवर्णात् नः णः न।

અર્થ : ર્, ષ્ અને ઋ વર્ણ રૂપ નિમિત્ત અને ન્ની વચ્ચે જો આઙ્ અંતવાળા તેમજ તદ્ધિત અંતવાળાં પદોને છોડીને અન્ય પદ હોય તો ર્, ષ્ અને ઋ વર્ણથી પર ન્નો ણ્ થતો નથી.

સ. : (૧) **अनाङि**→न आङ् इति अनाङ्, तस्मिन्निति।
(૨) **अतद्धिते**→न तद्धित इति अतद्धितः; तस्मिन्निति।

ઉદા. (૧) **प्रावनद्धम्**→પુષ્ટ થયેલ. प्रावनह्यते स्मेति।
(णहींच् बन्धने-१२८५)
पाठे धात्वादे०२.३.९७थी न्नो ण्→**नह्** धातु.
क्त-क्त०५.१.१७४थी क्त→प्र+अव+नह्+**त**
नहाऽऽहो०२.१.८५थी ध्→प्र+अव+नध्+त
अधश्चतुर्थात्०२.१.७९थी तनो ध→प्र+अव+नध्+**ध**
तृतीयस्तृतीय०१.३.४९थी ध्नो द्→प्र+अव+न**द्ध**
समानानां०१.२.१थी दीर्घ→**प्राव**नद्ध
प्रथमा सि वगेरे→प्रावन**द्धम्**।

★ આ ઉદા.માં પ્રનો ર્ અને નહ્નાં ન્ વચ્ચે આઙ્ સિવાયનાં અવનું વ્યવધાન હોવાથી अदुरुपसर्गा०२.३.७७थी પ્રાપ્ત ન્નો ણ્ થયો નહીં.

(૨) **रोषभीममुखेन**→રોષથી ભયંકર થયેલા મુખવાળા.
रोषेण भीमं मुखं यस्य स इति रोषभीममुखः, तेनेति।
उष्ट्रमुखा०३.१.२३थी સમાસ→रोष+भीम+मुख
तृतीया टा वगेरे→रोषभीममु**खेन**।

★ આ ઉદા.માં રોષનાં ષ્ અને મુખેનનાં ન્ વચ્ચે તદ્ધિત સિવાયનાં ભીમ શબ્દનું વ્યવધાન છે માટે કવર્ગૈકસ્વરવતિ ૨.૩.૭૬થી પ્રાપ્ત ન્ નો ણ્ થયો નહીં.

પ્ર.ઉદા. (૧) **अनाङीति किम् ? प्राणद्धम्**→તૈયાર થયેલું.
આ ઉદા.ની સાધનિકા પ્રાવનદ્ધમ્ પ્રમાણે જાણવી. પરંતુ અદુરુપસર્ગા૦૨.૩.૭૭થી ન્નો ણ્ કરવો.

(૨) **अतद्धित इति किम्? आर्द्रगोमयेण**→ભીના છાણ વડે.
गोः पुरीषमिति અર્થમાં,
गोः पुरीषे ૬.૨.૫૦થી मयट्→गो+**मय**
आर्द्रं च तद् गोमयं च इति आर्द्रगोमयम्, तेनेति।
विशेषणं-विशेष्ये૦૩.૧.૯૬થી સમાસ→आर्द्रगोमय
તૃતીયા ટા વગેરે→आर्द्रगोम**येन**
कवर्गैकस्वरवति ૨.૩.૭૬થી ન્નો ણ્→आर्द्रगोमये**ण**।

★ આ સૂત્ર તદ્ધિત પ્રત્યયાન્ત સિવાયનાં શબ્દનાં વ્યવધાનમાં જ પ્રવર્તે છે. જ્યારે અહીં તદ્ધિત પ્રત્યયાન્ત 'गोमय'નું વ્યવધાન છે. માટે આ સૂત્રથી ન્નાં ણ્નો નિષેધ થયો નહીં.

વિશેષતા :

અહીં माषकुम्भवापेन પ્રયોગમાં જો 'माषकुम्भस्य वाप' અથવા 'माषाः वापोऽस्येति' એ પ્રમાણે વિગ્રહ કરવામાં આવે તો वोत्तरपदान्तन० ૨.૩.૭૫ સૂત્ર દ્વારા વિકલ્પે અને माषस्य कुम्भवापः એ પ્રમાણે વિગ્રહ કરવામાં આવે તો कवर्गैकस्वरवति ૨.૩.૭૬ સૂત્ર દ્વારા ઉત્તર ન્નાં ણ્ની પ્રાપ્તિ હતી તથા એ પ્રમાણે અન્ય વિગ્રહોમાં યથાસંભવ નિત્ય અને વિકલ્પે પ્રાપ્તિ હોવાથી પ્રતિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ કરવામાં આવે છે.

અહીં કેટલાંક વ્યાકરણકારો 'माषकुम्भस्य वापः' એ પ્રમાણે વિગ્રહમાં પૂર્વપદનાં અવયવભૂત कुम्भ પદ વ્યવધાયક હોવાથી આ સૂત્ર દ્વારા નિષેધ ઈચ્છતાં નથી. પણ વિકલ્પ જ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે माषकुम्भवापेन/माषकुम्भवापेण એ પ્રમાણે પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

हनो घि २/३/९४

અ.અ.સૂ. : हनः(धातोः) नः घि अन्तरे णः न।

અર્થ : હન્ ધાતુનાં ન્નો નિમિત્ત અને કાર્યીની વચ્ચે घ્નું વ્યવધાન હોતે છતે ण્ થતો નથી.

ઉદા. शत्रुघ्नः→નામ વિશેષ. शत्रुं हन्तीति।
ब्रह्मादिभ्यः ५.१.८५થી टक्→शत्रु+हन्+**अ**
गम-हन-जन०४.२.४४થી अनो લોપ→शत्रु+**ह्न**
हनो हनो०२.१.११થી हनનો घ्न→**शत्रुघ्न**
प्रथमा सि વગેરે→शत्रुघ्नः।

વિશેષતા :

અહીં સંજ્ઞાનાં વિષયમાં पूर्वपदस्थाना०२.३.६४થી અને અસંજ્ઞાનાં વિષયમાં कवर्गैकस्वरवति २.३.७६થી णत्वની નિત્ય પ્રાપ્તિ હતી. તેનો નિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

नृत्तेर्यङि २/३/९५

અ.અ.સૂ. : नृत्तेः(धातोः) नः यङि णः न।

અર્થ : નૃત્ ધાતુનાં ન્નો यङ् પ્રત્યય પર છતાં ण્ થતો નથી.

ઉદા. (૧) नरीनृत्यते→તે ઘણું/વારંવાર નૃત્ય કરે છે.
भृशं/पुनः पुनः नृत्यतीति (नृतैच् नर्त्तने-११५२)

व्यञ्जनादेरेक०३.४.९थी यङ्→नृत्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**नृ**नृत्+य
ऋतोऽत् ४.१.३९थी ऋनो अ→**न**नृत्+य
बहुलं लुप् ३.४.१४थी यङ्नो लोप→ननृत्
ऋमतां रीः ४.१.५५थी री आगम→**नरी**नृत्
वर्त्तमाना०३.३.६थी ते→नरीनृत्**यते**।

(२) **नरीनर्त्ति**→તે ઘણું/વારંવાર નૃત્ય કરે છે.
પૂર્વ પ્રમાણે યङ્ વગેરે→ननृत्
ऋमतां री ४.१.५५थी रि आगम→**नरि**नृत्
वर्त्तमाना०३.३.६थी तिव्→नरिनृत्+**ति**
लघोरुपा०४.३.४थी गुण→नरि**नर्त्ति**।

प्र.उदा. यङीति किम् ? हरिणर्त्ती नाम कश्चित्→નામ વિશેષ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ यङ્ પ્રત્યય પર છતાં જ થાય છે. જ્યારે અહીં यङ્ પ્રત્યય નથી માટે આ સૂત્રથી न्नां ण्नो નિષેધ થયો નહીં.

क्षुभ्नादीनाम् २/३/९६

अ.अ.सू. : क्षुभ्नादीनां नः णः न।

अर्थ : क्षुभ्ना વગેરેમાં न्नो ण् થતો નથી.

स. : क्षुभ्नादीनाम्→क्षुभ्ना आदिर्येषां ते इति क्षुभ्नादयः,तेषामिति।

उदा. (१) **क्षुभ्नाति**→તે કંપે છે. (क्षुभश् संचलने-१५५७)
वर्त्तमाना०३.३.६थी तिव्→क्षुभ्+**ति**
व्र्यादेः ३.४.७९थी श्ना→क्षुभ्+**ना**+ति
આ સૂત्रथी न्नां ण्नो निषेध→क्षुभ्**ना**ति।

(૨) **आचार्यनी**→આચાર્યની પત્ની. आचार्यस्य भार्या इति।
मातुलाऽचार्यो०૨.૪.૬૩થી ङी અને आन्→आचार्य+**आन्+ई**
આ સૂત્રથી न्નાં ण्નો નિષેધ→आचार्या**नी**।

વિશેષતા :

(૧) **क्षुभ्नादि ગણ :** क्षुभ्ना, तृनु, आचार्यानी, आचार्यभोगीन, सर्वनामन्, नृनमन (नृनम), नृत्त, नर्त्तन, नट, नद(नड), नदी, नगर, निवेश, निवास, अग्नि, अनूप, नन्दिन्, नन्दन, गहन, नदन, ख्यांग् વગેરે. અહીં કેટલાક વ્યાકરણકારો नृनमन સ્થાને नृनम અને नदનાં સ્થાને नड પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ માને છે.

સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી અન્ય સૂત્રથી णत्वનાં અયોગ્ય હોય એવા धनद વાચક नरवाहनम् પ્રયોગોનો પણ આ ગણમાં સમાવેશ થતો નથી.

(૨) સૂત્રમાં 'क्षुभ्ना'એ પ્રમાણે વિકરણ પ્રત્યય સહિત ધાતુનો નિર્દેશ કર્યો છે. તે માત્ર ક્રયાદિ ગણ સંબંધી क्षुभ् ધાતુનાં ગ્રહણ માટે છે. પણ यङ्लुबन्तમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. તથા 'क्षुभ्ना' એ પ્રમાણે લુપ્ત થયેલા तिव् વાળો પણ નિર્દેશ હોવાથી क्षोभणम् વગેરે વિકરણ પ્રત્યય રહિત પણ પ્રયોગોમાં આ સૂત્રથી न्નાં ण्નો નિષેધ થતો નથી.

જિ. : સૂત્રમાં 'क्षुभ्ना' એ પ્રમાણે આકારાન્ત श्नાનો નિર્દેશ છે જ્યારે क्षुभ्नाति વગેરે પ્રયોગમાં श्ना પ્રત્યયનાં आનો इ આદેશ થાય છે. તો પણ ત્યાં આ સૂત્ર દ્વારા न्નાં ण्નો નિષેધ શા માટે થયો ?

સમા. : જો ત્યાં ન્નો ણ્ કરવામાં આવે તો પણ સૂત્રમાં તે णत्वनुं કાર્ય અસત્ થાય છે. પરંતુ **एकदेशविकृतमनन्यवत्** ૧/૭ ન્યાયાનુસારે સ્વરનો આદેશ સ્થાનીવત્ મનાતો હોવાથી इ આદેશ દ્વારા આ સ્વરૂપે જ મનાય છે. આમ, સૂત્રગત નિર્દેશથી પ્રાપ્તિ થતી હોવાથી આ સૂત્રથી ન્નાં ણ્નો નિષેધ થયો નથી.

पाठे धात्वादेर्णो नः ૨/૩/૯૭

અ.અ.સૂ. : पाठे धात्वादेः णः नः।

અર્થ : ધાતુપાઠમાં નિર્દિષ્ટ જે-જે ધાતુની આદિમાં ણ્ છે તેનો ન્ થાય છે.

સ. : धात्वादेः→धातोरादिरिति धात्वादिः, तस्येति।

ઉદા. नयति→તે લઈ જાય છે. (णींग् प्रापणे-૮૮૪)
આ સૂત્રથી ણ્નો ન્→**नी** ધાતુ.
वर्त्तमाना०૩.૩.૬થી तिव् વગેરે→**नयति**।

પ્ર.ઉદા. (૧) पाठ इति किम् ? णकारीयति→તે ણકારને ઈચ્છે છે.
णकारमिच्छतीति।
अमाव्ययात्०૩.૪.૨૩થી क्यन्→ णकार+**य**
क्यनि ૪.૩.૧૧૨થી દીર્ઘ ઈ→णका**री**य
तिव् વગેરે→णकारीय**ति**।

★ આ સૂત્રમાં ધાતુપાઠમાં દર્શાવેલ જ ણ્નો ન્ થાય છે. જ્યારે અહીં ધાતુપાઠમાં દર્શાવેલ ધાતુ નથી માટે આ સૂત્રથી ણ્નો ન્ થયો નહીં.

(૨) **आदेरिति किम् ? रणति**→તે અવાજ કરે છે.
(રણ શબ્દે-૨૬૦) આ ઉદા.માં તિવ્ વગેરે પૂર્વ પ્રમાણે જાણવું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાતુની આદિમાં જ ણ્ હોય તો થાય છે. જ્યારે અહીં ધાતુને અન્તે ણ્ છે માટે આ સૂત્રથી ણ્નો ન્ થયો નહીં.

વિશેષતા :

નૃત્તિ, નન્દિ, નર્દિ, નશિ, નટિ, નક્કિ, નાધૃ, નાથૃ અને નૃ સિવાયનાં ન્કારાદિ ધાતુઓ ણ્ ઉપદેશવાળાં છે.

જિ. : અહીં કોઈપણ નિમિત્ત વિના ધાતુપાઠમાં દર્શાવેલ ણ્ આદિવાળાં તમામ ધાતુનું ગ્રહણ કર્યું છે તો આ રીતે સૂત્ર પ્રવૃત્તિ વિના ધાતુપાઠમાં જ ન્ આદિવાળાં ધાતુનો નિર્દેશ શા માટે ન કર્યો ? જેથી એક સૂત્રની પ્રવૃત્તિ ઓછી થતાં પ્રક્રિયા લાઘવ પણ થાય.

સમા. : વસ્તુતઃ આ સૂત્ર દ્વારા દર્શાવેલ णोपदेश ધાતુ अदुरुपसर्गा० ૨.૩.૭૭ સૂત્રની વિષય વ્યવસ્થા માટે છે. તેથી નૃત્ વગેરે મૂળથી ન્ વાળાં ધાતુ સિવાયનાં णोपदेश ધાતુનાં વિષયમાં દુર્ સિવાયનાં ઉપસર્ગ અને અન્તર્થી પર જ ન્નો ણ્ થશે. અન્યથા નહીં થાય. જેમકે, परिणयः, दुर्नयः ।

षः सोऽष्ट्यै-ष्ठिव-ष्वष्कः ૨/૩/૯૮

અ.અ.સૂ. : **पाठे धात्वादेः षः सः, अष्ट्यै-ष्ठिव-ष्वष्कः।**

અર્થ : ધાતુપાઠમાં નિર્દિષ્ટ ધાતુનાં આદિ ષ્નો સ્ થાય છે. જો તે ષ્ટ્યૈ, ષ્ઠિવ્ અને ષ્વષ્ક્ ધાતુ સંબંધી ન હોય તો.

સ. : **अष्ट्यै-ष्ठिव-ष्वष्कः**→ष्ट्यैश्च ष्ठिवश्च ष्वष्क् च इति ष्ट्यैष्ठिवष्वष्क्, न ष्ट्यैष्ठिवष्वष्क् इति अष्ट्यैष्ठिवष्वष्क्, तस्येति।

ઉદા. (૧) **सहते**→તે સહન કરે છે. (षहि मर्षणे-૯૯૦)
આ સૂત્રથી ष्नो स्→**सह्** ધાતુ.
વર્ત્તમાના૦૩.૩.૬થી તે વગેરે→**सहते**।

પ્ર.ઉદા. ★ **आदेरित्येव→लषति**→તે દીપે છે.
(लषी कान्तौ-૯૨૭) તિવ્ વગેરે પૂર્વ પ્રમાણે જાણવું.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધાતુની આદિમાં ष् હોય તો થાય છે. જ્યારે અહીં ધાતુની અન્તે ष् છે માટે આ સૂત્રથી ष्नो स् થયો નહીં.

★ **ष्ट्यादिवर्जनं किम् ?**

(૧) **ष्ट्यायति**→તે ભેગું કરે છે. (ष्ट्यै संघाते-૩૯)
વર્ત્તમાના૦૩.૩.૬થી તિવ્→વગેરે→**ष्ट्याय्**+અ+તિ

(૨) **ष्ठीवति**→તે થૂંકે છે. (ष्ठिवू निरसने-૪૬૩)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે કરવી. તથા ष्ठीवू-૦૪.૨.૧૧૦થી સ્વર દીર્ઘ કરવો.

(૩) **ष्वष्कते**→તે જાય છે. (ष्वष्कि गतौ-૬૨૯)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવું.

★ આ સૂત્રમાં ष्ट्यै વગેરેનું વર્જન હોવાથી અહીં ष्नो स् થયો નથી.

વિશેષતા :

(૧) અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ षण्ढीयति વગેરે નામધાતુનાં પ્રયોગોમાં આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં ष्नो स् થતો નથી.

(૨) सृपि, सृजि, स्त्या, स्तृ, स्तृ, सृ, सेकृ સિવાયનાં સ્કારથી પર સ્વર અથવા દન્ત્ય વ્યંજન હોય તેવા તેમજ, स्मि, स्विद्, स्वद्, स्वञ्ज्, स्वप् ધાતુઓ ષોપદેશવાળાં છે.

જિ. : અહીં કોઈપણ નિમિત્ત વિના ધાતુપાઠમાં દર્શાવેલ ષ્ આદિવાળાં તમામ ધાતુનું ગ્રહણ કર્યું છે તો આ રીતે સૂત્ર પ્રવૃત્તિ વિના ધાતુપાઠમાં જ ષ્ આદિવાળાં ધાતુનો નિર્દેશ શા માટે ન કર્યો ? જેથી એક સૂત્રની પ્રવૃત્તિ ઓછી થતાં પ્રક્રિયા લાઘવ પણ થાય.

સમા. : વસ્તુતઃ આ સૂત્ર દ્વારા દર્શાવેલ ષ્ ઉપદેશવાળા ધાતુ નામ્યન્તસ્થા૦૨.૩.૧૫ સૂત્રમાં દર્શાવેલ કૃત સ્કારનાં પ્રયોજન માટે છે.

ऋ-र-लृ-लं कृपोऽकृपीटादिषु २/३/९९

અ.અ.સૂ. : कृपः ऋ-रः, लृ-लम्, अकृपीटादिषु।

અર્થ : कृप् ધાતુનાં ऋ અને રનો અનુક્રમે लृ અને લ્ થાય છે. જો कृपीट વગેરેનો વિષય ન હોય તો.

સ. : (૧) **ऋ-रः**→आ च र् च इति ऋर्, तस्येति।

(૨) **लृलम्**→लृश्च लश्च इति लृलम्।

(૩) **अकृपीटादिषु**→कृपीट आदिर्येषां ते इति कृपीटादयः, तस्मिन्निति।

ઉદા. (૧) **क्लृप्तः**→થયેલું. क्लृप्यते स्मेति। (कृपौङ् सामर्थ्ये-૯૫૯)
क्त-क्तवतू૦૫.૧.૧૭૫થી क्त→कृप्+**त**
આ સૂત્રથી ऋનો लृ→**क्लृप्त**
પ્રથમા सि વગેરે→**क्लृप्तः**।

(૨) **क्लृप्यते**→તે સમર્થ થાય છે.
વર્ત્તમાના૦૩.૩.૬થી તે→कृप्+**ते**
क्यः शिति ૩.૪.૭૦થી क्य→कृप्+**य**+ते
આ સૂત્રથી ऋનો लृ→**क्लृप्यते**।

(૩) **कल्पते**→તે સમર્થ થાય છે.
વર્ત્તમાના૦૩.૩.૬થી તે→कृप्+**ते**
કર્ત્તર્યનદ્૦૩.૪.૭૧થી શવ્→कृप्+**अ**+ते
નામિનો૦૪.૩.૧થી ગુણ→**कर्प**ते।
આ સૂત્રથી રનો લ્→कल्पते।

(૪) **कल्पयति**→તે સમર્થ કરે છે. कल्पन्तं प्रयुङ्क्ते इति।
પ્રયોક્તૃ૦૩.૪.૨૦થી णिग्→कृप्+**इ**
લઘોરુપા૦૪.૩.૪થી ગુણ→**कर्पि**
આ સૂત્રથી રનો લ્→कल्पि
વર્ત્તમાના૦૩.૩.૬થી તિવ્ વગેરે→कल्प**यति**।

પ્ર.ઉદા. ★ अकृपीटादिष्विति किम् ?

(૧) **कृपीटः**→પેટ.

(૨) **कृपणः**→ગરીબ.

★ આ સૂત્રમાં कृपीट વગેરેનું વર્જન હોવાથી અહીં ऋનો लृ થયો નથી.

વિશેષતા :

(૧) **कृपीटादि ગણ :** कृपीट, कृपण, कृपाण, कृप, कर्पूर, कर्पर, कर्पट, कर्पटि સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી અન્ય સૂત્રથી અવિહિત એવા પણ ર્-લ્નાં અભાવવાળાં પ્રયોગોનો આ ગણમાં સમાવેશ થાય છે.

(૨) 'ऋ-रः' અને 'ऌ-लम्'માં સંખ્યા અને વચનની સમાનતા હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે તે બેની વચ્ચે અનુક્રમ જાણવો.

(૩) યદ્યપિ અહીં **वर्णैकदेशोऽपि वर्णग्रहणेन गृह्यते ૨/૮** ન્યાયાનુસારે માત્ર ર્ અને લ્નાં ગ્રહણથી ऋ અને ऌનું ગ્રહણ થવાનું જ હતું પરંતુ તે ન્યાયની અનિત્યતા દર્શાવવા અહીં ऋ અને ऌનું પૃથક્ ઉપાદાન કર્યું છે.

उपसर्गस्याऽऽयौ ૨/૩/૧૦૦

અ.અ.સૂ. : उपसर्गस्य ऋः रः ऌ-लम्, अयौ(धातौ)।

અર્થ : ઉપસર્ગમાં રહેલાં ર્નો अय् ધાતુ પર છતાં લ્ થાય છે.

ઉદા. (૧) **प्लायते**→જાય છે. (अयि गतौ-૭૯૦)
વર્ત્તમાના૦૩.૩.૬થી તે→प्र+अय्+**ते**
कर्त्तर्यनद्૦૩.૪.૭૧થી शव्→प्र+अय्+**अ**+ते
આ સૂત્રથી ર્નો લ્→**प्ल**+अयते
समानानां૦૧.૨.૧થી દીર્ઘ→**प्लाय**ते।

(૨) **प्लत्ययते**→સામે જાય છે. प्रति+अयते
આ સૂત્રથી ર્નો લ્→**प्लति**+अयते
इवर्णादे૦૧.૨.૨૧થી य्→प्ल**त्य**यते।

વિશેષતા :

(૧) अयिમાં ઇકારનો નિર્દેશ ગત્યર્થક अय्નાં ગ્રહણ માટે છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, निस् અને दुस् ઉપસર્ગમાં સ્નો सो रुः ૨.૧.૭૨ દ્વારા રુ થાય જ છે. પરંતુ તે રુ આદેશ પરવિધિમાં असत् મનાતો હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિનાં વિષયભૂત બનતો નથી.

(૩) યદ્યપિ આ સૂત્રમાં પૂર્વસૂત્રથી ऋ-रः અને लृ-लम्નો અધિકાર આવે છે. પરંતુ ઉપસર્ગ સંબંધી ऋનો સંભવ જ ન હોવાથી **संभवे व्यभिचारे च विशेषणमर्थवत्** ૨/૫૭ ન્યાયાનુસારે ટીકામાં કાર્યી તરીકે रनું જ ગ્રહણ કરેલ છે.

ग्रो यङि २/३/१०१

અ.અ.સૂ. : यङि ग्रः(धातोः) ऋ-रः लृ-लम्।

અર્થ : યङ્ પ્રત્યય પર છતાં गृ ધાતુનાં रનો ल् થાય છે.

ઉદા. निजेगिल्यते→ખરાબ રીતે ગળે છે.

कुटिलं गिरतीति (गृत् निगरणे-૧૩૩૫)

गृ-लुप-सद०૩.૪.૧૨થી यङ्→नि+गृ+**य**

ऋतां क्ङि०૪.૪.૧૧૭થી इर्→नि+**गिर्**+य

सन्यङ०૪.૧.૩થી द्वित्व→नि+**गिगिर्**+य

आगुणा०૪.૧.૪૮થી गुण→नि+**गेगिर्**+य

गहोर्जः ૪.૧.૪૦થી ज्→नि+**जेगिर्**+य

આ સૂત્રથી रનો ल्→निजेगिल्य

वर्त्तमाना०૩.૩.૬થી ते→निजेगिल्य**ते**।

વિશેષતા :

(૧) અહીં गृ ધાતુ છઠ્ઠા ગણનો લેવો કારણ કે ૯માં ગણનાં गृ ધાતુથી ન गृणा०૩.૪.૧૩થી यङ्નો નિષેધ કર્યો હોવાથી यङ् પ્રત્યય પરમાં આવતો જ નથી.

(૨) કેટલાંક દેવનંદી વગેરે વ્યાકરણકારો ૯માં ગણનાં गृ ધાતુમાં यङ्ને ઈચ્છે છે. પણ તે પ્રયોગમાં रનો ल् ઈચ્છતાં નથી.

नवा स्वरे २/३/१०२

अ.अ.सू. : स्वरे ग्रः(धातोः) ऋ-रः लृ-लंः वा।

अर्थ : गृ धातुमां स्वरादि प्रत्यय पर छतां थयेलां र्नो विकल्पे ल् थाय छे.

उदा. (१) गिरति/गिलति→गळे छे. (गृत् निगरणे-१३३५)
वर्त्तमाना०३.३.६थी तिव्→गृ+**अ**+ति
ऋतां०४.४.११६थी ऋनो इर्→**गिर**ति
आ सूत्रथी र्नो विकल्पे ल्→**गिल**ति।

(२) **निगाल्यते/निगार्यते**→गळावाय छे.
निगिरन्तं प्रयुङ्क्ते इति।
प्रयोक्तृ०३.४.२०थी णिग्→नि+गृ+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→नि+**गारि**
वर्त्तमाना०३.३.६थी ते→नि+गारि+**ते**
क्यः शिति ३.४.७१थी क्य→नि+गारि+**य**+ते
णेरनिटि ४.३.८३थी इनो लोप→निगार्**य**ते।
आ सूत्रथी र्नो विकल्पे ल्→निगाल्यते/निगार्यते।

प्र.उदा. विहितविशेषणं किम् ? गिरः→वाणी.
गिरन्तीति क्विप्।
क्विप् ५.१.१४८थी क्विप्→गृ+**०**
ऋतां क्ङि०४.४.११६थी ऋनो इर्→**गिर्**
प्रथमा जस् वगेरे→गिरः।

★ लघुवृत्तिमां विहित पदनो निर्देश होवाथी क्विप्नां कारणे थयेल र्नो आ सूत्रथी ल् थतो नथी.

परेर्घाऽङ्क्योगे २/३/१०३

अ.अ.सू. : परेः ऋ-रः घाङ्क्योगे लृ-लंः नवा।

अर्थ : परिनां र्‌नो घ, अङ्क अने योग पर छतां ल् विकल्पे थाय छे.

स. : घाङ्क्योगे→घश्च अङ्कश्च योगश्च इति घाऽङ्क्योगम्, तस्मिन्निति।

उदा. (१) **पलिघः/परिघः**→अर्गला. परि+घ
आ सूत्रथी विकल्पे ल्→**पलिघ/परिघ**
प्रथमा सि वगेरे→पलिघः/परिघः।

(२) **पल्यङ्कः/पर्यङ्कः**→पलंग. अङ्कं परिगत इति।
प्रात्यव-परि०३.१.४७थी समास→परि+अङ्क
आ सूत्रथी र्‌नो विकल्पे ल्→**पल्यङ्क/पर्यङ्क**
प्रथमा सि वगेरे→पल्यङ्कः/पर्यङ्कः।

(३) **पलियोगः/परियोगः**→चारे बाजुनो संबंध.
योगेन परिगत इति।
प्रात्यव-परि०३.१.४७थी समास→परि+योग
आ सूत्रथी विकल्पे र्‌नो ल्→**पलियोग/परियोग**
प्रथमा सि वगेरे→पलियोगः/परियोगः।

ऋफिडादीनां डश्च लः २/३/१०४

अ.अ.सू. : ऋफिडादीनां डः च(ऋ-रः लृ-लं) लः वा।

अर्थ : ऋफिड वगेरे शब्दनां ड्‌नो ल् तेमज ऋ-र्‌नो अनुक्रमे लृ-ल् विकल्पे थाय छे.

સ. : **ऋफिडादिनाम्**→ऋफिड आदिर्येषां ते इति ऋफिडादयः, तेषामिति ।

ઉદા. (૧) **लृफिडः/ऋफिलः**→ઋષિ વિશેષ.

અહીં આ સૂત્રથી લૃનો ऋ અને ડ્નો લ્ થયેલ છે.

★ ऋफिडનાં આ સૂત્રથી ऋफिड, लृफिल એમ બીજા બે પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) **लृतकः/ऋतकः**→નામ વિશેષ. આ સૂત્રથી ऋનો लृ

(૩) **कपलिका/कपरिका**→કવળી. આ સૂત્રથી ર્નો લ્

વિશેષતા :

ऋफिडादि ગણ : ऋफिल, ऋफिड, ऋतक, कपरिका, तिर्पिरीक, कपरिक, रोम, अङ्गुरि, पुरुष, तरुण, सरिर, अर, मूर, करीर, कर्म, मुकुर, पांसुर, रेखा, रिक्षा, रोहित વગેરે.

તથા, इरा, तर्पर, करभ, शरभ, कार, वार, रघु, गर, मुद्गर, मण्डर, कन्दर, वडभी, चूडा, इडा, व्याड, पुरोडाश, षोडश, बडिश, पुडिन, पीडा।

કેટલાંક સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ થતાં અર્થભેદ પણ થાય છે. સૂત્રમાં બ.વ. હોવાથી અન્ય પ્રયોગોનો પણ ऋफिड ગણમાં સમાવેશ થાય છે. પરંતુ સંયુક્ત એવા અને આદિમાં રહેલ ડને વિશે, આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, पाण्डु, कण्डू, डामर, डीन, डुण्डुभ, डिण्डिम વગેરે.

जपादीनां पो वः २/३/१०५

અ.અ.સૂ. : जपादीनां पः वः वा।

અર્થ : જપા વગેરેનાં પ્નો વ્ વિકલ્પે થાય છે.

સ. : जपादीनाम्→જપા આદિર્યેષાં તે ઇતિ જપાદયઃ, તેષામિતિ।

ઉદા. (૧) **जवा/जपा**→પુષ્પ વિશેષ.

(૨) **पारावातः/पारापातः**→કબૂતર.

વિશેષતા :

जपादि ગણ : જપા, પારાપાત, ત્રિપિષ્ટ, પારાપાર, કપાટ, વિષ્ટપ, કપલ, અપાચી વગેરે. આ સિવાયનાં અન્ય શબ્દો પણ જાણવા યોગ્ય છે.

॥ इतिश्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे
द्वितीयेऽध्याये तृतीयः पादः समाप्तः॥

શ્લોક : मूलराजासिधारायां[1], निमग्ना ये महीभुजः।
उन्मज्जन्तो विलोक्यन्ते, स्वर्गगङ्गा जलेषु ते॥

• • •

१. આ શ્લોકોને સ્વતંત્ર કાવ્ય તરીકે સં.સૌ. (પરિ. પુસ્તિકા)માં સંગ્રહિત કરેલ છે. તેનાં અર્થ, અન્વય, સમાસ વિ. ત્યાંથી જ જાણી લેવા.

અભ્યાસ-૧

(અધ્યાય-૨, પાદ-૩)

પ્ર.૧. નીચેનાં સૂત્ર લખી અર્થ જણાવો : (કોઈપણ-૧૦) ૧૦

(૧) ૨.૩.૧૦ (૨) ૨.૩.૬૩ (૩) ૨.૩.૬૬
(૪) ૨.૩.૭૭ (૫) ૨.૩.૧૫ (૬) ૨.૩.૪૦
(૭) ૨.૩.૧૨ (૮) ૨.૩.૯૯ (૯) ૨.૩.૫૦
(૧૦) ૨.૩.૪૪ (૧૧) ૨.૩.૧૦૩

પ્ર.૨. નીચેનાં પ્રયોગોની સાધનિકા લખો : (કોઈપણ પાંચ) ૫

(૧) सिस्वेदयिषति (૨) प्राणिणिषेः (૩) दुःषाम
(૪) पर्यसोढयत् (૫) सर्पिकालकम् (૬) पुनर्वसुषेणः

પ્ર.૩. નીચેનાં ન્યાયોની પ્રવૃત્તિ સૂત્રગત સમજૂતી દ્વારા જણાવો : ૨૦

(૧) येन धातुना० (૨) वर्णैकदेशोऽ० (૩) गतिकारक०
(૪) यावत्संभवस्ताव० (૫) तिवाशवानुबन्धेन०

પ્ર.૪. નીચેનાં ધાતુનાં **યઙ્લુબન્ત** પ્રયોગમાં આ પ્રકરણના સૂત્રની પ્રવૃત્તિ થાય કે નહીં જો થાય તો કયા સૂત્રની પ્રવૃત્તિ થાય ? ૨૦

(૧) हन् (૨) नृत् (૩) हि (૪) मी
(૫) सिव् (૬) स्वञ्ज् (૭) सिध् (૮) सु (ગણ-૬)
(૯) सिच् (૧૦) स्यन्द्

પ્ર.૫. નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો : ૧૫

(૧) र-षृवर्णान्नो०૨.૩.૬૩માં એકનું ગ્રહણ શા માટે કર્યું ?
(૨) स्वञ्जश्चમાં चકારનું ગ્રહણ શા માટે છે ?
(૩) निःसावकः અહીં ष् કેમ ન થયો ?
(૪) नेड्र्मा०૨.૩.૪૯માં ङ્ઈતનો નિર્દેશનું પ્રયોજન જણાવો.

(૫) अवाच्चा०२.૩.૪૨માં अवाच्चानां સ્થાને 'उपावात्'નું ગ્રહણ કેમ ન કર્યું ?

પ્ર.૬. નીચેનાં જોડકાં જોડો : **૧૫**

(૧)	तूर्यमाणः	द्वि-त्रिस्वरौ०
(૨)	शिग्रुवणम्	पदेऽन्तरे०
(૩)	क्षीरपाणाः	गिरिनद्यादी०
(૪)	प्रावनद्धम्	न ख्यापूग्०
(૫)	प्रभावना	देशे
(૬)	प्रहण्मि	व्यञ्जनादे०
(૭)	विष्किरः	व्यञ्जनात् तद्धित
(૮)	पर्यसीव्यत्	वमि वा
(૯)	ऋषिवनम्	अकखाद्य०
(૧૦)	त्रिहायणा	क्षुभ्नादी०
(૧૧)	प्रणिवेवेष्टि	चतुस्त्रे०
(૧૨)	आचार्यानी	नामिनस्तयोः०
(૧૩)	सर्पिकालकम्	नैकार्थे०
(૧૪)	सर्पिष्केण	नेड्र्मा०
(૧૫)	अतिप्रमाणम्	असोङ्०

પ્ર.૭. નીચેનાં સૂત્રનિર્દેશનાં પ્રયોજનો જણાવો : (કોઈપણ પાંચ) **૧૫**

(૧) ૨.૩.૭ (૨) ૨.૩.૬૬ (૩) ૨.૩.૧૯
(૪) ૨.૩.૩૭ (૫) ૨.૩.૧૪ (૬) ૨.૩.૧૬

●●●

द्वितीयेऽध्याये चतुर्थः पादः

स्त्रीप्रत्यय प्रकरणम्

स्त्रियां नृतोऽस्वस्त्रादेर्ङीः २/४/१

અ.અ.સૂ. : अस्वस्त्रादेः नृतः स्त्रियां ङीः।

અર્થ : स्वसृ વગેરે સિવાયનાં ऋकारान्त અને ॠकारान्त નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

સ. : (૧) **नृतः**→न् च ऋच्च इति नृत्, तस्मादिति।

(૨) **अस्वस्त्रादेः**→स्वसा आदि र्यस्याऽसौ इति स्वस्त्रादिः, न स्वस्त्रादिरिति अस्वस्त्रादिः, तस्मादिति।

ઉદા. (૧) **राज्ञी**→રાણી.

આ સૂત્રથી ऋकारान्त નામને ङी→राजन्+**ई**

अनोऽस्य२.१.१०८थी जनां अनो लोप→राज्**न्**+ई

तवर्गस्य०१.३.६०थी न्नो ञ्→राज्**ञ्**+ई

प्रथमा सि વગેરે→राज्ञी।

(૨) **अतिराज्ञी**→સારી રાણી/રાજાને ઓળંગી જનારી સ્ત્રી.

पूजितो राजा स्त्री चेत्/राजानमतिक्रान्ता इति।

सुःपूजा०३.१.४४/प्रात्यवपरि०३.१.४७थी સમાસ→ अति+राजन्

આ સૂત્રથી ङी વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવાં.

(૩) **कर्त्री**→કરનારી.

આ સૂત્રથી ॠकारान्त कर्तृने ङी→कर्तृ+**ई**

इवर्णादेरस्वे०१.२.२१थी ॠनो र्→कर्त्री

प्रथमा सि વગેરે→कर्त्री।

પ્ર.ઉદા. ★ **स्त्रियामिति किम् ? पञ्च नद्यः**→પાંચ નદી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્ત્રીલિંગમાં વર્ત્તતાં નામથી જ થાય છે. જ્યારે અહીં **नन्तासङ्ख्याडतियुष्मदस्मच्चस्युरलिङ्गका** ૮/૪ લિંગાનુશાસનનાં વચનાનુસારે પञ्चन् સંખ્યાવાચી હોવાથી અલિંગી છે. માટે આ સૂત્રથી ङी પ્રત્યય થયો નહીં.

★ **अस्वस्त्रादेरिति किम् ?**

(૧) **स्वसा**→બહેન. स्वसृ+सि

(૨) **दुहिता**→પુત્રી. दुहितृ+सि

★ આ સૂત્રમાં સ્વસ્ત્રાદિ ગણનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ङी થયો નહીં.

વિશેષતા :

(૧) **સ્વસ્ત્રાદિ** ગણ :- स्वसृ, दुहितृ, ननान्दृ, यातृ, मातृ, तिसृ, चतसृ

જિ. : तिसृ-चतसृ શબ્દમાં ङी પ્રત્યય तिसृ-चतसृ આદેશનાં નિમિત્તભૂત સ્યાદિ પ્રત્યયનો વ્યવધાયક બને છે. તેથી **सन्निपातलक्षणो विधिरनिमित्तं तद्विघातस्य** ૧/૧૯ ન્યાયાનુસારે तिसृ-चतसृ શબ્દ ઋકારાન્ત હોવા છતાં પણ તેનાથી ङीની પ્રાપ્તિ નથી તો પણ સ્વસ્ત્રાદિ ગણમાં સમાવેશ કરીને તેઓનું વર્જન શા માટે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે. પણ આ રીતે ગણમાં ગ્રહણ કરવા દ્વારા જ **सन्निपातलक्षणो०** ૧/૧૯ ન્યાયની અનિત્યતા જણાવાય છે. અને તેથી अतिदधि+ङी+टा સ્થળે ङी પ્રત્યયનું વ્યવધાન હોવા છતાં પણ વિભક્તિ નિમિત્તક अन् આદેશની

પ્રાપ્તિ થાય છે. પરિણામ સ્વરૂપે अतिदध्न्या कन्यया આવો પ્રયોગ સિદ્ધ થાય છે.

તથા, यद्+आप्+सि વગેરે સ્થાને आप् પ્રત્યયનું વ્યવધાન હોવા છતાં પણ વિભક્તિ નિમિત્તક अ વગેરે કાર્ય થતાં या વગેરે પ્રયોગ સિદ્ધ થાય છે.

જિ. : આ પ્રકરણમાં ङी વગેરે પ્રત્યયો દ્વારા સ્ત્રીત્વનું પ્રતિપાદન કર્યું છે તે પ્રત્યયો સ્ત્રીલિંગપણાનાં દ્યોતક છે પણ વાચક નહીં. પરંતુ વિદ્યુત્, સરિત્ આદિ શબ્દોની જેમ શબ્દ મહિમા વડે જ સ્ત્રીલિંગપણાનું પ્રતિપાદન થઈ શકે છે. તો ङी વગેરે પ્રત્યયોનું વિધાન શા માટે કર્યું ?

સભા. : **विचित्राः शब्दशक्तयः** ૩/૧૬ ન્યાયાનુસારે શબ્દો વિચિત્ર શક્તિવાળાં હોય છે. અર્થાત્ પરસ્પરથી ભિન્ન વિલક્ષણ સ્વભાવવાળાં હોય છે. જેમ, ગાઢ રાત્રિમાં પણ રહેલો ચન્દ્ર નિરપેક્ષતયા જ સ્વયંને પ્રકાશિત કરે છે. પરંતુ સ્તંભ વગેરે પદાર્થો પ્રદીપ વગેરે પ્રકાશક વસ્તુની સાપેક્ષતાએ પ્રકાશે છે. તે જ રીતે વિદ્યુત્ આદિ કેટલાંક શબ્દો પ્રત્યયાદિની અપેક્ષા વિના નિરપેક્ષતયા સ્ત્રીલિંગપણાનાં દ્યોતક છે. જ્યારે કેટલાંક શબ્દો પ્રત્યય-આદેશ અને પદાન્તરની અપેક્ષાએ સાપેક્ષતયા સ્ત્રીલિંગત્વને જણાવે છે. તેમાં क्रोष्ट्री વગેરે શબ્દો ङी આદિ પ્રત્યયની અપેક્ષાએ સ્ત્રીલિંગપણાનાં દ્યોતક છે. तिसृ, चतसृ વગેરે શબ્દો त्रि-चतुर्०२.१.१ સૂત્રથી થતાં આદેશની અપેક્ષાએ સ્ત્રીલિંગપણાંનાં દ્યોતક છે. અને इयं **गौः** ઈત્યાદિ વાક્યમાં गो પદ ઉભયલિંગી હોવા છતાં પણ 'इयं' એ પ્રમાણે પદાન્તરની અપેક્ષાએ સ્ત્રીલિંગપણાનો

ઘોતક છે. તેમજ, રાજ્ઞી, ખટ્વા આદિમાં એક પ્રત્યયની અપેક્ષાએ તથા, કાલિતરા, હરિણિતરા આદિમાં અનેક પ્રત્યયની અપેક્ષાએ પણ સ્ત્રીત્વનો નિર્દેશ કરેલો છે.

अधातूदृदितः २/४/२

અ.અ.સૂ. : अधातूदृदितः स्त्रियां ङीः।

અર્થ : ધાતુ સિવાયનાં અને उ તથા ऋ ઈત્ અન્તવાળા નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

સ. : **अधातूदृदितः**→न धातुरिति अधातुः, उच्च ऋच्च इति उदृतौ, उदृताविदनुबन्धौ यस्य स इति उदृदित्, अधातुश्चासौ उदृदिच्च इति अधातूदृदित्, तस्मादिति।

ઉદા. (૧) भवती→આપ.(સ્ત્રી)
भवत् તે ઉણાદિ-૮૮૬થી डवतु લાગીને બનેલ છે. તેથી ઉઈત્વાળો છે.
તેથી, આ સૂત્રથી ङी→भवत्+**ई**
પ્રથમા સિ વિગેરે→भवती।

(૨) **अतिमहती**→મહાનને ઓળંગી જનારી. महान्तमतिक्रान्ता इति। महत् તે शत्रानशा०५.२.२०थी शतृ લાગીને બનેલ છે. તેથી ऋ ઈત્વાળો છે.
प्रात्यवपरि०३.१.४७थी સમાસ→अति+महत्
આ સૂત્રથી ङी→अतिमहत्+**ई**
પ્રથમા સિ વગેરે→अतिमहती।

(૩) **पचन्ती**→રાંધતી સ્ત્રી. पचतीति। (डुपचींष् पाके-८९२)
शत्रानशा०५.४.२०थी शतृ→पच्+**अत्**

श्य-शवः२.१.११६थी अन्त्→पचन्त्
आ सूत्रथी ङी→पचन्त्+**ई**
प्रथमा सि वगेरे→पचन्ती।

प्र.उदा. **अधात्विति किम् ? सुकन् स्त्री**→सारी रीते जनारी स्त्री.
सुष्ठु कंस्ते मार्गे गच्छतीति क्विप्
(कसुकि गति-शातनयोः ११२०)
उदितःस्वरा०४.४.९८थी न् आगम→कन्स्
क्विप् ५.१.१४८थी क्विप्→कन्स्+**०**
डस्युक्तं०३.१.४९थी समास→सु+कन्स्+०
प्रथमा सि वगेरे→सुकन्

★ आ सूत्रमां धातुनुं वर्जन होवाथी अहीं आ सूत्रनी प्रवृत्ति थई नहीं. कारणके **क्विबन्ता धातुत्वं नोज्झन्ति शब्दत्वं च प्रतिपद्यन्ते** २/४८ न्यायानुसारे क्विबन्त सुकन् नाम ते धातु स्वरूपे पण मनाय छे.

विशेषता :

(१) अहीं ध्यानमां लेवुं के, निगोर्मती, अतिपुंसी वगेरे शब्दोमां गोमत् अने पुंस् शब्द उईत् अंतवाळो छे. प्रत्यय उईत्वाळो होवाथी तदन्त शब्दो पण उईत्वाळां ज कहेवाय छे. तेथी निगोर्मत् वगेरे शब्दो पण उईत्वाळां थतां उईत् अन्तवाळो आखो समास आ सूत्रनी प्रवृत्तिनो विषय बनशे.

(२) आ सूत्र विधि सूत्र होवाथी 'अधातु'ए प्रमाणे वर्जन कराएलां धातु गौण बने छे. अने ग्रहण कराएलां धातु सिवायनी प्रकृति मुख्य बने छे. तेथी, आ सूत्रनां विषयभूत धातु अने अधातु एम उभय स्वरूप प्रकृतिमां धातुत्वने गौण करीने अधातु तरीके आ

સૂત્રની પ્રવૃત્તિ કરવી. જેમકે, गोमत्यतीति क्विप् इति गोमत्માં આ સૂત્રની પ્રવૃત્તિ થતાં गोमती આવો પ્રયોગ થશે.

अञ्चः २/४/३

અ.અ.સૂ. : अञ्चः स्त्रियां ङीः।

અર્થ : અञ्च् અન્તવાળા નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **प्राची**→પૂર્વ દિશા. प्राञ्चतीति क्विप्।
(अञ्चू गतौ च१०५) अञ्चोऽनर्चा०४.२.२६થી म्નો લોપ→प्र+अच्
આ સૂત્રથી ङी→प्र+अच्+**ई**
अच्च प्राग्०२.१.१०४થી अच्નો च् અને अनो आ→**प्राची**
પ્રથમા सि વગેરે→प्राची।

(૨) **उदीची**→ઉત્તર દિશા. उदञ्चतीति क्विप्।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, अञ्चोऽनर्चा०४.२.४६થી અનર્ચા અર્થમાં अञ्च् ધાતુનાં न्નો લોપ થાય છે. પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ અર્ચા અને અનર્ચા આ બંને અર્થમાં ઈષ્ટ હોવાથી સૂત્રમાં 'अञ्चः' એ પ્રમાણે न् યુક્ત अञ्चનો નિર્દેશ કરેલો છે. તેથી प्राञ्ची, प्रत्यञ्ची વગેરે પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

ण-स्वरा-ऽघोषाद् वनोरञ्च २/४/४

અ.અ.સૂ. : ण-स्वरा-ऽघोषात् वनः स्त्रियां ङीः, वनः च रः।

અર્થ : णકારાન્ત, સ્વરાન્ત અને અઘોષ વ્યંજનથી પર વન્ પ્રત્યયાન્ત નામથી સ્ત્રીલિંગમાં ङી પ્રત્યય થાય છે. અને वन्નાં અન્ત્ય (न्)નો र् થાય છે.

સ. : **ण-स्वरा-ऽघोषात्**→णश्च स्वरश्च अघोषश्च इति णस्वरा-घोषम्, तस्मादिति।

ઉદા. (૧) **अवावरी**→દૂર કરનારી સ્ત્રી. ओणतीति वन्।
(ओणृ अपनयने-२७३)
मन्-वन्०५.१.१४७थी वन्→ओण्+**वन्**
वन्याङ्०४.२.६५थी ण्नो आ→ओ**आ**+वन्
ओदौतोऽ०१.२.२४थी आव्→**अवाव**न्
આ સૂત્રથી ङी અને वन्નાં न्નો र्→अवा**वर्+ई**
પ્રથમા सि વગેરે→अवावरी।

(૨) **धीवरी**→માછીમારી. दधातीति वन्।
(डुधांग्क् धारणे-११३९)
मन्-वन्०५.१.१४७थी वन्→धा+**वन्**
ईर्व्यञ्ञने०४.३.९७थी ई→**धी**वन्
આ સૂત્રથી ङी વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

(૩) **मेरुदृश्वरी**→મેરુને જોનારી. मेरुं दृष्टवानिति।
(दृशृंप्रेक्षणे-४९५)
दृशःक्वनिप्०५.१.१६६थी क्वनिप्→मेरुं+दृश्+**वन्**
डस्युक्तं०३.१.४९थी સમાસ→मेरुं+दृश्वन्
આ સૂત્રથી ङी વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. **णस्वराघोषादिति किम् ? सहयुध्वा**→સાથે લડનારી સ્ત્રી.
सह युध्यतेति (युधिच् सम्प्रहारे-१२६०)
सह-राज०५.१.१६७थी क्वनिप्→सह+युध्+**वन्**
ङस्युक्तं०३.१.४९थी સમાસ→सहयुध्वन्
પ્રથમા સિ વગેરે→सहयुध्वा।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ણ્, સ્વર અને અઘોષ વ્યંજનથી પર વન્ હોય તો જ થાય છે. જ્યારે અહીં ઘોષવાન્થી પર વન્ હોવાથી આ સૂત્રથી ङી વગેરે કાર્યો થયા નહીં.

★ **विहितविशेषणं किम् ? शर्वरी**→રાત્રિ.
शृणातीति वन् (शृश् हिंसायाम्-१५३१)
मन्-वन्०५.१.१४७थी वन्→शृ+**वन्**
नामिनो०४.३.१थी ગુણ→**शर्वन्**
આ સૂત્રથી ङी વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

★ લઘુવૃત્તિમાં વિહિત પદનો નિર્દેશ હોવાથી પૂર્વે સ્વરાન્ત પણ શર્વરી પદમાં ગુણ થવાથી ઘોષવાન્ વ્યંજનાન્ત થવા છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થઈ છે.

વિશેષતા :

(૧) સૂત્રગત 'वनः' પદથી **निरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે વન્, क्वनिप् અને ङ्वनिप् એમ ત્રણેય પ્રત્યયનું ગ્રહણ થાય છે.

(૨) સૂત્રમાં ચકાર દ્વારા બે કાર્યનો સમુચ્ચય કર્યો છે. અને **अर्थवशाद् विभक्तिपरिणामः ૧/૧૩** ન્યાયાનુસારે वनः પદને દ્વિતીય કાર્ય માટે ષષ્ઠ્યન્તરૂપે જાણવું.

(૩) અહીં સૂત્રગત 'वनः' પદથી પ્રત્યયનાં ગ્રહણમાં प्रत्ययः प्रकृ०७.४.११५થી અને कृत्નાં ગ્રહણમાં कृत् सगति०७.४.११७ થી अतिधीवरी આદિ ઉદાહરણમાં માત્ર धीवरी પદ જ वन् અંતવાળું બનતાં આ સૂત્રની પ્રવૃત્તિ થવાની શક્યતા ન હતી પરંતુ આગામી अजादेः २.४.१६ સૂત્રમાં तदन्त વિધિનો નિર્દેશ હોવાથી अतिधीवरी, बहुधीवरी આદિમાં ગતિકારક પૂર્વપદ પ્રાપ્ત સમસ્તપદો ન હોવા છતાં પણ પ્રવૃત્તિ થશે.

જિ. : वन् પ્રત્યયાન્ત નામ ન્કારાન્ત હોવાથી स्त्रियां नृतो०२.४.१થી ङीની પ્રાપ્તિ હતી જ તો પણ આ સૂત્રથી પુનઃ ङी પ્રત્યયનું વિધાન શા માટે કર્યું ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, જો वन् પ્રત્યયાન્ત નામથી ङी પ્રત્યય થશે તો ण्, સ્વર અને અઘોષ વ્યંજનથી પર वन् પ્રત્યયાન્ત નામથી જ થશે. પણ અન્ય वन् પ્રત્યયાન્ત નામથી નહીં જેમકે सहयुध्वा વગેરે પ્રયોગોમાં स्त्रियां नृतो०२.४.१થી પણ सहयुध्वन्ને ङी પ્રત્યય થતો નથી.

वा बहुव्रीहेः २/४/५

અ.અ.સૂ. : **ण-स्वराऽघोषाद् वनः बहुव्रीहेः स्त्रियां ङीः वा, वनः रः च।**

અર્થ : ण्કારાન્ત, સ્વરાન્ત અને અઘોષથી કહેવાયેલ वन् અન્તવાળાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે. અને वन्નાં અન્ત્યનો र् થાય છે.

ઉદા. (૧) **प्रियावावरी/प्रियावावा**→પ્રિય છે દૂર કરનારો (પુરુષ) જેને એવી સ્ત્રી. प्रियोऽवावा यस्याः सा इति।

एकार्थं०૩.૧.૨૨થી સમાસ→प्रिय+अवावन्
આ સૂત્રથી ङी→प्रियावावन् + **ई**
અને वन्नां न्नो र्→प्रियावावर**री**
પ્રથમા સિ વગેરે→प्रियावावरी।
વિકલ્પે: ङी ન થાય ત્યારે, प्रियावावन्
પ્રથમા સિ વગેરે प्रियावावा।

(૨) **बहुधीवरी/बहुधीवा**→ઘણાં માછીમાર જેમાં છે તે (નગરી). बहवो धीवानो यस्यां सा इति।

(૩) **बहुमेरुदृश्वरी/बहुमेरुदृश्वा**→ઘણાં મેરુપર્વતને જોનારાઓ જેમાં છે તે (નગરી). બહવો મેરુદૃશ્વાનો यस्यां सा इति। આ બંને ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં કેટલાંક ચંદ્રગોમી વગેરે વ્યાકરણકારો बहुमेरुदृश्वरी વગેરે ઉદા.માં આગામી नोपान्त्यवतः ૨.૪.૧૩ સૂત્ર દ્વારા ङी પ્રત્યયનો નિષેધ ઈચ્છે છે. તેથી તેઓના મતે बहुमेरुदृश्वा વગેરે જ સિદ્ધ થાય છે.

वा पादः २/४/६

અ.અ.સૂ. : पादः बहुव्रीहेः स्त्रियां ङीः वा।

અર્થ : બહુવ્રીહિનાં નિમિત્તે થયેલાં पाद् આદેશ અન્તવાળાં નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **द्विपदी/द्विपाद्**→બે પદવાળા છંદ વિશેષ.
द्वौ पादौ यस्याः सा इति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→द्वि+**पाद**
सुसंख्यात्०૭.૩.૧૫૦થી पादनो पाद्→द्वि+**पाद्**

આ સૂત્રથી ङी→द्विपाद्+**ई**
पाद य-स्वरे०२.१.१०२थी पाद्नो पद्→**द्विपदी**
प्रथमा सि वगेरे→द्विपदी।
विकल्पे: ङी न थाय त्यारे, द्विपाद्।

प्र.उदा. **बहुव्रीहिनिमित्तो यः पाद् इति विशेषणादिह न स्यात्→ त्रिपात्**→પાદને કહેનારા ત્રણ (વ્યક્તિ) છે જેમાં તે.
पादमाचष्टे इति पात्→त्रयः पादोऽस्याः इति।
एकार्थं०३.१.२२थी समास→त्रि+पाद्
विरामे वा १.३.५१थी त्→त्रि+**पात्**
प्रथमा सि वगेरे→त्रिपात्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ બહુવ્રીહિ નિમિત્તક પાદ્થી પર થાય છે. જ્યારે અહીં નામધાતુ નિમિત્તક પાદ્ છે. માટે આ સૂત્રથી ङी થયો નહીં.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, બહુવ્રીહિ નિમિત્તક પાદ્ પદથી જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેથી, पादमाचष्टे इति पादयतीति क्विप् એમ પ્રયોગ થઈને નામધાતુ સ્વરૂપે પ્રાપ્ત થયેલ પાદ્ પદથી જો બહુવ્રીહિ સમાસ થયો હોય તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં.

ऊध्नः २/४/७

અ.અ.સૂ. : ऊध्नः बहुव्रीहेः स्त्रियां ङीः।

અર્થ : ઊધન્ અન્તવાળાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

ઉદા. **कुण्डोध्नी**→કુંડ જેવા પુષ્ટ આંચળવાળી (ગાય).
कुण्डवत् ऊधो यस्याः सा इति।

उष्ट्रमुखा०३.१.२३थी समास→कुण्ड+ऊधस्
स्त्रियामूधसोऽ०७.३.१६९थी स्नो न्→कुण्ड+ऊधन्
अवर्णस्ये०१.२.६थी ओ→कुण्**डो**धन्
आ सूत्रथी ङी→कुण्डोधन्+**ई**
अनोऽस्य २.१.१०८थी अनो लोप→कुण्डो**ध्नी**
प्रथमा सि वगेरे→कुण्डोध्नी।

विशेषता :

જિ. : અહીં स्त्रियामूधसो०७.३.१६९ સૂત्रथी ऊधस्नां स्नो न् थाय જ છે. तेथी, नकारान्त એવા कुण्डोधन्थी स्त्रियां० २.४.१ द्वारा नित्य ङीनी प्राप्ति हती જ. तो आ सूत्रनो निर्देश शा माटे कर्यो ?

समा. : वस्तुतः अन् अन्तवाळां नामोनां विषयमां अनो वा २.४.१० सूत्रथी स्त्रियां नृतो०२.४.१नो बाध थईने विकल्पे ङीनुं विधान थाय छे. तेनो पण बाध करीने पुनः नित्य ङी करवा माटे आ सूत्रनो निर्देश छे.

अशिशोः २/४/८

अ.अ.सू. : **अशिशोः बहुव्रीहेः स्त्रियां ङीः।**

अर्थ : 'अशिशु' એ प्रमाणे बहुव्रीहि समासथी स्त्रीलिंगमां ङी प्रत्यय थाय छे.

स. : **अशिशोः**→न शिशुरिति अशिशुः, तस्मादिति।

उदा. (१) अशिश्वी→બાળક વગરની(स्त्री).
न विद्यते शिशुर्यस्याः सा इति।

उष्ट्रमुखादयः ૩.૧.૨૩થી સમાસ→ન+શિશુ
નञત્૩.૨.૧૨૫થી નञ્નો अत्→**अ**શિશુ
આ સૂત્રથી ङी→અશિશુ+**ई**
इवर्णादे०૧.૨.૨૧થી ઉનો व्→અશિ**श्वी**
પ્રથમા સિ વગેરે→અશિશ્વી।

વિશેષતા :

પૂર્વસૂત્રમાં ऊधन् અન્તવાળાં બહુવ્રીહિ સમાસનો નિર્દેશ હતો જ્યારે આ સૂત્રમાં 'अशिशु' એ પ્રમાણે સમસ્તપદનો જ નિર્દેશ છે. તેથી, આ સૂત્રનો પૂર્વસૂત્ર કરતાં પૃથક્ નિર્દેશ કરવામાં આવ્યો છે.

संख्यादेर्हायनाद् वयसि ૨/૪/૯

અ.અ.સૂ. : संख्यादेः हायनात् बहुव्रीहेः स्त्रियां ङीः, वयसि।

અર્થ : સંખ્યા આદિવાળાં અને हायन् અન્તવાળાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે. જો વય ગમ્યમાન હોય તો.

સ. : **संख्यादेः**→संख्या आदिर्यस्य स इति संख्यादिः, तस्मादिति ।

ઉદા. (૧) **द्विहायनी गौः**→બે વર્ષની ગાય. द्वे हायने यस्याः सा इति ।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→द्वि+हायन
આ સૂત્રથી ङी→द्विहायन+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી अनो લોપ→द्विहायनी
પ્રથમા સિ વગેરે→द्विहायनी।

પ્ર.ઉદા. **वयसीति किम् ? द्विहायना शाला**→બે વર્ષ પૂર્વે (બાંધેલી) શાળા. द्वे हायने भवा इति।

वर्षा-कालेभ्यः ७.३.८०थी इकण्→द्वि+हायन+**इक**
अनाम्यद्वि०६.४.१४१थी इकण्नो लोप→द्विहायन
आत् २.४.१८थी आप्→द्विहायन+**आ**
समानानां०१.२.१थी दीर्घ→द्विहाय**ना**
प्रथमा सि वगेरे→द्विहायना।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વયની ગમ્યમાનતામાં જ થાય છે. અને જીવોની કાલકૃત અવસ્થાને વય કહેવાય છે. જ્યારે અહીં શાળાની કાલકૃત અવસ્થા હોવાથી વયની ગમ્યમાનતા નથી. માટે આ સૂત્રથી ङी થયો નહીં.

दाम्नः २/४/१०

अ.अ.सू. : संख्यादेः दाम्नः बहुव्रीहेः स्त्रियां ङीः।

अर्थ : સંખ્યા આદિવાળાં અને दामन् અન્તવાળાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

ઉદા. **द्विदाम्नी**→બે માળાને ધારણ કરનારી સ્ત્રી.
द्वे दाम्नी यस्याः सा इति।
एकार्थं०३.१.२२थी સમાસ→द्वि+दामन्
આ સૂત્રથી ङी→द्विदामन्+**ई**
अनोऽस्य२.१.१०८थी अनो લોપ→द्विदा**म्नी**
प्रथमा सि वगेरे→द्विदाम्नी।

प्र.ઉદા. संख्यादेरित्येव→उद्दामानं पश्य→માળાને ઓળંગી ગયેલ બે સ્ત્રી. उत्क्रान्तं दाम यया सा इति।
उष्ट्रमुखा०३.१.२३थी સમાસ→उद्+दामन्
द्वितीया अम् वगेरे→उद्दामा**नम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંખ્યા આદિવાળાં બહુવ્રીહિ સમાસથી થાય છે. જ્યારે અહીં આદિમાં उद् ઉપસર્ગ છે. માટે આ સૂત્રથી ङी પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

યદ્યપિ અહીં दामन् નકારાન્ત હોવાથી સ્ત્રિયાં નૃતો૦૨.૪.૧થી ङીની પ્રાપ્તિ હતી જ. પણ અનો વા ૨.૪.૧૧થી વિકલ્પે થતાં ङીનો બાધ કરવાં માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અનો વા ૨/૪/૧૧

અ.અ.સૂ. : अनः बहुव्रीहेः स्त्रियां ङीः वा।

અર્થ : અન્ અન્તવાળાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङી પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. **બહુરાજ્ઞ્યૌ/બહુરાજે/બહુરાજાનૌ**→ઘણાં રાજાઓવાળી (નગરી). બહવો રાજાનો યયોસ્તે ઇતિ।
એકાર્થં૦૩.૧.૨૨થી સમાસ→બહુ+રાજન્
આ સૂત્રથી ङી→બહુરાજન્+**ई**
અનોઽસ્ય૨.૧.૧૦૮થી અનો લોપ→બહુરાજ્ન્+ઈ
મ્નાં ધુડ્વર્ગે૦૧.૩.૩૯થી ન્નો ञ્→બહુરાજ્ઞ્+ઈ
પ્રથમા औ→બહુરાજ્ઞી+**औ**
ઇવર્ણાદે૦૧.૨.૨૧થી ઈનો य્→બહુરાજ્ઞ્યૌ।
વિકલ્પે : ङીન થાય ત્યારે, બહુ+રાજન્
તાભ્યાં વાઽપ્૦૨.૪.૧૫થી ડાપ્ બહુરાજન્+**आ**
ડિત્યન્ત્ય૦૨.૪.૧૧૪થી અન્નો લોપ→બહુરાજા

પ્રથમા औ→બહુરાજા+**औ**

औતા ૧.૪.૨૦થી એ→બહુરા**જે**।

વિકલ્પે : ङી કે ડાપ્ ન થાય ત્યારે, બહુરાજન્

પ્રથમા औ વગેરે→બહુરા**જાનૌ**।

વિશેષતા :

(૧) આગામી નોપાન્ત્યવતઃ૦૨.૪.૧૩ સૂત્ર ઉપાન્ત્ય લોપ વિનાનાં જ શબ્દો અન્તે જેને હોય એવાં બહુવ્રીહિ સમાસથી ङી પ્રત્યયનો નિષેધ કરે છે. તેથી, આ સૂત્રમાં અને ઉત્તરસૂત્રમાં ઉપાન્ત્ય લોપવાળાં માટે જ ङી વિધિ જાણવી.

नाम्नि ૨/૪/૧૨

અ.અ.સૂ. : अनः बहुव्रीहेः स्त्रियां नाम्नि ङीः।

અર્થ : અન્ અન્તવાળાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં સંજ્ઞાનાં વિષયમાં નિત્ય ङીપ્રત્યય થાય છે.

ઉદા. **अधिराज्ञी नाम ग्रामः**
सुराज्ञी नाम ग्रामः } →ગામ વિશેષ.

અધિકો રાજા यस्यां सा इति / શોભનો રાજા यस्यां सा इति ।

એકાર્થં૦૩.૧.૨૨થી સમાસ→અધિ/સુ+રાજન્

આ ઉદા.માં આ સૂત્રથી ङી વગેરે કાર્યો ૨.૪.૧૧માં દર્શાવેલ બહુરાજ્યૌ પ્રમાણે જાણવા.

વિશેષતા :

(૧) અન્ અન્તવાળાં નામોમાં પૂર્વ સૂત્રથી ङી પ્રત્યય સિદ્ધ જ હતો પણ સંજ્ઞાનાં વિષયમાં નિત્ય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

नोपान्त्यवतः २/४/१३

अ.अ.सू. : उपान्त्यवतः अनः बहुव्रीहेः स्त्रियां ङीः न।

અર્થ : જેમાં ઉપાન્ત્ય અનો લોપ થયો નથી તેવા અન્ અન્તવાળાં બહુવ્રીહિ સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થતો નથી.

ઉદા. (૧) **सुपर्वा**→સારા પર્વવાળી (સ્ત્રી).
शोभनानि पर्वाणि यस्यां सा इति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→सु+पर्वन्
न वमन्त०૨.૧.૧૧૧થી अन्નો अनां લોપનો **निषेध** તેથી, अनो वा ૨.૪.૧૧થી પ્રાપ્ત ङीનો આ સૂત્રથી **निषेध**→सुपर्वन्
प्रथमा सि વગેરે→सुपर्वा।

(૨) **सुशर्मा**→સારા સુખવાળી (સ્ત્રી). शोभनं शर्म यस्याः सा इति। આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. उपान्त्यवत इति किम् ? बहुराज्ञी→ઘણાં રાજાઓવાળી નગરી.
આ ઉદા.ની સાધનિકા ૨.૪.૧૧માં દર્શાવેલ बहुराज्ञ्यौ પ્રમાણે જાણવી. પરંતુ પ્રથમાનો सि પ્રત્યય કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપાન્ત્ય અનો લોપ ન થયો હોય તેવા નામથી થાય છે. જ્યારે અહીં अन्નાં अनो લોપ થયેલ છે. માટે આ સૂત્રથી अनो वा ૨.૪.૧૧થી પ્રાપ્ત ङीનો નિષેધ થયો નહીં.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, માત્ર અનો વા ૨.૪.૧૧ સૂત્ર વિહિત ङीનો આ સૂત્રથી પ્રતિષેધ થતો નથી. પરંતુ સ્ત્રિયાં૦૨.૪.૧થી થતાં ङીનો પણ આ સૂત્ર દ્વારા પ્રતિષેધ થાય છે.

मनः ૨/૪/૧૪

અ.અ.સૂ. : मनः स्त्रियां ङीः न।

અર્થ : મન્ અન્તવાળાં નામથી સ્ત્રીલિંગમાં ङી પ્રત્યય થતો નથી.

ઉદા. **सीमानौ**→બે સીમા.
અહીં સો ધાતુને ઉણાદિ-૯૧૫થી મન્ લાગીને सीमन् બનેલ છે. તેથી, અનો વા ૨.૪.૧૧થી પ્રાપ્ત ङીનો આ સૂત્રથી **નિષેધ**→सीमन्
પ્રથમા औ વગેરે→सीमानौ।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, अतिमहिमन् વગેરે પ્રયોગો इमन् પ્રત્યયાન્ત હોવાથી અન્ત્ય मन् અનર્થક છે. તેથી **अर्थवद्ग्रहणे नाऽनर्थकस्य** ૧/૧૪ ન્યાયાનુસારે આ સૂત્રનાં વિષયભૂત બની શકે નહીં. તો પણ **अनिनस्मन् ग्रहणान्यर्थवताऽनर्थकेन च तदन्तविधिं प्रयोजयन्ति** ૨/૧૯ ન્યાયનો નિર્દેશ હોવાથી अतिमहिमन् વગેરે અનર્થક मन् અન્તવાળાં નામોને પણ આ સૂત્રનાં વિષય તરીકે ગ્રહણ કરવા.

(૨) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો તેથી 'बहुव्रीहेः' નો અધિકાર અટકી ગયો.

ताभ्यां वाऽऽप् डित् २/४/१५

अ.अ.सू. : ताभ्यां बहुव्रीहेः स्त्रियां डित् आप् वा।

अर्थ : मन् अन्तवाळां नामथी अने अन् अन्तवाळां बहुव्रीहि समासथी स्त्रीलिंगमां ड् ईतवाळो आप् प्रत्यय विकल्पे थाय छे.

उदा. (१) **सीमे/सीमानौ**→बे सीमा.
आ सूत्रथी विकल्पे डाप्→सीमन्+**आ**
डित्यन्त्य०२.१.११४थी अन्नो लोप→सीमा
प्रथमा औ→सीमा+**औ**
औता १.४.२०थी ए→**सीमे**
विकल्पे : डाप् न थाय त्यारे, सीमन्
प्रथमा औ→सी**मानौ**।

(२) **सुपर्वे/सुपर्वाणौ**→सारा पर्ववाळी बे(स्त्री).
शोभनानि पर्वाणि ययोस्ते इति।
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु एकार्थं०३.१.२२थी समास करवो.

विशेषता :

(१) सूत्रमां डाप्नुं ग्रहण न करतां आप् डित्नुं ग्रहण ड् ईत् विनानां आप्नी अनुवृत्ति नीचे लई जवा माटे छे.

(२) सूत्रगत ताभ्याम् पद द्वारा अनो वा २.४.११ अने नोपान्त्यवतः २.४.१३थी प्राप्त बहुव्रीहि समास वडे निष्पन्न अन् अन्तवाळां नाम अने मनः २.४.१४ थी प्राप्त मन् अन्तवाळां नामो ग्रहण थाय छे.

★ **अन् अन्तवाळां नामोमां स्त्रीप्रत्यय कोष्टक :-**

બહુવ્રીહિ સમાસ.	નકારાન્ત અન્ નાં અનો લોપ	સ્ત્રી પ્રત્યય.	સૂત્ર	ઉદા.
3	3	ङी/डाप्/-	११-१५	बहुराज्यौ/बहुराजे/ बहुराजानौ
3	5	डाप्/-	१५(१३थी ङीनोनिषेध)	सुपर्वे/सुपर्वाणौ
5	3	ङी	१	राज्ञी
5	5	ङी	१	अतिपर्वणी

अजादेः २/४/१९

अ.अ.सू. : अजादेः स्त्रियां आप्।

अर्थ : अज वगेरे शब्दथी अजादि संबंधी જ स्त्रीलिंगमां आप् प्रत्यय थाय छे.

स. : **अजादेः**→अज आदिर्यस्य स इति अजादिः, तस्मादिति।

ઉદા. (१) **अजा**→બકરી. अज
आ सूत्रथी आप्→अज+**आ**
समानानां०१.२.१थी दीर्घ→**अजा**
प्रथमा सि वगेरे→अजा।

(२) **बाला**→બાળિકા. बाल+**आप्**

(३) **ज्येष्ठा**→મોટી. ज्येष्ठ+**आप्**

(४) **क्रुञ्चा**→હંસી. क्रुञ्च्+**आप्**
આ ઉદા.ની साधनिका पूर्व प्रमाणे જાણવી.

વિશેષતા :

(૧) **અજાદિ ગણ તેમજ તદન્તર્ગત તમામ શબ્દોને ङीની પ્રાપ્તિનાં સૂત્રો જેનો આ સૂત્રથી બાધ થાય છે.**

(a) અજા, એડકા, અશ્વા, ચટકા, મૂષિકા, કોકિલા→ जातेरयान्त०२.४.५४

(b) બાલા, હોડા, પાકા, વત્સા, મન્દા, વિલાતા; કન્યા, મધ્યા, મુગ્ધા→वयस्या०२.४.२१

(c) જ્યેષ્ઠા, કનિષ્ઠા, મધ્યમા→धवाद् योगाद०२.४.५९

(d) પૂર્વાપહાણા, અપરાપહાણા→अणञेयेकण्०२.४.२०

(e) ત્રિફલા→द्विगो समा०२.४.२२

(f) ક્રુઞ્ચ, દેવવિત્, ઉષ્ણિહ્-અહીં વ્યંજનાન્ત હોવાથી आत्२.४.१८થી आप्ની પ્રાપ્તિ ન હતી. તેથી આ ગણમાં તેમનો નિર્દેશ છે.

(૨) **ગણ અંતર્ગત શબ્દ વિષયક અન્ય વ્યાકરણકારોનાં મત :-**

(a) ગણ અંતર્ગત વિલાતા શબ્દને કેટલાંક વ્યાકરણકારો ઈચ્છતાં નથી. તેથી તેમનાં મતે વિલાતી પ્રયોગ સિદ્ધ થાય છે.

(b) કેટલાંક વ્યાકરણકારો આ ગણમાં સંપ્રહાણા અને પરપ્રહાણા પ્રયોગો પણ ઈચ્છે છે.

(c) ક્રુઞ્ચ વગેરે વ્યંજનાન્ત શબ્દથી કેટલાંક વ્યાકરણકારો વિકલ્પે आप् કરે છે તેથી તેમનાં મતે ક્રુઙ્ વગેરે પણ સિદ્ધ થાય છે. વળી બીજા કેટલાંક ક્રુઞ્ચાનાલભેત્ આવા પ્રયોગાનુસારે ક્રુઞ્ચ વગેરે શબ્દોને અકારાન્ત જ માને છે.

(૩) અકારાન્ત નામોને आत्२.४.१८થી आप्ની પ્રાપ્તિ હતી જ. પરંતુ તેનો अणञेये०२.४.२० વગેરે સૂત્રથી બાધ થતો હતો. તે બધાનો બાધ કરી પુનઃ आप् કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્ર દ્વારા અજ વગેરે શબ્દોથી અજ સંબંધી સ્ત્રીલિંગમાં જ આપ્‌ની પ્રાપ્તિ થાય છે. તેથી **पञ्चानामजानां समाहार इति पञ्चाजी** જેવાં અન્ય સંબંધી પ્રયોગો અજાદિ હોવા છતાં પણ આ સૂત્ર દ્વારા તેમાં આપ્‌ પ્રત્યય થતો નથી.

જિ. : સૂત્રમાં માત્ર અજ વગેરે શબ્દોનો જ નિર્દેશ કર્યો છે. તેથી **ग्रहणवता नाम्ना न तदन्तविधिः** ૨/૧૮ ન્યાયાનુસારે પઞ્ચાજી વગેરેમાં અજ અન્તવાળા નામોથી સૂત્ર પ્રવૃત્તિની પ્રાપ્તિ જ નથી. તો પણ અહીં તત્સંબંધી વિધિનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે, પરંતુ અહીં આવા પ્રકારનાં નિર્દેશ દ્વારા ગ્રંથકારશ્રી જણાવવા માંગે છે કે, સ્ત્રી પ્રત્યય પ્રકરણમાં નામનાં ગ્રહણથી તદન્તવિધિ પણ થાય છે. તેથી **महांश्चासौ अजश्च इति महाजः** શબ્દને પણ આ સૂત્રથી આપ્‌ લાગીને મહાજા પ્રયોગ સિદ્ધ થાય છે.

આમ, અહીં નિષ્કર્ષ એ છે કે, આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર તત્સંબંધી પ્રયોગમાં જ થશે. પણ અન્યસંબંધી પ્રયોગમાં નહીં પણ તે સિવાયનાં સ્ત્રી પ્રત્યય પ્રકરણમાં તમામ સમાસનાં પ્રયોગો તે-તે સૂત્રથી સિદ્ધ થશે. જેમકે, અતિભવતીમાં **अधातूदृदितः** ૨.૪.૨થી ङी થાય છે.

ऋचि पादः पात्पदे ૨/૪/૧૭

અ.અ.સૂ. : **ऋचि पादः स्त्रियां पात्पदे।**

અર્થ : પાદ્‌ આદેશવાળાં પાદ શબ્દનો ઋચા અર્થમાં સ્ત્રીલિંગમાં પાત્‌ અને પદા આદેશ નિપાતન કરાય છે.

સ. : **पात्पदे**→पाच्च पदा च इति।

ઉદા. (૧) **त्रिपदा/त्रिपात् गायत्री**→ત્રણ પાદવાળો ગાયત્રી મંત્ર.
त्रयः पादा यस्याः सा इति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→त्रि+पाद
सुसंख्यात्०૭.૩.૧૫૦થી पाद् આદેશ→**त्रिपाद्**
આ સૂત્રથી आप् પ્રત્યયાન્ત पदा આદેશ→**त्रिपदा**
અથવા पाद् આદેશ→**त्रिपाद्**
વિરામે વા ૧.૩.૫૦થી द् નો त्→**त्रिपात्**।

પ્ર.ઉદા. **ऋचीति किम् ? द्विपात्/द्विपदी**→બે પાદવાળો છંદ વિશેષ.
આ ઉદા.ની સાધનિકા ૨.૪.૬ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઋચા અર્થમાં વર્ત્તતાં પાદ શબ્દથી જ થાય છે. જ્યારે અહીં ઋચા અર્થ નથી માટે આ સૂત્રથી પાત્/પદા આદેશ થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્ર વા पादः ૨.૪.૬નું અપવાદ સૂત્ર છે.

(૨) ઋચા એટલે વેદની મંત્ર પંક્તિઓ.

आत् ૨/૪/૧૮

અ.અ.સૂ. : आत् स्त्रियाम् आपः।

અર્થ : અકારાન્ત નામોથી સ્ત્રીલિંગમાં आप् પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **खट्वा**→ખાટલો. खट्व
આ સૂત્રથી आप्→खट्व+**आ**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**खट्वा**
પ્રથમા સિ વગેરે→खट्वा।

(૨) **या**→જેણી(જે સ્ત્રી). यद्+सि
આ દ્વેરः ૨.૧.૪૧થી દ્નો અ→**यअ**+सि
लुगस्या૦૨.૧.૧૧૩થી અનો લોપ→य+स्
આ સૂત્રથી आप्→य+**आ**+स्
समानानां૦૧.૨.૧થી દીર્ઘ→**या**+स्
સિનો લોપ વગેરે→या।

(૩) **सा**→તેણી(તે સ્ત્રી). तद्+सि
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ तः સૌ सः ૨.૧.૪૨થી ત્નો સ્ કરવો.

વિશેષતા :

(૧) આ સૂત્ર અધિકાર સૂત્ર પણ છે. તેથી યથાસંભવ આગામી સૂત્રમાં પણ 'અકારાન્ત નામથી પર' એ પ્રમાણે અધિકાર જાણવો.

જિ. : या અને सा વગેરે શબ્દો અનેક લિંગમાં હોવાથી તેમનું यः, सः એ પ્રમાણે અકારાન્તપણું જણાય છે. પરંતુ खट्वा શબ્દ નિત્ય સ્ત્રીલિંગ હોવાથી તેનો અકારાન્ત પ્રયોગ જણાતો નથી. તો તેનાં અકારાન્તપણાનો નિશ્ચય કેવી રીતે કરવો ?

સમા. : प्रिया खट्वा यस्य स इति प्रियखट्वः એ પ્રમાણે બહુવ્રીહિ સમાસમાં પુંલિંગનું વિશેષણ બનતાં સ્ત્રીલિંગનો आप् પ્રત્યય દૂર થતાં તેમજ, गोश्चान्ते૦૨.૪.૯૬થી હ્રસ્વ થયો હોવાથી તેનું અકારાન્તપણું નિશ્ચય જણાય છે. જો ખરેખર તે અકારાન્ત ન હોય તો गोश्चान्ते૦૨.૪.૯૬થી હ્રસ્વ થવાની પ્રાપ્તિ ન થાય.

गौरादिभ्यो मुख्यान् ङीः २/४/१९

अ.अ.सू. : गौरादिभ्यः मुख्यात् स्त्रियां ङीः।

अर्थ : गौर वगेरे मुख्य नामथी स्त्रीलिंगमां ङी प्रत्यय थाय छे.

स. : **गौरादिभ्यः**→गौर आदिर्येषां ते इति गौरादयः, तेभ्य इति।

उदा. (१) **गौरी**→गोर वर्णवाळी स्त्री. गौर
आ सूत्रथी ङी→गौर+**ई**
अस्य ङ्यां०२.४.८६थी अनो लोप→गौरी
प्रथमा सि वगेरे→गौरी।

(२) **शबली**→काबरचीतरा वर्णवाळी (गाय). शबल।
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

प्र.उदा. मुख्यादिति किम् ? बहुनदा भूमिः→घणां समुद्रवाळी भूमि.
बहवः नदाः यस्यां सा इति।
एकार्थं०३.१.२२थी समास→बहु+नद
आत् २.४.१८थी आप्→बहु+नद+**आ**
समानानां०१.२.१थी दीर्घ→**बहुनदा**
प्रथमा सि वगेरे→बहुनदा।

★ आ सूत्रनी प्रवृत्ति गौरादि गण अंतर्गत मुख्य नामथी ज थाय छे. ज्यारे अहीं नद समास पामेल होवाथी मुख्य नाम नथी. माटे आ सूत्रथी ङी थयो नहीं.

विशेषता :

(१) अहीं 'मुख्यात्' ए प्रमाणे अधिकार वचन छे. तेथी हवे पछीनां सूत्रमां मुख्य नामथी प्रत्ययनो निर्देश कराय छे. पण बहुव्रीह्यादिथी निष्पन्न गौण नामथी नहीं.

(૨) ગૌરાદિ ગણ તેમજ આ સૂત્રનાં અભાવમાં ङीની અપ્રાપ્તિનાં કારણો :-

★ गौर, शबल, कल्माष, सारङ्ग, पिशङ्ग, हरिण, पाण्डुर (पाण्डर), अमर, सुन्दर, विकल, विष्कल, पुष्कल, निष्कल→ઈત્યાદિ શબ્દો ગુણવાચી અને અજાતિવાચી છે. તેથી जातेर० ૨.૪.૫૪થી ङी પ્રત્યયની પ્રાપ્તિ ન હતી.

★ दास, चेट, विट, भिक्षुक, बन्धक, पुत्र, गायत्र, आनन्द, टेट, कटेट, नट→ઈત્યાદિ શબ્દો અજાતિવાચી છે. તેથી जातेर०૨.૪.૫૪થી ङी પ્રત્યયની પ્રાપ્તિ ન હતી.

★ काव्य, शैव्य, मत्स्य, मनुष्य, मुकय, हय, गवय, ऋश्य, द्रुण, ओकण→ઈત્યાદિ શબ્દો જાતિવચન હોતે છતે પણ यकारान्त હોવાથી તેમજ द्रुण અને ओकण નિત્ય સ્ત્રીલિંગ હોવાથી जातेर०૨.૪.૫૪થી ङीની પ્રાપ્તિ ન હતી.

★ भौरिकि, भौलिकि, भौलिङ्गि, औद्राहमानि, आलम्बि, आलच्चि, कालच्चि, आयस्थूण, आरद→भौलिकि અને भौरिकि શબ્દો क्रोड्यादि गणअन्तर्गत હોવાથી તેમજ બીજા શબ્દો अण् અને ईय અન્તવાળા ગુરુ-પાન્ત્યવાળા હોવાથી ष्यની પ્રાપ્તિ હતી.

★ दोटी वरट, नाट, मूलाट, पाट, सृपाट, पेट, पट, पटल, पुट, कुट, फाण्टश, घातक, केतक, तर्कार, शर्कार, बदर, कुवल, लवण, बिल्व, आमलक, मालत, वेतस, अतस, आढक, कदर, कदल, गुडूच, बाकुच, नाच, माच, कुम्भ, कुसुम्भ, यूष, मेथ, सूष, मूष, करीर, सल्लक, भल्लक, मल्लक, मालक, मेघ, पिप्पल, हरीतक, कोशातक, सम, तम, सुसव, शृङ्ग, भृङ्ग, बिम्ब, वर्वर, लोहाण्ड, शष्कण्ड, पिण्ड, मण्डर, मण्डल, यूप, सूप, सूर्प, सूर्म, मट, पिठर, ऊर्द, गूर्द, सूर्द,

खार, काकण, द्रोण, अरीहण, उकण, वृश, आसन्द, अलिन्द, कन्दल, सलन्द, देह, देहल, शष्कुल, शच, सूच, मञ्जर, अलज, गण्डज, वैजयन्त, शालूक, उपरतस, छेद→ईत्यादि शब्दो नित्य स्त्रीलिंग विषयक होवाथी जातेर०२.४.५४थी ङीनी प्राप्ति न हती.

★ क्रोष्टु, सरस्→आ शब्द नकारान्त नहीं होवाथी स्त्रियां० २.४.१थी ङीनी प्राप्ति न हती.

★ अनड्वाही, अनडुही, प्रत्यवरोहिणी, पृथिवी, आग्रहायणी→ ईत्यादि शब्दो नित्य स्त्रीलिंग होवाथी जातेर०२.४.५४ थी ङीनी प्राप्ति न हती.

★ पञ्चानड्वाहि, दशानडुहि, आश्मरथ्य→ईत्यादि शब्द गोत्रीय प्रत्ययान्त होवाथी डायन्नी प्राप्ति हती.

★ एहि, पर्येहि→आ शब्द इकारान्त होवाथी विकल्पे ङीनी प्राप्ति हती.

★ सूत्रमां ब.व. आकृतिगण माटे छे तेथी नद, मह, मष, प्लव, चर, गर, तर, गाह, देव, सूद, अराल, उदवड, चण्ड, उमाभङ्ग, हरिकण, वटर, अधिकर वगेरे शब्दोमां पण आ सूत्रनी प्रवृत्ति थाय छे.

(૩) भौरिक्या, भौलिक्या शब्द क्रोड्यादिगण अन्तर्गत होवाथी ष्यनी पण प्राप्ति छे.

(૪) 'अनड्वाही, अनडुही वगेरे' એ प्रमाणे पाठ होवाथी ङी प्रत्यय पर छतां अनडुह् शब्दनां उनो विकल्पे वा आदेश अने सि प्रत्यय पर छतां नित्य न् आगमनो अभाव जाणवो.

(૫) प्रत्यवरोहिणी वगेरे शब्द प्रत्यय सहित निर्दिष्ट होवाथी पुंवद्भावना निषेध माटे छे.

(૬) અહીં કેટલાંક વ્યાકરણકારો એષણ, કરણમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે.

अणञेयेकण्-नञ्-स्नञ्-टिताम् २/४/२०

અ.અ.સૂ. : अणञेयेकण्-नञ्-स्नञ्-टितां आत् स्त्रियां ङीः।

અર્થ : અણ્, અઞ્, એય, ઇકણ્, નઞ્, સ્નઞ્ અને ટ્ઈત્વાળાં પ્રત્યયોનો અ જેને અન્તે છે એવા નામોથી એ જ નામનાં સ્ત્રીલિંગ વિષયમાં ङी પ્રત્યય થાય છે.

સ. : **अणञेयेकण्-नञ्-स्नञ्-टिताम्**→ट् इत् अनुबन्धो यस्य स इति टित्, अण् च अञ् च एयश्च इकण् च नञ् च स्नञ् च टिच्च इति अणञेयेकण्नञ्स्नञ्टितः, तेषामिति।

ઉદા. (૧) **अण्→औपगवी**→ગોવાળની પુત્રી.
उपगोरपत्यमिति औपगवः, स्त्री चेत्।
ડસોઽપત્યે ૬.૧.૨૮થી अण्→उपगु+**अ**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि **औ**पगु+अ
अस्वयंभुवोऽ०७.४.७०थी अव्→औप**गव**
આ સૂત્રથી ङी→औपगव+**ई**
अस्य ङ्यां०२.४.८६થી अनो લોપ→औपगवी
પ્રથમા સિ વગેરે→औपगवी।

(૨) **बैदी**→બૈદ ગોત્રીયની પૌત્રી.
बिदस्याऽपत्यं वृद्धं स्त्री चेत्।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પરંતુ અહીં बिदादे०६.१.४१થી अञ् પ્રત્યય લાગેલ છે.

(૩) **सौपर्णेयी**→સુપર્ણની પુત્રી. सुपर्ण्याः अपत्यं स्त्री चेत्।

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પરંતુ ઙ્યાપત્યૂ૦૬.૧.૭૦થી એયણ્ પ્રત્યય લગાડવો.

(૪) **इकण्→आक्षिकी**→પાસા વડે રમતી સ્ત્રી.
अक्षै र्दीव्यतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પરંતુ જિત-જયદ્૦૬.૪.૨થી इकण् પ્રત્યય લગાડવો.

(૫) **नञ्→स्त्रैणी**→સ્ત્રીની પુત્રી. स्त्रिया अपत्यमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પરંતુ પ્રાગ્વતઃ૦૬.૧.૨૫થી નઞ્ પ્રત્યય લગાડવો.

(૬) **स्नञ्→पौंस्नी**→પુરુષની પુત્રી. पुंसोऽपत्यमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પરંતુ પ્રાગ્વતઃ૦૬.૧.૨૫થી સ્નઞ્ પ્રત્યય લગાડવો.

(૭) **टित्→जानुदघ्नी**→ઘુંટણ પ્રમાણ(વૃષ્ટિ).
जानु ऊर्ध्वं प्रमाणमस्या इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી પરંતુ વોર્ધ્વં૦૬.૧.૧૪૨થી दघ्नट् પ્રત્યય લગાડવો.

વિશેષતા :

(૧) અહીં અણ્ વગેરે પ્રત્યયોનાં સાહચર્યથી **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયાનુસારે ટ્ઈતવાળાં આગમમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. જેમકે, पठ्+तनાં વિષયમાં स्ताद्यशितो૦૪.૪.૩૨ થી इट् આગમ થાય છે. જે ટ્ઈતવાળો હોવા છતાં પણ આ સૂત્રથી ङી થતો નથી.

(૨) સૂત્રમાં એયનાં ગ્રહણથી **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫ ન્યાયાનુસારે એયચ્ અને એયઞ્ પ્રત્યયનું પણ ગ્રહણ થાય છે.

જિ. : અહીં સૂત્રગત 'टिताम्' પદ દ્વારા अण् આદિનાં સાહચર્યથી ट्ઈત્વાળા પ્રત્યય જેને અન્તે હોય તેવા પ્રયોગોનું જ ગ્રહણ થવું જોઈએ તો બૃ.વૃ.માં शुनिं धयतीति शुनिन्धयी આદિ પ્રયોગોમાં ट्ઈત્ વિનાનો खश् પ્રત્યય હોવા છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ કેવી રીતે થાય ?

સમા. : વસ્તુતઃ અહીં 'टिताम्' પદ દ્વારા ट्ઈત્વાળા પ્રત્યયાન્ત પદ જ અભિપ્રેત છે પરંતુ **'अवयवेऽचरितार्था अनुबन्धाः समुदायस्योपकारका भवन्ति'** નિયમાનુસારે ट्धे ધાતુમાં નિર્દિષ્ટ અચરિતાર્થ ट्ઈત્નું ગ્રહણ खश् આદિ ट्ઈત્ વિનાનાં પ્રત્યયોમાં પણ થાય છે તેથી ट्धे ધાતુનાં યોગમાં ट्ઈત્ સિવાયનાં પ્રત્યયોનો પ્રયોગ હોય તો પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

જિ. : સૂત્રમાં માત્ર પ્રત્યયનો જ નિર્દેશ છે. તેથી તે અન્તવાળા નામથી ङीનું વિધાન થાય. તો 'તેઓના જ સ્ત્રીનાં વિષયમાં' એવો અર્થ શા માટે ગ્રહણ કર્યો ?

સમા. : વસ્તુતઃ प्रोक्तात् ૬.૨.૧૨૯ આદિ સૂત્ર દ્વારા अण् વગેરે પ્રત્યયનો લોપ થાય ત્યારે પૂર્વે લાગેલાં अण् પ્રત્યયની અકારાન્તતા વિદ્યમાન હોય છે. ત્યારે પણ અકારાન્તપણું અને अण् પ્રત્યયાન્ત હોવાથી આ સૂત્ર દ્વારા ङी પ્રત્યય લાગવાની આપત્તિ આવે છે. તેવું ન થાય તે માટે અહીં પ્રત્યાસત્તિ ન્યાયથી જે अण् વગેરે પ્રત્યય અકારાન્ત નામને અન્તે વિદ્યમાન હોય તે अण् વગેરે પ્રત્યયાન્તનો સ્ત્રીલિંગનાં વિષયમાં ङी પ્રત્યય કરવો. અન્યથા નહીં.

જેમકે, गौतमेन प्रोक्ता नीतिः આ અર્થમાં तेन प्रोक्ते ૬.૩.૮૧ સૂત્રથી अण् પ્રત્યય લાગ્યા બાદ આ સૂત્રથી ङी પ્રત્યય

થાય છે. ગૌતમીમધીતે એવા અર્થમાં તદ્વેત્ત્ય૦૬.૨.૧૧૭ સૂત્રથી પુનઃ અણ્ કરતાં પ્રોક્તાત્૬.૨.૧૨૯ અને ઙ્યાદેગૌ૦ ૨.૪.૯૫થી અનુક્રમે અણ્ અને ઙીનો લોપ થાય છે. હવે, ગૌતમ કન્યા આ અવસ્થામાં પૂર્વે લાગેલાં અણ્ નાં કારણે અકારાન્તતા છે. પરંતુ તે અણ્ પ્રત્યયથી વાચ્ય અર્થ સ્ત્રીનાં વિષયભૂત નીતિ થાય છે. જે પ્રસ્તુત નથી. જ્યારે લુપ્ત અણ્ પ્રત્યયાન્તનાં વાચ્ય અર્થમાં સ્ત્રીનો વિષય કન્યા થાય છે. જેનો નિરૂપક અણ્ પ્રત્યય વર્તમાનમાં વિદ્યમાન નથી તેથી આ સૂત્રથી પ્રત્યાસત્તિનાં વિષયથી ઙી નો નિષેધ થતાં આત્ ૨.૪.૧૮થી આપ્ થઈ ગૌતમા કન્યા થયેલ છે.

वयस्यनन्त्ये ૨/૪/૨૧

અ.અ.સૂ. : वयसि अनन्त्ये आत् स्त्रियां ङीः।

અર્થ : કાલકૃત શરીરાવસ્થા=**વય.** અચરમ વયમાં વર્ત્તતાં અકારાન્ત નામથી સ્ત્રીલિંગમાં ઙી પ્રત્યય થાય છે.

સ. : **अनन्त्ये**→न अन्त्य इति अनन्त्यः, तस्मिन्निति।

ઉદા. (૧) **कुमारी**→કુંવારી કન્યા.
આ સૂત્રથી ઙી→કુમાર+**ઈ**
અસ્ય ઙ્યાં૦૨.૪.૮૬થી અનો લોપ→કુમારી
પ્રથમા સિ વગેરે→કુમારી।

(૨) **किशोरी**→કિશોર વયની કન્યા. કિશોર+ઙી।

(૩) **वधूटी**→નવોઢા. વધૂટ+ઙી।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अनन्त्य इति किम् ? वृद्धा→ઘરડી સ્ત્રી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અચરમ વયમાં વર્ત્તતાં નામથી થાય છે. જ્યારે અહીં વૃદ્ધ ચરમ વય હોવાથી આ સૂત્રથી ङी ન થતાં आत् ૨.૪.૧૮થી आप् થયેલ છે.

વિશેષતા :

(૧) बाल અને वत्स શબ્દને अजादि ગણનાં સામર્થ્યવશાત્ અનન્ત્ય વય હોવા છતાં પણ **अजादेः** ૨.૪.૧૬થી आप् પ્રત્યય જ લાગે છે.

જિ. : સૂત્રગત 'अनन्त्ये' પદ દ્વારા વૃદ્ધત્વનું જ વર્જન કરવામાં આવે છે. તો વૃદ્ધત્વ અને અવૃદ્ધત્વ એમ વયનાં બે ભેદ ગણીને પ્રથમ વયનું જ ગ્રહણ કરવામાં આવ્યું હોત તો શું આપત્તિ હતી ?

સમા. : વસ્તુતઃ કેટલાંક વ્યાકરણકરો ચાર વયને જણાવે છે. (૧) કુમાર (૨) યૌવન (૩) મધ્યમ અને (૪) વૃદ્ધ. તો કેટલાંક ત્રણને જણાવે છે. (૧) કુમાર. (૨) યૌવન અને (૩) સ્થવિર. તથા, કેટલાંક અન્ય પણ ત્રણ વયને જણાવે છે. (૧) બાલ (૨) મધ્યમ અને (૩) વૃદ્ધ. વળી કેટલાંક બે વયને જણાવે છે. (૧) વૃદ્ધ અને (૨) અવૃદ્ધ. તે બે વયનાં મતને આશ્રયીને પાણિની વ્યાકરણમાં 'वयसि प्रथमे ૪.૧.૨૦' એ પ્રમાણે સૂત્ર નિર્દેશ કર્યો છે. પરંતુ અહીં ગ્રંથકારશ્રી સર્વદર્શનનો સમાવેશ કરવા માટે 'अनन्त्ये' પદ દ્વારા એ જ વિધાન કરી રહ્યા છે.

જિ. : कुमारी વગેરે શબ્દો જાતિવાચી હોવાનાં કારણે जातेरयान्त० ૨.૪.૫૪ સૂત્ર દ્વારા ङीની પ્રાપ્તિ થાય છે. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : વસ્તુતઃ 'यावद्द्रव्यभाविनः' એ પ્રમાણે લોકપ્રસિદ્ધ કુમારીત્વ વગેરેને આશ્રયીને કુમારી વગેરે નામ જાતિ સ્વરૂપ મનાતાં નથી. પરંતુ તદ્વાચ્ય પદાર્થની આકૃતિનાં ગ્રહણ દ્વારા તદ્સમાન આકૃતિ વિશિષ્ટ વ્યક્તિઓનાં સમૂહને જણાવનાર હોવાથી જાતિવાચી કહેવાય છે. આવું જણાવવા માટે જ અહીં પુનર્વચન છે.

द्विगोः समाहारात् २/४/२२

અ.અ.સૂ. : आत् द्विगोः समाहारात् स्त्रियां ङीः।

અર્થ : અકારાન્ત દ્વિગુ સમાહાર સમાસથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

ઉદા. (૧) પઞ્ચપૂલી→પાંચ પૂડલાની ઢગલી.
पञ्चानां पूलानां समाहार इति।
संख्यासमाहारे०૩.૧.૯૯થી સમાસ→पञ्चन्+पूल
नाम्नो नो०૨.૧.૯૧થી न्नो લોપ→पञ्च+पूल
આ સૂત્રથી ङी→पञ्चपूल+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી अनो લોપ→पञ्चपूली
પ્રથમા સિ વગેરે→पञ्चपूली।

(૨) **દશરાજી**→દશ રાજાની ટોળી.
दशानां राज्ञां समाहार इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

જિ. : વ્યાકરણમાં સમાહાર સમાસ બે જ પ્રકારે દર્શાવેલાં છે. (૧) દ્વિગુ સમાહાર (૨) દ્વન્દ્વ સમાહાર. ત્યાં દ્વન્દ્વ સમાસમાં

નિર્દિષ્ટ સમાહાર **द्वन्द्वैकत्वाययी०** ૩/૯ લિંગાનુશાસનનાં વચનાનુસારે નિયમા નપું.માં થાય છે તેથી ત્યાં સ્ત્રીલિંગનાં વિષયનો અભાવ છે. માટે **संभवे व्यभिचारे च विशेषणमर्थवत्** ૨/૫૭ ન્યાયાનુસારે દ્વિગુ સમાહાર જ આવવાનો હતો છતાં સૂત્રમાં 'द्विगोः'નું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો માત્ર समाहारात् એટલું જ બતાવવામાં આવ્યું હોત તો તે નામનું વિશેષણ બનતાં विशेषणमन्तः ૭.૪.૧૧૩ પરિભાષાથી સમાહાર અંતવાળા નામથી આ સૂત્રની પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે. જેમકે, वाक्त्वचमतिक्रान्ता इति अतिवाक्त्वची એવું થાય જે ઈષ્ટ નથી.

परिमाणात् तद्धितलुक्यबिस्ता-ऽऽचित-कम्बल्यात्
૨/૪/૨૩

અ.અ.સૂ. : अबिस्ता-ऽचित-कम्बल्यात् आत् परिमाणात् द्विगोः समाहारात् तद्धितलुकि स्त्रियां ङीः।

અર્થ : ચારે બાજુનું પ્રમાણ=પરિમાણ. ૩ઢિથી પ્રસ્થ વગેરે પરિમાણ કહેવાય છે. બિસ્ત, આચિત અને કમ્બલ્ય વગેરે સિવાયનાં પરિમાણવાચક અકારાન્ત દ્વિગુ સમાસથી તદ્ધિતનો લોપ થયે છતે સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

સ. : (૧) **तद्धितलुकि**→तद्धितस्य लुक् इति तद्धितलुक्, तस्मिन्निति।
(૨) **अबिस्ता-ऽऽचित-कम्बल्यात्**→बिस्तश्च आचितश्च कम्बल्यश्च इति बिस्ता-ऽऽचित-कम्बल्यम्, न बिस्ता-ऽऽचित-कम्बल्यमिति अबिस्ता-ऽऽचित-कम्बल्यम्, तस्मादिति।

ઉદા. (૧) **દ્વિકુડવી**→બે પસલી વડે ખરીદાયેલી.
દ્વાભ્યાં કુડવાભ્યાં ક્રીતા ઇતિ।
સંખ્યા સમાહારે૦૩.૧.૯૯થી સમાસ→દ્વિ+કુડવ
મુલ્યૈઃ ક્રીતે ૬.૪.૧૫૦થી ઇકણ્→દ્વિકુડવ+**ઇક**
અનામ્યદ્વિઃ૦૬.૪.૧૪૧થી ઇકણ્નો લોપ→દ્વિકુડવ
આ સૂત્રથી ઙી→દ્વિકુડવ+**ઈ**
અસ્ય ઙ્યાં૦૨.૪.૮૬થી અનો લોપ→દ્વિકુડવી
પ્રથમા સિ વગેરે→દ્વિકુડવી।

પ્ર.ઉદા. (૧) **પરિમાણાદિતિ કિમ્ ? પઞ્ચાશ્વા**→પાંચ ઘોડા વડે ખરીદેલી. પઞ્ચભિઃ અશ્વૈઃ ક્રીતા ઇતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી થતાં ઙીનાં સ્થાને આત્૨.૪.૧૮થી થતો આપ્ કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પરિમાણવાચી નામથી જ થાય છે. જ્યારે અહીં પરિમાણવાચી નામ નથી માટે આ સૂત્રથી ઙી પ્રત્યય થયો નહીં.

(૨) **તદ્ધિતલુકીતિ કિમ્ ? દ્વિપણ્યા**→બે પણ વડે ખરીદેલી.
દ્વાભ્યાં પણાભ્યાં ક્રીતા ઇતિ।
સંખ્યા સમાહારે૦૩.૧.૯૯થી સમાસ→દ્વિપણ
પણ-પાદ૦૬.૪.૧૪૮થી ય→દ્વિપણ+**ય**
અવર્ણેવર્ણ૦૭.૪.૬૮થી અનો લોપ→દ્વિપણ્ય
આત્ ૨.૪.૧૮થી આપ→દ્વિપણ્ય+**આ**
સમાનાનાં૦૧૨.૧થી દીર્ઘ→દ્વિપણ્**યા**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ તદ્ધિતનો લોપ થયે છતે જ થાય છે. જ્યારે અહીં તદ્ધિત પ્રત્યય યનો લોપ થયો નથી. માટે આ સૂત્રથી ઙી પ્રત્યય લાગ્યો નહીં.

(૩) **बिस्तादिवर्जनं किम् ?**

(a) द्विबिस्ता→બે બિસ્ત વડે ખરીદેલી.
द्वाभ्यां बिस्ताभ्यां क्रीता इति।

(b) द्व्याचिता→બે આચિત વડે ખરીદેલી.
द्वाभ्यामाचिताभ्यां क्रीता इति।

(c) द्विकम्बल्या→બે કંબલ વડે ખરીદેલી.
द्वाभ्यां कम्बलाभ्यां क्रीता इति।

★ આ ઉદા.ની સાધનિકા पञ्चाश्वा પ્રમાણે જાણવી. પરંતુ इकण् નો લોપ द्वि-त्रि०६.४.१४४થી કરવો.

★ આ સૂત્રમાં બિસ્ત વગેરે પરિમાણવાચીનું વર્જન હોવાથી આ સૂત્રથી ङी થયો નથી.

विशेषता :

(૧) **ऊर्ध्वमानं किलोन्मानं परिमाणं तु सर्वतः।**
आयामस्तु प्रमाणं स्यात् संख्या बाह्या तु सर्वतः॥

(a) ઉન્માન - ઊંચાઈનું માપ. **(b)** પરિમાણ - બધી બાજુનું માપ.
(c) પ્રમાણ - પહોળાઈનું માપ. **(d)** સંખ્યા - બાહ્ય ગણતરી.

યદ્યપિ પ્રાચીન સમયમાં બિસ્ત વગેરે ઉન્માનવાચી છે. પણ શબ્દોનાં અનેક અર્થ હોવાથી દેશ-વિદેશમાં પરિમાણવાચી તરીકે પણ વપરાતાં હતાં. માટે આ સૂત્રમાં તેમનું વર્જન કરેલ છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, अजादेः ૨.૪.૧૬ નિર્દિષ્ટ તદન્તવિધિ દ્વારા બિસ્તાન્તનાં પ્રતિષેધથી દ્વિપરમબિસ્ત વગેરે પરમબિસ્ત અન્તવાળાં શબ્દનો પણ પ્રતિષેધ થાય છે.

काण्डात् प्रमाणादक्षेत्रे २/४/२४

अ.अ.सू. : अक्षेत्रे प्रमाणात् काण्डात् द्विगोः समाहारात् तद्धितलुकि स्त्रियां ङीः।

अर्थ : અક્ષેત્ર વિષયમાં વર્ત્તતાં પ્રમાણવાચી કાણ્ડ અન્તવાળાં દ્વિગુસમાસથી તદ્ધિતનો લોપ થયે છતે સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

स. : **अक्षेत्रे**→न क्षेत्रमिति अक्षेत्रम्, तस्मिन्निति।

ઉદા. (૧) **द्विकाण्डी रज्जुः**→બે કાંડ પ્રમાણવાળી દોરી.
द्वे काण्डे प्रमाणमस्या इति।
संख्या समाहारे०૩.૧.૯૯થી સમાસ→द्वि+काण्ड
प्रमाणान्मात्रट् ૭.૧.૧૪૦થી मात्रट्→द्विकाण्ड+**मात्र**
द्विगो०૭.૧.૧૪૪થી मात्रट्નો લોપ→द्विकाण्ड
આ સૂત્રથી ङी→द्विकाण्ड+**ई**
अस्य ड्यां०૨.૪.૮૬ થી अ નો લોપ→द्विकाण्ड्**ी**।
પ્રથમા સિ વગેરે→द्विकाण्डी।

પ્ર.ઉદા. प्रमाणादिति किम् ? द्विकाण्डा शाटी→બે કાંડ પ્રમાણવાળી સાડી. द्वाभ्यां काण्डाभ्यां क्रीता इति।
આ ઉદા.ની સાધનિકા पञ्चाश्वा પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રમાણવાચી દ્વિગુ સમાસથી થાય છે. જ્યારે અહીં પ્રમાણવાચી સમાસ ન હોવાથી આ સૂત્રથી ङी ન થતાં आत्૨.૪.૧૮થી आप् થયેલ છે.

વિશેષતા :

૧૬ હાથ પ્રમાણ ક્ષેત્રને ૧ કાંડ કહેવાય છે.

पुरुषाद् वा २/४/२५

અ.અ.સૂ. : प्रमाणात् पुरुषात् द्विगोः समाहारात् तद्धितलुकि स्त्रियां ङीः वा।

અર્થ : પ્રમાણવાચી પુરુષ અન્તવાળાં દ્વિગુ સમાહાર સમાસથી તદ્ધિતનો લોપ થયે છતે સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. (૧) **द्विपुरुषी/द्विपुरुषा परिखा**→બે પુરુષ પ્રમાણવાળી ખાઈ.
द्वौ पुरुषौ प्रमाणमस्या इति।
संख्या-समाहारे०૩.૧.૯૯થી સમાસ→द्वि+पुरुष
हस्ति-पुरुषाद्०૭.૧.૧૪૧થી अण्→द्विपुरुष+**अ**
द्विगोः०૭.૧.૧૪૪થી अण्નો લોપ→द्विपुरुष
આ સૂત્રથી ङी→द्विपुरुष+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી अनो લોપ→द्विपुरुषी
प्रथमा सि વગેરે→द्विपुरुषी।
વિકલ્પે : ङी ન થાય ત્યારે,
आत् ૨.૪.૧૮થી आप्→द्विपुरुष+**आ**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→द्विपुरुषा
प्रथमा सि વગેરે→द्विपुरुषा।

પ્ર.ઉદા. **तद्धितलुकीत्येव**→पञ्चपुरुषी→પાંચ પુરુષોની ટોળી.
पञ्च पुरुषाः समाहृता इति।
આ ઉદા.ની સાધનિકા ૨.૪.૨૨માં દર્શાવેલ पञ्चपूली પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ તદ્ધિત પ્રત્યયનો લોપ થયે છતે જ થાય છે. જ્યારે અહીં તદ્ધિતનો પ્રત્યય જ નથી માટે આ સૂત્રથી વિકલ્પે ङी થયો નહીં.

વિશેષતા :

જિ. : ૪ હાથ પ્રમાણ ક્ષેત્રને ૧ પુરુષ પ્રમાણક્ષેત્ર કહેવાય છે. આમ, તો **પુરુષ** શબ્દ જાતિવાચક છે તો પણ આ સૂત્રમાં પ્રમાણવાચી તરીકે શી રીતે નિર્દેશ કર્યો ?

સમા. : અન્ય શબ્દની સાથે પ્રયોગ થતાં ઘણીવાર શબ્દની વાચ્યતા બદલાઈ જાય છે. જેમ સિંહ શબ્દ જાતિવાચક છે પણ માણવક વગેરે બાળકવાચી નામની સાથે પ્રયુક્ત થયો હોય તો તે બાળકમાં રહેલાં શૌર્યાદિ ગુણને પણ જણાવે છે, તેમ અહીં પણ પ્રમાણ શબ્દ સાથે પ્રયુક્ત થતાં **પુરુષ** શબ્દ પ્રમાણની વાચ્યતા ધરાવે છે.

रेवत-रोहिणाद् भे २/४/२६

અ.અ.સૂ. : भे रेवत-रोहिणात् (मुख्यात्) स्त्रियां ङीः।

અર્થ : નક્ષત્ર અર્થમાં વર્તતાં રેવત અને રોહિણ નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

સ. : **रेवत-रोहिणात्**→रेवतश्च रोहिणश्च इति रेवत-रोहिणम्, तस्मादिति।

ઉદા. (૧) **रेवती**→રેવતી નક્ષત્ર
આ સૂત્રથી ङी→रेवत+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી अનો લોપ→રેવતી
પ્રથમા સિ વગેરે→રેવતી।

(૨) **रोहिणी**→રોહિણી નક્ષત્ર.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **रेवती**→રેવતી નક્ષત્રમાં જન્મેલી કન્યા. રેવત્યાં જાતેતિ।
ભર્તુસન્ધ્યા૦૬.૩.૮૯થી અણ્→રેવતી+**અ**
ચિત્રા-રેવતી૦૬.૩.૧૦૮થી અણ્નો લોપ→રેવતી
ડ્યાદે-ગૌણસ્યા૦૨.૪.૯૫થી ङીનો લોપ→રેવત
આ સૂત્રથી પુનઃ ङી→રેવત+**ઈ**
અનો લોપ વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. भ इति किम् ? रेवत→ નામ વિશેષ.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નક્ષત્રવાચી રેવતથી જ થાય છે. જ્યારે અહીં નામવિશેષ હોવાથી આ સૂત્રથી ङીન થતાં आत् ૨.૪.૧૮થી आप् થયેલ છે.

વિશેષતા :

જિ. : આ સૂત્રમાં નક્ષત્ર અર્થમાં વર્તતાં રેવત, રોહિણ શબ્દનો નિર્દેશ કર્યો છે. પણ ઉદા.ગત રેવતી અને રોહિણીનો અર્થ તો તે-તે નક્ષત્રમાં જન્મેલી કન્યા જણાવ્યો છે. તેથી, એવું જણાય છે કે, અહીં નક્ષત્રવાચી ગૌણ શબ્દથી સૂત્રકાર્ય થયું છે. પણ **गौरादिभ्यः**૦૨.૪.૧૯ સૂત્રથી 'मुख्यात्'નો અધિકાર પ્રાપ્ત છે તો ગૌણ નામથી આ સૂત્રની પ્રવૃત્તિ કેવી રીતે થઈ ?

સમા. : વસ્તુતઃ મુખ્યતા બે પ્રકારે છે. શબ્દ સંબંધી મુખ્યતા અને અર્થ સંબંધી મુખ્યતા. **गौरादिभ्यः**૦૨.૪.૧૯થી પ્રાપ્ત થયેલી મુખ્યતા કોઈપણ એક મુખ્યતામાં સાર્થક થઈ જાય છે. તેથી અહીં અર્થ સંબંધી મુખ્યતા ગ્રહણ કરવામાં આવી છે. ખરેખર, તો રેવતી નક્ષત્રથી યુક્ત કાળમાં જન્મેલી એવી જ કન્યા ગ્રહણ કરવાની હોવાથી અહીં રેવતી નક્ષત્ર રૂપ અર્થની મુખ્યતા સ્પષ્ટ રીતે જણાય છે.

नीलात् प्राण्यौषध्योः २/४/२७

अ.अ.सू. : प्राण्यौषध्योः नीलात् स्त्रियां ङीः।

अर्थ : प्राणी अने ओषधिनां विषयमां नील शब्दथी स्त्रीलिंगमां ङी प्रत्यय थाय छे.

स. : **प्राण्यौषध्योः**→प्राणी च औषधिश्च इति प्राण्यौषध्यौ, तयोरिति।

उदा. (१) नीली गौः→नील गाय.

(२) **नीली औषधिः**→औषधि विशेष.

आ सूत्रथी ङी→नील+**ई**

अस्य ङ्यां०२.४.८६थी अनो लोप→नील्

प्रथमा सि वगेरे→नीली।

प्र.उदा. नीलाऽन्या→ नील वर्णवाळी स्त्री.

★ आ सूत्रनी प्रवृत्ति प्राणी अने औषधिनां विषयमां ज थाय छे. ज्यारे अहीं ते सिवायनो विषय होवाथी आ सूत्रथी ङीन थतां आत्२.४.१८थी आप् थयेल छे.

विशेषता :

नीला शब्द जातिवाचक छे. पण नित्य स्त्रीलिंग छे. माटे जातेरयान्त०२.४.५४थी ङीनी प्राप्ति न हती. तेनी प्राप्ति माटे आ सूत्रनो निर्देश छे.

क्ताच्च नाम्नि वा २/४/२८

अ.अ.सू. : क्तात् च (नाम्नि) स्त्रियां ङीः वा।

अर्थ : क्त प्रत्ययान्त अने नील नामथी स्त्रीलिंगमां ङी प्रत्यय विकल्पे थाय छे.

ઉદા. (૧) **नीली/नीला**→નામ વિશેષ.
આ ઉદા.ની સાધનિકા ૨.૪.૨૭માં દર્શાવેલી નીલી/નીલા પ્રમાણે જાણવી.

(૨) **प्रबद्धविलूनी/प्रबद्धविलूना**→ઔષધિ વિશેષ.
प्रबद्धा चासौ विलूना च इति।
प्रबध्यते स्मेति (बन्धंश् बन्धने १५५२)
क्त-क्तवतू ५.१.१७४थी क्त લાગીને પ્રબદ્ધ બનેલ છે.
માટે, આ સૂત્રથી ङी→प्रबद्धविलू**नी**
વિકલ્પે : ङीन થાય ત્યારે,
आत् २.४.१८थी आप्→प्रबद्धविलू**ना**।

★ આ પ્રયોગ સંજ્ઞાવાચી હોવાથી ઉપરોક્ત વિગ્રહ માત્ર અર્થકથન માટે જ છે. અને આ સૂત્રની પ્રવૃત્તિ क्त પ્રત્યાયન્ત થી થતી હોવાથી ઉપરોક્ત વ્યુત્પત્તિ દર્શાવેલ છે.

केवल-मामक-भागधेय-पापा-ऽपर-समाना-ऽऽर्यकृत-सुमङ्गल-भेषजात् २/४/२९

અ.અ.સૂ. : केवल-मामक-भागधेय-पापा-ऽपर-समाना-ऽऽर्यकृत-सुमङ्गल-भेषजात् नाम्नि स्त्रियां ङीः।

અર્થ : केवल, मामक, भागधेय, पाप, अपर, समान, आर्यकृत, सुमङ्गल અને भेषज નામથી સંજ્ઞાનાં વિષયમાં સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

સ. : केवलमामकभागधेयपापापरसमानार्यकृतसुमङ्गलभेषजात्→ केवलश्च मामकश्च भागधेयश्च पापश्च अपरश्च समानश्च आर्यकृतश्च सुमङ्गलश्च भेषजश्च इति केवलमामक-भागधेय-पापापर-समानार्यकृत-सुमङ्गलभेषजम्, तस्मादिति।

ઉદા. (૧) **केवली ज्योतिः**→પ્રકાશ.
આ સૂત્રથી ङी→केवल+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી અનો લોપ→केवली
પ્રથમા સિ વગેરે→केवली।

(૨) **मामकी**→મામી. मामक+ई
(૩) **भागधेयी**→સંજ્ઞા વિશેષ. भागधेय+ई
(૪) **पापी**→ઔષધિ વિશેષ. पाप+ई
(૫) **अपरी**→ઔષધિ વિશેષ. अपर+ई
(૬) **समानी**→છંદ વિશેષ. समान+ई
(૭) **आर्यकृती**→વિધિ વિશેષ. आर्यकृत+ई
(૮) **सुमङ्गली**→છંદ/ઔષધિ વિશેષ. सुमङ्गल+ई
(૯) **भेषजी**→ઔષધિ વિશેષ. भेषज+ई
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **नाम्नीत्येव→केवला**→કેવળ(સ્ત્રી).

★ આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર સંજ્ઞાનાં વિષયમાં જ થાય છે. જ્યારે અહીં સંજ્ઞાનો વિષય નથી માટે આ સૂત્રથી ङीन થતાં आत् ૨.૪.૧૮થી आप् થયેલ છે.

વિશેષતા :

જિ. : मामक શબ્દ अञ् અન્તવાળો હોવાથી अणञेये०૨.૪.૨૦ થી ङी સિદ્ધ જ હતો. તો આ સૂત્રમાં પુનઃ નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः** ૧/૨૫ ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, સંજ્ઞાનાં વિષયમાં વર્તતાં જ મામકથી ङी થાય છે. પણ અસંજ્ઞામાં अणञेयेकण्० ૨.૪.૨૦થી પણ ङी થશે નહીં જેમકે, मामिका-બુદ્ધિ.

જિ. : મામક શબ્દથી જ સંજ્ઞામાં ङी થશે તેવો વિપરીત નિયમ થવાની સંભાવના છે. તે સંભાવનાનું નિવારણ શી રીતે કર્યું ?

સમા. : જો તેવો નિયમ કરવામાં આવે તો આ સૂત્રમાં બતાવેલાં केवल વગેરે શબ્દથી પણ ङीનો નિષેધ થાય. પણ સૂત્રવિધાન સામર્થ્યથી જ તેવો નિયમ સંભવતો જ નથી.

જિ. : 'शोभनो मामकोऽस्य इति सुमामकः' એ પ્રમાણે મામક અન્તવાળાં નામથી तदन्त-विधितया ङी પ્રત્યય ઈષ્ટ હોય તેવું જણાય છે. પરંતુ આ સૂત્રગત વિષયથી તેનો બાધ થાય છે. તો નિયમની સંગતિ શી રીતે થશે ?

સમા. : આ પ્રકરણમાં મુખ્ય નામથી જ વિધિ કરવાનો અધિકાર ચાલે છે. सुमामक સ્થાને मामक નામ મુખ્ય ન હોવાથી ङी પ્રત્યયની પ્રાપ્તિ જ નથી. તેથી, तदन्तविधिનો નિર્દેશ હોવા છતાં પણ સૂત્રગત નિયમથી તેનો બાધ થતો નથી.

भाज-गोण-नाग-स्थल-कुण्ड-काल-कुश-कामुक-कट-कबरात् पक्वा-ऽऽवपन-स्थूला-ऽकृत्रिमा-ऽमत्र-कृष्णा-ऽऽयसी-रिरंसु-श्रोणि-केशपाशे २/४/३०

અ.અ.સૂ. : भाज-गोण-नाग-स्थल-कुण्ड-काल-कुश-कामुक-कट-कबरात्पक्वा-ऽऽवपन-स्थूला-ऽकृत्रिमा-ऽमत्र-कृष्णा-ऽऽयसी-रिरंसु-श्रोणि-केशपाशे नाम्नि स्त्रियां ङीः।

અર્થ : भाज, गोण, नाग, स्थूल, कुण्ड, काल, कुश, कामुक, कट અને कबर શબ્દથી અનુક્રમે રાંધેલું, ગુણી, સ્થૂલ,

અકૃત્રિમ, પાત્ર, કાળું, કોશ, કામી, કેડ અને વેણી અર્થમાં સંજ્ઞાનાં વિષયમાં સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

સ. : (૧) **भाज-गोण-नाग-स्थल-कुण्ड-काल-कुश-कामुक-कट-काबरात्**→भाजश्च गोणश्च नागश्च स्थूलश्च कुण्डश्च कालश्च कामुकश्च कटश्च कबरश्च इति भाजगोणनागस्थल-कुण्डकालकुशकामुककटकबरम्, तस्मादिति।

(૨) **पक्वा-ऽऽवपन-स्थूला-ऽकृत्रिमा-ऽमत्र-कृष्णा-ऽऽयसी-रिरंसु-श्रोणि-केशपाशे**→पक्वश्च आवपनं च स्थूलं च अकृत्रिमं च अमत्रं च कृष्णश्च आयसी च रिरंसुश्च श्रोणिश्च केशपाशश्च इति पक्वापनस्थूलाकृत्रिमामत्रकृष्णायसीरिरंसु-श्रोणिकेशपाशम्, तस्मिन्निति।

ઉદા.	પ્ર.ઉદા.
(૧) **भाजीपक्वा**→પાકેલી.	(૧) **भाजा**→નામ વિશેષ.
(૨) **गोणी आवपनम्**→ગુણી.	(૨) **गोणा**→નામ વિશેષ.
(૩) **नागी स्थूला**→જાડી(હાથણી).	(૩) **नागा**→સાપણ.
(૪) **स्थली अकृत्रिमा**→કુંભસ્થળ.	(૪) **स्थला**→સ્થાન.
(૫) **कुण्डी अमत्रम्**→પાત્ર વિશેષ.	(૫) **कुण्डा**→શોક્ય સ્ત્રીને બાળનારી.
(૬) **काली कृष्णा**→કાળી(સ્ત્રી).	(૬) **काला**→નામ વિશેષ.
(૭) **कुशी आयसी**→લોઢાની કોશ.	(૭) **कुशा**→લાકડાનો ખીલો.
(૮) **कामुकी रिरंसुः**→રમવાની ઈચ્છાવાળી સ્ત્રી.	(૮) **कामुका**→ઈચ્છનારી.
(૯) **कटी श्रोणिः**→કમર.	(૯) **कटा**→ઔષધિ વિશેષ.
(૧૦) **कबरी केशपाशः**→વેણી	(૧૦) **काबरा**→કાબરચીતરાં વર્ણવાળી.
	(इति अन्या।)

વિશેષતા :

અહીં કેટલાંક વ્યાકરણકારો વૃત્તિ (આજીવિકા) અર્થમાં જાનપદ શબ્દથી પણ ङी પ્રત્યય ઈચ્છે છે. તેથી તેઓનાં મતે 'जानपदी वृत्तिः' આવો પ્રયોગ સિદ્ધ થાય છે. તે સિવાય जानपदा मदिरा એમ થશે. પરંતુ 'जनपदे भवा इति' એ પ્રમાણે વિગ્રહ દ્વારા જાનપદ શબ્દ अञ् પ્રત્યયાન્ત હોવાથી વૃત્તિ અને વૃત્તિ સિવાયનાં બન્ને અર્થમાં ङी પ્રત્યય લાગે જ છે. તેથી ગ્રંથકારશ્રીનાં મતે जानपदी वृत्तिः અને जानपदी मदिरा એવા જ પ્રયોગો થશે.

જિ. : શ્રોણિવાચક कटि શબ્દ પણ વિદ્યમાન છે. તો इतोऽक्त्य०२.४.३२થી વિકલ્પે તે શબ્દનાં વિષયમાં દીર્ઘ कटी પણ સિદ્ધ થવાનો જ હતો છતાં અહીં कटનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : જો હ્રસ્વ कटિનાં વિષયમાં જ कटि પ્રયોગ કરવામાં આવે તો શ્રોણિવાચી कट શબ્દને આશ્રયીને आत्२.४.१८થી आप् થઈ कटा થવાની આપત્તિ આવે. તેનું નિપાતન કરવા જ અહીં कट શબ્દનું ગ્રહણ છે. તેથી શ્રોણિવાચક कट શબ્દને આશ્રયીને સ્ત્રીલિંગમાં कटी જ પ્રયોગ થશે. અને તદન્ય અર્થમાં कटा પ્રયોગ થશે.

नवा शोणादेः २/४/३१

અ.અ.સૂ. : शोणादेः स्त्रियां ङीः नवा।

અર્થ : શોણ વગેરે શબ્દથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : **शोणादेः**→शोण आदिर्यस्य स इति शोणादिः, तस्मादिति।

ઉદા. (૧) **शोणी/शोणा**→ઉજ્જ્વળ વર્ણ.
આ સૂત્રથી ङी→शोण+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી અનો લોપ→शोणी
(૨) गर्गादे०६.१.४२ સૂત્રથી ગર્ગાદિ ગણ અંતર્ગત તમામ શબ્દોને યઞ્ પ્રત્યય થાય છે. અને સૂત્રગત લોહિત વગેરે શબ્દો પણ ગર્ગાદિ અંતર્ગત હોવાથી યઞ્ પ્રત્યયાન્ત થતાં હતાં. તેથી, પૂર્વસૂત્રથી જ તેઓને ङીની પ્રાપ્તિ થઈને વિકલ્પે ડાયન્ આગમની પ્રાપ્તિ હતી. તે જ કાર્યને નિત્ય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

षाऽवटाद् वा २/४/६९

अ.अ.सू. : यञः षाऽवटात् स्त्रियां ङीः वा, अन्तः च डायन्।

अर्थ : यञ् प्रत्ययान्त ष् अन्तवाळां अने अवट शब्दथी स्त्रीलिंगमां ङी विकल्पे थाय छे. अने अन्ते डायन् आगम थाय छे.

स. : (१) **षाडवटात्**→षश्च अवटश्च इति षाऽवटम्, तस्मादिति।

उदा. (१) **पौतिमाष्यायणी/पौतिमाष्या**→पूतिमाष ऋषिनी पौत्री. पूतिमाषस्याऽपत्यं वृद्धं स्त्रीति।

(२) **आवट्यायनी/आवट्या**→अवट ऋषिनी पौत्री. अवट्स्याऽपत्यं वृद्धं स्त्रीति।
आ बंने उदा.नी साधनिका पूर्व सूत्रमां दर्शावेल लौहित्यायनी प्रमाणे जाणवी. विकल्प पक्षमां ज्यारे आ सूत्रथी ङीन थाय त्यारे आत्२.४.१८थी आप् करवो.

विशेषता :

आ सूत्रमां ङी अने डायन् बंनेनी अनुवृत्ति आवे छे. पण ङीनुं प्राधान्य होवाथी वानो संबंध ङी साथे करवो पण डायन् साथे नहीं.

कौरव्य-माण्डुका-ऽऽसुरेः २/४/७०

अ.अ.सू. : कौरव्य-माण्डुका-ऽऽसुरेः स्त्रियां ङीः, अन्तः च डायन्।

अर्थ : कौरव्य, माण्डुक अने आसुरि शब्दथी स्त्रीलिंगमां ङी थाय छे. अने ङीनां योगमां अन्ते डायन् आगम थाय छे.

स. : **कौरव्य-माण्डुका-ऽऽसुरेः**→कौरव्यश्च माण्डुकश्च आसुरिश्च इति कौरव्य-माण्डुकऽऽसुरि, तस्मादिति।

ઉદા. (૧) **कौरव्यायणी**→કુરુક્ષત્રીયની પૌત્રી.
આ સૂત્રથી ङी અને डायन्→कौरव्य+**आयन्+ई**
ङित्यन्त्य०૨.૧.૧૧૪થી અનો લોપ→कौरव्यायनी
स्यृवर्णान्नो०૨.૩.૬૩થી न्નો ण्→कौरव्याय**णी**
પ્રથમા સિ વગેરે→कौरव्यायणी।

(૨) **माण्डुकायनी**→મંડુક ઋષિની પૌત્રી.

(૩) **आसुरायणी**→અસુરની પૌત્રી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં कौरव्य શબ્દ અકારાન્ત હોવાથી आत्०૨.૪.૧૮ થી आप्ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરી ङी અને डायन् આગમ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) તથા, माण्डुक શબ્દને पीलाद-साल्वा०૬.૧.૬૮ સૂત્રથી अण् લાગતાં अण् પ્રત્યયાન્ત હોવાથી अणञेयेकण्०૨.૪.૨૦થી તેમજ, आसुरि શબ્દ મનુષ્ય જાતિવાચી ઇકારાન્ત હોવાથી नुर्जातेः०૨.૪.૭૨થી નિત્ય ङીની પ્રાપ્તિ હતી તો પણ डायन् આગમ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

इञ इतः ૨/૪/૭૧

અ.અ.સૂ. : इञः इतः स्त्रियां ङीः।

અર્થ : ईञ् અન્તવાળાં ઇકારાન્ત નામથી સ્ત્રીલિંગમાં ङી પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **सौतङ्गमी**→સુતંગમ ઋષિ વડે બનાવાયેલી.
सुतङ्गमेन-निर्वृत्ता इति।
सुतङ्गमा०૬.૨.૮૫થી इञ्→सुतङ्गम+**इ**

वृद्धिः स्वरेष्वादे०७.४.१थी वृद्धि→**सौ**तङ्गम+इ
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→सौतङ्गम
आ सूत्रथी ङी→सौतङ्गम+**ई**
समानानां०१.२.१थी दीर्घ→सौतङ्ग**मी**।

प्र.उदा. इत इति किम् ? कारीषगन्ध्या→કરિષગંધિ ઋષિની પૌત્રી.
करीषगन्धेः अपत्यं वृद्धं स्त्रीति
डसोऽपत्ये६.१.२८थी अण्→करीषगन्धि+**अ**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**का**रीषगन्धि+अ
अनार्षेवृद्धे०२.४.७८थी ष्य् आदेश→कारीषगन्**ध्य**
आत्०२.४.१८थी आप्→कारीषगन्ध्य+**आ**
समानानां०१.२.१थी दीर्घ→कारीषगन्**ध्या**
प्रथमा सि वगेरे→कारीषगन्ध्या।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઇકારાન્ત इञ् પ્રત્યયાન્ત નામથી થયેલ છે. જ્યારે અહીં अण्નો ष्य् આદેશ થયેલ છે. માટે આ સૂત્રથી ङी થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે પૂર્વસૂત્ર તદ્ધિત પ્રત્યયાન્ત શબ્દોનો વિષય હોવાથી **प्राकरणिकाऽप्राकरणिकयोः प्राकरणि-कस्यैव** ૨/૪ ન્યાયાનુસારે અહીં પણ તદ્ધિતનો જ इञ् ગ્રહણ કરવો. પણ प्रश्नाऽख्याने०५.૩.११९ થી થનારાં कृत् इञ्નું ગ્રહણ ન કરવું.

(૨) પૂર્વસૂત્રમાં 'आसुरि' પદનું ગ્રહણ કર્યું હોવાથી અહીં डायन् આગમની અનુવૃત્તિ અટકી જાય છે. કારણકે જો અહીં પણ ङीની સાથે डायन् આગમ અભિપ્રેત હોત તો आसुरि શબ્દનું પૂર્વસૂત્રમાં ગ્રહણ ન કરતાં इञ् અન્ત તરીકે આ સૂત્રનો જ વિષય બનાવત.

(૩) इञ् પ્રત્યય સ્વયં હ્રસ્વ इ સ્વરૂપે હોવા છતાં પણ 'इत' નો નિર્દેશ આગામી અનાર્ષે વૃદ્ધે૦૨.૪.૭૮ સૂત્ર દ્વારા इञ्નાં સ્થાને થતાં નુર્જાતેઃ૦૨.૪.૭૨ ष्य् આદેશવાળાં પ્રયોગનો નિષેધ કરવા માટે છે.

नुर्जातेः ૧૩/૪/૭૨

અ.અ.સૂ. : नुः जातेः इतः स्त्रियां ङीः।

અર્થ : મનુષ્યજાતિવાચી ઇકારાન્ત નામથી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **कुन्ती**→કુન્તી રાજાની પુત્રી. कुन्तेरपत्यं स्त्रीति।
दुर्नादि०६.૧.૧૧૮થી ञ्य→कुन्ति+**य**
कुन्त्यवन्तेः०६.૧.૧૨૧થી यનો લોપ→कुन्ति
હવે, આ જાતિવાચક બનતાં,
આ સૂત્રથી ङी→कुन्ति+**ई**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→**कुन्ती**
પ્રથમા સિ વગેરે→कुन्ती।

(૨) **दाक्षी**→દક્ષ ઋષિની પુત્રી. दक्षस्याऽपत्यं स्त्रीति।
अत इञ् ६.૧.૩૧થી इञ→दक्ष+**इ**
वृद्धिःस्वरेष्वा०૭.૪.૧થી વૃદ્ધિ→**दाक्ष**+इ
अवर्णेवर्ण०૭.૪.६૮થી અનો લોપ→दाक्षि
આ સૂત્રથી ङी→दाक्षि+**ई**
समानानां०૧.૨.૧થી દીર્ઘ દીર્ઘ→**दाक्षी**
પ્રથમા સિ વગેરે→दाक्षी।

પ્ર.ઉદા. (૧) **इत इत्येव→दरत्**→હરત ઋષિની પુત્રી.
दरदोऽपत्यं स्त्रीति।

पुरु-मगध०६.१.११६थी अण्→दरद+**अ**
द्रेरञणो०६.१.१२३थी अण्नो लोप→दरत्

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઇકારાન્ત નામથી જ થાય છે. જ્યારે અહીં વ્યંજનાન્ત નામ છે માટે આ સૂત્રથી ङी થયો નહીં.

(૨) **नुरिति किम् ? तित्तिरिः**→તેતર પંખી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ મનુષ્યનાં જ જાતિવાચી નામથી થાય છે. જ્યારે અહીં પક્ષીનું જાતિવાચી નામ હોવાથી આ સૂત્રથી ङी થયો નહીં.

(૩) **जातेरिति किम् ? निष्कौशाम्बिः**→કૌશાંબીથી નીકળેલી સ્ત્રી. निर्गता कौशम्ब्याः इति।
प्रात्यवपरि०३.१.४७थी સમાસ→निर्+कौशाम्बि
निर्दुर्बर्हि०२.४.७४थी र्नो ष्→**निष्कौ**शाम्बि
प्रथमा सि વગેરે→निष्कौशाम्बिः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ માત્ર જાતિવાચી નામથી થાય છે. જ્યારે અહીં મનુષ્યવાચી નામ છે માટે આ સૂત્રથી ङी થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રમાં મનુષ્યની જાતિવાચકનો નિર્દેશ હોવાથી પૂર્વ સૂત્રનો નિર્દેશ અજાતિવાચી નામ માટે જાણવો.

उतोऽप्राणिनश्चायुरज्वादिभ्यः ऊङ् २/४/७३

અ.અ.સૂ. : अप्राणिनः च(नुर्जातेः) उतः स्त्रियां ऊङ्, अयुरज्वादिभ्यः।

અર્થ : અપ્રાણીવાચક અને મનુષ્યની જાતિવાચક ઉકારાન્ત નામથી સ્ત્રીલિંગમાં ऊङ् થાય છે. જો તે નામ યુ અન્તવાળા અને रज्जु વગેરે ન હોય તો.

સ. : (૧) **अप्राणिनः**→न प्राणीति अप्राणी, तस्मादिति।

(૨) **अयुरज्ज्वादिभ्यः**→रज्जुः आदिर्येषां ते इति रज्ज्वादयः, युश्च रज्ज्वादयश्च इति युरज्ज्वादयः, न युरज्ज्वादय इति अयुरज्ज्वादयः, तेभ्य इति।

ઉદા. (૧) **कुरूः**→કુરુ જાતિની સ્ત્રી.
આ સૂત્રથી ઊङ्→कुरु+**ऊ**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→कुरू
પ્રથમા સિ વગેરે→कुरूः।

(૨) **ब्रह्मबन्धूः**→બ્રહ્મબન્ધુ જાતિની સ્ત્રી.
ब्रह्मा बन्धुः यस्याः सा इति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→ब्रह्मबन्धु

(૩) **अलाबूः**→તૂંબી. अलाबु+**ऊ**

(૪) **कर्कन्धूः**→બોરડી. कर्कन्धु+**ऊ**
આ ઉદા.ત્રણમાં ऊङ् વગેરે કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

પ્ર.ઉદા. ★ **उत इति किम् ? वधूः**→વહુ. वधू+सि

★ આ સૂત્રની પ્રવૃત્તિ હ્રસ્વ ઉકારાન્ત નામથી થાય છે. જ્યારે અહીં દીર્ઘ ઊકારાન્ત નામ છે માટે આ સૂત્રથી ऊङ् થયો નહીં.

★ **अप्राणिनश्चेति किम् ? आखुः**→ઊંદરડી.

★ આ સૂત્રમાં પ્રાણીની જાતિવાચીનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ऊङ् થયો નહીં.

★ **जातेरित्येव→पटुः स्त्री**→હોંશિયાર સ્ત્રી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ જાતિવાચી નામથી થાય છે. જ્યારે અહીં ગુણવાચી નામ છે માટે આ સૂત્રથી ऊङ् થયો નહીં.

★ **युरज्ज्वादिवर्जनं किम् ?→**

(૧) **अध्वर्युः स्त्री**→યાજ્ઞિકની સ્ત્રી.

(૨) **रज्जुः**→દોરડી.

(૩) **हनुः**→હુડપચી.

★ આ સૂત્રમાં યુઅંતવાળા તેમજ રજ્જુ વગેરે નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ઊઙ્ થયો નહીં.

વિશેષતા :

(૧) **रज्ज्वादि ગણ :** રજ્જુ, હનુ વગેરે.

આ સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી આનાં સિવાયનાં તત્સદૃશ બીજા પ્રયોગોમાં પણ આ સૂત્રથી નિષેધ જાણવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, **ब्रह्मा बन्धुः यस्याः सा इति ब्रह्मबन्धूः** એ પ્રમાણે બહુવ્રીહિ સમાસમાં બહુલતાનો અધિકાર હોવાથી આ સૂત્રથી થતાં ઊઙ્ પ્રત્યયની પૂર્વે शेषाद्०७.૩.૧૭૫થી સમાસાન્ત એવો પણ कच् પ્રત્યય થતો નથી.

(૩) 'भीरु શબ્દ रज्ज्वादि ગણ અંતર્ગત ન હોવા છતાં પણ ક્રિયાવાચી હોવાથી આ સૂત્રથી જાતિવાચકને થતો ઊઙ્ પ્રત્યય નહીં થાય' તેવું માનવું નહીં. કારણકે સ્વભાવાર્થક શબ્દો સંજ્ઞાવાચી હોવાથી તેઓમાં પણ જાતિવાચીપણું રહેલું જ છે તેથી તેઓને આ સૂત્રથી પ્રત્યય થાય છે. જેમકે, હે ભીરુ !

તથાપિ અહીં કેટલાંક વ્યાકરણકારો 'असूर्यंपश्यरुपा एवं किमभीतुरार्यसे' પ્રયોગાનુસારે જાતિવાચકપણું ન ઈચ્છતાં ઊઙ્ પ્રત્યય માનતાં નથી.

(૪) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્ર નિર્દિષ્ટ અને અન્ય સૂત્રગત હ્રસ્વ ઉકારાન્ત નામોથી હ્રસ્વ ઊઙ્ કર્યો હોત તો પણ

સમાનતયા દીર્ઘ થવાનો જ હતો. પરંતુ નારી-સખી૦૨.૪.૭૬ સૂત્રગત શ્વશુર શબ્દનો ઊકારાન્ત શ્વશ્રૂ નિપાતન માટે જ અહીં દીર્ઘ ઊડ્નો નિર્દેશ છે.

(૫) અલાબૂ વગેરે અપ્રાણીવાચી શબ્દોનાં વિષયમાં સમાસગત બહુલમ્નાં અધિકારથી શેષાદ્ વા૦૭.૩.૧૭૫થી કચ્ પ્રત્યય થતો નથી.

જિ. : અહીં ઉકારાન્ત નામોથી ઊડ્ પ્રત્યયનું વિધાન છે. જો દીર્ઘ ઊકારાન્ત નામોથી પણ ઊડ્ પ્રત્યય કરવામાં આવે તો સમાનતયા પુનઃ દીર્ઘ જ થવાથી શું આપત્તિ આવે ?

સમા. : જો દીર્ઘ ઊકારાન્તથી પણ જો ઊડ્ કરવામાં આવે તો અતિવધૂઃ વગેરે અન્યસંબંધી પ્રયોગમાં ગોશ્વાન્તે૦૨.૪.૯૬ થી હ્રસ્વ થવાની આપત્તિ આવે. જેમકે, અતિબ્રહ્મબન્ધુ ।

बाह्वन्त-कद्रु-कमण्डलोर्नाम्नि २/४/७४

અ.અ.સૂ. : बाह्वन्त-कद्रु-कमण्डलोः नाम्नि स्त्रियां ऊङ्।

અર્થ : બાહુ અંતવાળા, કદ્રુ અને કમણ્ડલુ નામથી સંજ્ઞાનાં વિષયમાં સ્ત્રીલિંગમાં ઊડ્ થાય છે.

સ. : **बाह्वन्त-कद्रु-कमण्डलोः**→बाहुरन्ते यस्याऽसौ इति बाहवन्तः, बाह्वन्तश्च कद्रुश्च कमण्डलुश्च इति बाह्वन्तकद्रु कमण्डलु, तस्मादिति।

ઉદા. (૧) भद्रबाहूः→નામ વિશેષ.
भद्रौ बाहू यस्याः सा इति।

एकार्थं०उ.१.२२थी समास→भद्र+बाहु
आ सूत्रथी ऊङ्→भद्रबाहु+**ऊ**
समानानां०१.२.१थी दीर्घ→भद्रबाहू
प्रथमा सि वगेरे→भद्रबाहूः।

(२) **कद्रूः**→विशेष नाम. कद्रु+**ऊ** ।

(उ) **कमण्डलूः**→पात्र विशेष (स्त्री विशेष). कमण्डलु+ऊ ।
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

प्र.उदा. नाम्नीति किम् ? वृत्तबाहुः→गोळ भूजावाळी.
वृत्तौ बाहुः यस्याः सा इति।
आ उदा.नी साधनिका भद्रबाहूः प्रमाणे जाणवी. परंतु ऊङ् न करवो.

विशेषता :

(१) पूर्वसूत्रगत 'अप्राणिनः' पद वडे भूजा अर्थवाळां बाहु शब्दथी ऊङ् प्रत्यय सिद्ध ज हतो. परंतु संज्ञानां विषयमां ऊङ् करवा माटे ज अहीं 'बाह्वन्त' पदनो निर्देश छे. जो के अहीं तदन्तविधि होवा छतां पण अन्तनां ग्रहण द्वारा केवल बाहु शब्दथी आ सूत्रनी प्रवृत्तिनो निषेध जाणवो.

(२) कमण्डलु शब्द प्राणी जातिवाची नहीं होवाथी पूर्वसूत्रथी ऊङ् नी प्राप्ति हती परंतु आ सूत्र द्वारा नियम करवामां आवे छे के, ते शब्दथी मात्र संज्ञानां विषयमां ऊङ् प्रत्यय थशे. पण असंज्ञानां विषयमां नहीं. यद्यपि आकृतिगणतया रज्ज्वादि गण पाठ अंतर्गत कमण्डलु शब्दनो समावेश करतां पूर्वसूत्रथी निषेध पण थई शके छे. त्यारे प्राप्ति माटे आ सूत्रनो निर्देश जाणवो.

(૩) અહીં ગુણ-વિશેષવાચી હોવા છતાં પણ कद्रु શબ્દમાં પણ સ્વર પછી उ નહિ આવતો હોવાથી स्वरादुतो०२.४.७५ સૂત્રથી ङी પ્રત્યય અને જાતિવાચી નહિ હોવાથી ऊङ् પ્રત્યયની પ્રાપ્તિના અભાવમાં આ સૂત્ર દ્વારા સંજ્ઞાના વિષયમાં ऊङ् પ્રત્યય કરાય છે.

उपमान-सहित-संहित-सह-शफ-वाम-लक्ष्मणाद्यूरोः २/४/७५

અ.અ.સૂ. : उपमान-सहित-संहित-सह-शफ-वाम-लक्ष्मणाद्यूरोः स्त्रियां ऊङः।

અર્થ : ઉપમાનવાચી તથા, सहित, संहित, सह, शफ, वाम અને लक्ष्मण પૂર્વપદથી પર ऊरु શબ્દથી સ્ત્રીલિંગમાં ऊङ् થાય છે.

સ. : **उपमान-सहित-संहित-सह-शफ-वाम-लक्ष्मणात्→** उपमानं च सहितश्च संहितश्च सहश्च शफश्च वामश्च लक्ष्मणश्च इति उपमानसहितसंहितसहशफवामलक्ष्मणाः, ते आदयो यस्याऽसौ इति उपमानसहितसंहितसहशफवाम-लक्ष्मणादिः, तस्मादिति।

ઉદા. (૧) **करभोरुः**→ઊંટના સાંથળ જેવી સાંથળવાળી.
करभवत् ऊरू यस्याः सा इति।
उष्ट्रमुखा०३.१.२उथी સમાસ→करभ+ऊरु
આ સૂત્રથી ऊङ्→करभोरु+ऊ
समानानां०१.२.१थी દીર્ઘ→करभोरू
प्रथमा सि વગેરે→**करभोरुः**।

(૨) **सहितोरूः**→પ્રશસ્ત સાંથળવાળુ.
सहितौ ऊरू यस्याः सा इति।

(૩) **संहितोरूः**→સુશ્લિષ્ટ સાંથળવાળી.
संहितौ ऊरू यस्या सा इति।

(૪) **सहोरूः**→એક સરખા સાંથળવાળી.
सहौ(विद्यमानौ) ऊरू यस्याः सा इति।

(૫) **शफोरूः**→શોભાયુક્ત સાંથળવાળુ.
शफवत् ऊरू यस्याः सा इति।

(૬) **वामोरूः**→અનિંદ્ય સાંથળવાળી.
वामौ ऊरू यस्याः सा इति।

(૭) **लक्ष्मणोरूः**→સુઘટિત સાંથળવાળી.
लक्ष्मणौ ऊरू यस्याः सा इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ ઉદા. ૧,૫માં उष्ट्रमुखा०૩.૧.૨૩થી અને શેષમાં एकार्थं० ૩.૧.૨૨થી સમાસ કરવો.

પ્ર.ઉદા. **उपमानाद्यादेरिति किम् ? पीनोरूः**→પુષ્ટ સાંથળવાળી.
पीनौ ऊरू यस्याः सा इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપમાનવાચી વગેરે નામથી થાય છે. જ્યારે અહીં પીન નામ હોવાથી આ સૂત્રથી ઊઙ્ થયો નહીં.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, ઉપમાનાદિ પૂર્વક જ ઊરૂ શબ્દ જ ઉત્તરપદમાં અભિપ્રેત છે. પણ ઊરૂ અન્તવાળાં અન્ય નામો નહીં તેથી हस्तिन इव स्वाम्यूरू यस्यां सा इति हस्तिस्वाम्यूरुः વડવા એ પ્રમાણે ઉપમાનવાચી પદ પૂર્વપદમાં હોવા છતાં પણ પ્રવૃત્તિ થશે નહીં.

नारी-सखी-पङ्गू-श्वश्रू २/४/७६

अ.अ.सू. : नारी-सखी-पङ्गू-श्वश्रू स्त्रियाम्।

अर्थ : नारी अने सखी એ પ્રમાણે ડી અન્તવાળાં તથા પङ્गू અને श्वश्रू એ પ્રમાણે ऊङ् અન્તવાળા પ્રયોગો સ્ત્રીલિંગમાં નિપાતન કરાય છે.

स. : **नारी-सखी-पङ्गू-श्वश्रू**→नारी च सखी च पङ्गुश्च श्वश्रूश्च इति नारीसखीपङ्गूश्रश्रू (प्रथमा जस, सूत्रत्वात् लोपः)

ઉદા. (१) **नारी**→નારી. नृ/नर+ડી।
આ સૂત્રથી नृ અને नर શબ્દને ડી થતાં તેનો नार આદેશ નિપાતન થાય છે.

(२) **सखी**→સખી. सख/सखि+ડી।
આ સૂત્રથી सखि અને सख શબ્દને ધવનાં યોગમાં પણ ડી પ્રત્યય નિપાતન થાય છે.

(૩) **पङ्गूः**→પાગંળી સ્ત્રી.
આ સૂત્રથી ગુણવાચી पङ्गु શબ્દને ऊङ् પ્રત્યય નિપાતન થાય છે.

(४) **श्वश्रूः**→સાસુ.
આ સૂત્રથી ધવનાં યોગમાં પણ श्वशुर શબ્દથી ऊङ् થઈ श्वश्रूः નિપાતન થાય છે.

વિશેષતા :

(a) અહીં नृ શબ્દને स्त्रियां नृतो०२.४.१थी અને नर શબ્દને જાતિવચનતયા અને ધવનાં યોગથી અનુક્રમે जातेरयान्त०२.४.५४ અને ધવાદ્०२.४.५९ સૂત્ર દ્વારા ડી સિદ્ધ જ હતો.

(b) सखि શબ્દને અધવવાચીનાં યોગમાં इतोऽक्त्य०२.४.३२ થી વિકલ્પે ङीની પ્રાપ્તિ હતી જ્યારે ધવનાં યોગમાં धवाद योगाद्० २.४.५९થી અપ્રાપ્તિ હતી. તથા, सख શબ્દ અકારાન્ત હોવાથી आत्२.४.१८થી आप्ની પ્રાપ્તિ હતી.

(c) તેમજ, पङ्गूः શબ્દને स्वरादुतो०२.४.३५થી અને उतोऽप्राणिन० २.४.७३થી અનુક્રમે ङी અને ऊङ् પ્રત્યયની અપ્રાપ્તિ હતી.

(d) તથા, श्वशूर શબ્દને સંજ્ઞાનાં વિષયમાં आत्२.४.१८થી आप्ની તથા અસંજ્ઞાનાં વિષયમાં જાતિવચનતયા અને ધવનાં યોગમાં ङीની પ્રાપ્તિ હતી.

ઉપરોક્ત તમામમાં વિધિ કાર્યનો નિષેધ કરીને આ સૂત્રથી નારી વગેરે શબ્દો સંજ્ઞા અને અસંજ્ઞામાં નિપાતન કરવામાં આવે છે.

यूनिस्तः २/४/७७

અ.અ.સૂ. : यूनः स्त्रियां तिः।

અર્થ : યુવન્ શબ્દથી સ્ત્રીલિંગમાં તિ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **युवतिः**→યુવાન સ્ત્રી.
આ સૂત્રથી તિ→યુવન્+**તિ**
નામ સિદય્૦૧.૧.૨૧થી યુવન્ ને **પદસંજ્ઞા.**
નામ્નો નો૦૨.૧.૯૧થી ન્નો લોપ→યુવતિ
પ્રથમા સિ વગેરે→યુવતિઃ।

પ્ર.ઉદા. **मुख्यादित्येव→निर्यूनी**→જેમાંથી યુવાનો નીકળી ગયા છે તેવી (નગરી). निर्गता यून यस्मा।
एकार्थं०३.१.२२થી સમાસ→निर्युवन्
स्त्रियां नृतो०२.४.१થી ङी→निर्युवन्+**ई**

श्वन-युवन्०२.१.१०६थी व्नो उ→निर्युउन्+ई
समानानां०१.२.१थी दीर्घ→**निर्यूनी**
प्रथमा सि वगेरे→निर्यूनी।

★ આ સૂત્રની પ્રવૃત્તિ મુખ્ય નામથી થાય છે. જ્યારે અહીં બહુવ્રીહિ સમાસ થયેલ હોવાથી યુવન્ની મુખ્યતા રહેતી નથી. માટે આ સૂત્રથી તિ થયો નહીં.

વિશેષતા :

(૧) યુવન્ શબ્દ ન્કારાન્ત હોવાથી સ્ત્રિયાં નૃતો૦૨.૪.૧ થી ડીની પ્રાપ્તિ હતી. તેનાં અપવાદરૂપે આ સૂત્રથી તિપ્રત્યય કર્યો છે.

(૨) અહીં કેટલાંક વ્યાકરણકારો યૂની પ્રયોગ પણ માને છે. પણ તે શિષ્ટ પુરુષો દ્વારા સમ્મત જણાતો નથી.

(૩) અહીં કેટલાંક વ્યાકરણકારો વયોવાચી એવા યુવતિ શબ્દને મનુષ્યજાતિવાચી પણ હોવાથી નુર્જાતેઃ૦૨.૪.૭૨ સૂત્રથી ડી પ્રત્યય પણ લાગે છે. અને પોટા-યુવતિ૦૩.૧.૧૧૧ સૂત્રમાં નિર્દિષ્ટ હોવાનાં કારણે નિત્ય ડીનું નિવારણ થાય છે. તેથી તેઓનાં મતે યુવતિઃ/યુવતી એમ બે પ્રયોગ સિદ્ધ થાય છે.

જિ. : અહીં સ્ત્રિયાં નૃતો૦૨.૪.૧થી થતાં ડીનો બાધ કરીને આ સૂત્રથી તિ કર્યો છે. પણ હવે તિનાં કારણે ઇકારાન્ત થતાં ઇતોઽક્ત્ય૦૨.૪.૩૨થી વિકલ્પે ડીની પ્રાપ્તિ છે. તો પણ હ્રસ્વ યુવતિનો જ નિર્દેશ શા માટે કર્યો ?

સભા. : આ સૂત્રથી ડીનો બાધ કરી તિ કર્યો છે તેથી **सकृद्गते स्पर्धे यद् बाधितं तद् बाधितमेव** ૨/૨૩ ન્યાયાનુસારે ડી પ્રત્યય બાધિત જ રહે છે. માટે ઇતોઽક્ત્ય૦૨.૪.૩૨થી પણ વિકલ્પે ડી થતો નથી.

જિ. : વ્યવહારમાં તરુણસ્ત્રીનાં વિષયમાં યુવતી શબ્દ વપરાય છે. તે શી રીતે સિદ્ધ થાય ?

સમા. : તે યુવતિ ઉણાદિથી સિદ્ધ છે. તે આ રીતે,
ઉણાદિ (૬૫૮)થી યુ+અતિ (કિત્)
धातोरिवर्णो०૨.૧.૫૦થી उव्→**युव**ति
इतोऽक्त्य०૨.૪.૩૨થી ङी→युवति+**ई**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→युव**ती**
પ્રથમા સિ વગેરે→યુવતી।

अनार्षे वृद्धेऽणिञो बहुस्वर-गुरूपान्त्यस्याऽन्तस्य ष्यः ૨/૪/૭૮

અ.અ.સૂ. : **अनार्षे वृद्धे अणिञः बहुस्वरगुरूपान्त्यस्य अन्तस्य स्त्रियां ष्यः।**

અર્થ : ઋષિ અર્થવાળાં સિવાયનાં વૃદ્ધાપત્યમાં વિધાન કરાયેલાં अण् અને इञ् પ્રત્યય અંતે હોતે છતે બહુસ્વરવાળાં અને ઉપાન્ત્યમાં ગુરુવર્ણવાળાં નામનાં અન્ત્યનો સ્ત્રીલિંગમાં ष्य् આદેશ થાય છે.

સ. : (૧) **अनार्षे**→न आर्ष इति अनार्षः, तस्मिन्निति।
(૨) **अणिञः**→अण् च इञ् च इति अणिञ्, तस्येति।
(૩) **बहुस्वरगुरूपान्त्यस्य**→बहवः स्वरा यत्र तद् बहुस्वरम्, गुरुरुपान्त्ये यत्र तद् गुरूपान्त्यम्, बहुस्वरं च तद् गुरूपान्त्यं च इति बहुस्वरगुरूपान्त्यम्, तस्येति।

ઉદા. (૧) **कारीषगन्ध्या**→કરીષગન્ધિ ઋષિની પુત્રી.
આ ઉદા.ની સાધનિકા ૨.૪.૭૧માં દર્શાવેલ પ્ર.ઉદા. પ્રમાણે જાણવી.

(२) **बालाक्या**→બલાકઋષિની પુત્રી. बलाकाया अपत्यमिति ।
बाहवादि०६.१.३२थी इञ्→बलाका+**इ**
वृद्धिः, स्वरेष्वादे०७.४.१थी वृद्धि→**बा**लाका+इ
अवर्णेवर्ण०७.४.६८थी आनो लोप→बालाकि
आ सूत्रथी इनो ष्य→बाला**क्य**
आत्२.४.१८थी आप्→बाला**क्या**
समानानां०१.२.१थी दीर्घ→बाला**क्या**
प्रथमा सि वगेरे→बालाक्या।

प्र.उदा. (१) **अनार्ष इति किम् ? वासिष्ठी**→વસિષ્ઠ ઋષિની પૌત્રી.
वसिष्ठस्याऽपत्यं वृद्धं स्त्रीति।
ऋषि-वृष्ण्य०६.१.६१थी अण्→वसिष्ठ+**अ**
वृद्धिः स्वरेष्वादे०७.४.१थी वृद्धि→**वा**सिष्ठ+अ
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→वासिष्ठ
अणजेयेकण्०२.४.२०थी ङी→वासिष्ठ+**ई**
अस्य ड्यां०२.४.८६थी अनो लोप→वासि**ष्ठी**
प्रथमा सि वगेरे→वासिष्ठी।

આ સૂત્રની પ્રવૃત્તિ ઋષિ સિવાયનાં શબ્દથી વિધાન્ કરાએલ પ્રત્યય પર છતાં થાય છે જ્યારે અહીં વસિષ્ઠ ઋષિનું નામ છે માટે આ સૂત્રથી ષ્ય આદેશ ન થયો.

(२) **वृद्ध इति किम् ? आहिच्छत्री**→અહિછત્રા નગરીમાં થયેલી સ્ત્રી. अहिच्छत्रे जातेति।
जाते ६.३.९८थी अण्→अहिच्छत्र+**अ**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**आ**हिच्छत्र+अ
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→आहिच्छत्र

अणञेये०२.४.२०थी ङी→आहिच्छत्र+**ई**
अस्य ङ्यां०२.४.८६थी अनो लोप→आहिच्छत्री
प्रथमा सि वगेरे→आहिच्छत्री

★ આ સૂત્રની પ્રવૃત્તિ વૃદ્ધાપત્ય અર્થમાં રહેલ અણ્ વગેરે પ્રત્યયાન્ત નામથી થાય છે. જ્યારે અહીં જાત અર્થમાં રહેલ અણ્ છે. માટે આ સૂત્રથી ષ્ય થયો નથી.

(૩) **अणिञ इति किम् ? आर्त्तभागी**→ऋतभाग ऋषिની પૌત્રી. ऋतभागस्याऽपत्यं वृद्धं स्त्री।
बिदादेर्वृद्धे०६.१.४१थी अञ्→ऋतभाग्+**अ**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**आर्त्त**भाग+अ
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→आर्त्तभाग+**ई**
अणञेयेकण्०२.४.२०थी ङी→आर्त्तभाग+**ई**
अस्य ङ्यां०२.४.८६थी अनो लोप→आर्त्तभागी
प्रथमा सि वगेरे→आर्त्तभागी।

(૪) **बहुस्वेरेति किम् ? दाक्षी**→દક્ષ ऋषिની પૌત્રી.
આ ઉદા.ની સાધનિકા २.४.७२માં બતાવેલ दाक्षी પ્રમાણે જ જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ બહુસ્વરવાળાં નામનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં दाक्षीમાં બે જ સ્વર છે. ઘણાં નહીં માટે આ સૂત્રથી ષ્ય થયો નહીં.

(૫) **गुरुपान्त्यस्येति किम् ? औपगवी**→ગોવાળની પુત્રી. उपगोरपत्यम् स्त्री चेत्।
આ ઉદા.ની સાધનિકા अणञेये०२.४.२०માં દર્શાવેલ છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગુરુ સ્વર ઉપાન્ત્યમાં હોય તો જ થાય છે. જ્યારે અહીં ગુરુ સ્વર ઉપાન્ત્યમાં નથી માટે આ સૂત્રથી ष्य આદેશ થયો નહીં.

★ **अणिञन्तस्य सतो बहुस्वरादिविशेषणं किम् ?→**

(૧) **दौवार्या**→દ્વારનામના મનુષ્યની પુત્રી.
द्वारस्याऽपत्यं स्त्री चेत्।
बाह्वादिभ्यो०६.१.३२थी इञ्→द्वार+**इ**
द्वारादेः०७.४.६थी औ आगम→**दौ**+वार+इ
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→दौवर्+इ
આ સૂત્રથી અન્ત્યનો ष्य्→दौ**वार्या**
प्रथमा सि वगेरे→दौवार्या।

(૨) **औडुलोम्या**→ઉડુબોમન ઋષિની પુત્રી.
उडुलोम्नोऽपत्यं स्त्रीति।
बाह्वादिभ्यो०६.१.३२थी इञ्→उडुलोमन्+**इ**
वृद्धिःस्वरेष्वा०७.४.१थी वृद्धि→**औ**डुलोमन्+इ
नोऽपदस्य०७.४.६१थी अन्नो लोप→औडुलोमि
આ સૂત્રથી અન્ત્યનો ष्य→औडुलो**म्य**
आत्०२.४.१८थी आप्→औडुलो**म्य**+आ
समानानां०१.२.१थी दीर्घ→औडुलोम्या
प्रथमा सि वगेरे→औडुलोम्या।

★ સૂત્રમાં अण् અને इञ् પ્રત્યયની બહુસ્વરવાળા અને ગુરુપાન્ત્યવાળાં નામનું ગ્રહણ કર્યું છે. તેથી ઉપરોક્ત ઉદા.માં પ્રત્યય લાગ્યા પૂર્વે બહુસ્વરપણું અને ગુરુપાન્ત્યપણાંનો અભાવ હોવા છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ષ્ઈત્ કરવા દ્વારા ષ્ય ને તદ્ધિતનાં ય પ્રત્યયથી પૃથક્ જણાવાય છે. તેથી, **ષ્યાપુત્ર-પત્યોઃ**૦૨.૪.૮૩માં નિર્દિષ્ટ કાર્યમાં આ સૂત્રથી વિહિત ષ્યઅન્તવાળાં શબ્દો જ વિષયભૂત થશે. પણ તદ્ધિતમાં નિર્દિષ્ટ ય પ્રત્યયાન્ત નહીં.

(૨) સૂત્રમાં ગુરુનાં ગ્રહણથી અનેક વ્યંજનનું વ્યવધાન હોતે છતે પણ કાર્ય થાય છે. તથા, દીર્ઘસ્વર તેમજ સંયુક્ત વ્યંજનનાં પૂર્વનાં સ્વરનાં ગ્રહણ માટે ગુરુનું ગ્રહણ છે. અન્યથા દીર્ઘનું ગ્રહણ કરે.

(૩) સૌધર્મી વગેરે કેટલાંક શબ્દો અણ્ અને ઇઞ્ અન્તવાળાં હોવા છતાં પણ ગૌરાદિ પાઠમાં નિર્દેશ હોવાથી આ સૂત્રથી ષ્ય આદેશ ન થતાં **ગૌરાદિભ્યો**૦૨.૪.૧૯થી માત્ર ङी થાય છે.

(૪) અહીં અણ્ અન્તવાળાં નામને **અણઞેયેકેણ્**૦૨.૪.૨૦ સૂત્રથી અને ઇઞ્ અન્તવાળાં નામને **નુર્જાતેઃ**૦૨.૪.૭૨ સૂત્રથી ङીની પ્રાપ્તિ હતી. તેનાં અપવાદ સ્વરૂપે ષ્ય આદેશનો આરંભ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૫) દેવદત્યા, કારીષગન્ધ્યા વગેરે પ્રયોગોમાં આબન્ત સહિતનો ષ્ય આદેશ હોવાનાં કારણે સ્ત્રીલિંગપણું પણ તેનાથી જ અભિવ્યક્ત જાણવું.

જિ. : ષષ્ઠ્યાન્ત્યસ્ય૭.૪.૧૦૬ પરિભાષાથી અણ્ અન્ત વગેરે નામોમાં અન્ત્યનું ગ્રહણ થવાનું હતું. તો પણ અન્ત્ય પદનું ગ્રહણ કેમ કર્યું ?

સમા. : સૂત્રમાં બહુસ્વરવાળાં અણ્ અન્તવાળાં નામોનો નિર્દેશ છે. તેથી **નિર્દિશ્યમાનાનાં આદેશાઃ ભવન્તિઃ** પંકત્યનુસારે સંપૂર્ણ નામોનો ષ્ય્ આદેશ થવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા માટે અન્તપદનું ગ્રહણ છે.

कुलाख्यानाम् २/४/७९

અ.અ.સૂ. : कुलाख्यानाम् अनार्षे वृद्धे अणिञः अन्तस्य स्त्रियां ष्यः।

અર્થ : જેનાં વડે કુળની પ્રસિદ્ધિ થતી હોય તેવાં ઋષિ અર્થવાળાં સિવાયનાં વૃદ્ધાપત્યમાં વિધાન કરાયેલાં अण् અને इञ् પ્રત્યયાન્ત નામનાં અન્ત્યવર્ણનો સ્ત્રીલિંગમાં ष्य આદેશ થાય છે.

સ. : **कुलाख्यानाम्**→कुलमाख्यायते यकाभिस्ताः इति। कुलाख्या, तासामिति।

ઉદા. (૧) पौणिक्या→ પુણિક ઋષિની પૌત્રી.
पुणिकस्यापत्यं पौत्रादि स्त्रीति।
अत इञ्०६.१.३१थी इञ्→पुणिक+इ
वृद्धिः स्वरे०७.४.१थी वृद्धि→पौणिक+इ
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→पौणिकि
આ સૂત્રથી અન્ત્યનો ष्य→पौणि**क्य**
आत्२.४.१८थी आप्→पौणिक्या
પ્રથમા સિ વગેરે→पौणि**क्या**।

(૨) **गौप्त्या**→ગુપ્ત ઋષિની પૌત્રી. गुप्तस्याऽपत्यं पौत्रादि स्त्रीति। આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ અપત્ય અર્થમાં ङसोऽपत्ये०६.१.२८थी अण् કરવો.

પ્ર.ઉદા. अनार्ष इत्येव→गौतमी→ગૌતમ ઋષિની પુત્રી.
गौतमस्याऽपत्यं वृद्धं स्त्रीति।
ऋषि-वृष्ण०६.१.६१थी अण्→गौतम+**अ**

अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→गौतम
अणञेयेकण्०२.४.२०थी ङी→गौतम+**ई**
अस्य ञ्यां०२.४.२०थी अनो लोप→गौतमी
प्रथमा सि वगेरे→गौतमी।

★ આ સૂત્રમાં આર્ષમાં લાગતાં પ્રત્યયાન્ત નામોનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી અન્ત્યનો ष्य થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્ર બહુસ્વરવાળાં અને ગુરુ સ્વર ઉપાન્ત્યમાં ન હોય તેવા નામો માટે જ સમજવું અન્યથા તેવા નામોને अनार्षे०२.४.७८थी ष्य् થવાનો જ હતો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, भौरिकी, भौलिकी વગેરે શબ્દો આ સૂત્રનો વિષય હોવા છતાં પણ गौरादि ગણ અંતર્ગત હોવા છતાં પણ गौरादिभ्यो०२.४.१९थी માત્ર ङी પ્રત્યય જ ગ્રહણ કરે છે. પરંતુ આ સૂત્રની પ્રવૃત્તિ પામતાં નથી.

क्रौड्यादीनाम् २/४/८०

અ.અ.સૂ. : अणिञः क्रौड्यादीनाम् अन्तस्य स्त्रियां ष्यः।

અર્થ : અણ્ અને ઇઞ્ પ્રત્યયાન્ત क्रौड्या વગેરે અન્ત્ય વર્ણનો સ્ત્રીમાં ष्य આદેશ થાય છે.

સ. : **क्रौड्यादीनाम्**→क्रौडिरादिर्येषां ते इति क्रौड्यादयः, तेषामिति।

ઉદા. (૧) **क्रौड्या**→क्रोडऋषिની પુત્રી. क्रोडस्य अपत्यमिति।

(૨) **लाड्या**→लड ऋषिની પુત્રી. लडस्य अपत्यमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્રમાં દર્શાવેલ પૌણિક્યા પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **ક્રૌડ્યાદિ ગણ :** ક્રૌડિ, લાડિ, વ્યાડિ, આપક્ષિતિ, આપિશલિ, સૌધાતકિ, ભૌરિકિ, ભૌલિકિ, શાલ્મલિ, શાલાસ્થલિ, કપિષ્ઠલિ, રૌઢિ, દૈવદત્તિ, યાજ્ઞદત્તિ આ શબ્દો ઇઞ્ પ્રત્યયાન્ત જાણવા. તથા, ચૌપયત્ત, ચૈકયત, ચૈઢયત, બૈલ્વત, શૈકયત આ શબ્દો અણ્ પ્રત્યયાન્ત જાણવા. સૂત્ર નિર્દિષ્ટ બ.વ. આકૃતિગણ માટે છે તેથી, આ સિવાયનાં અન્ય પ્રયોગો પણ આ સૂત્રમાં વિષય બને છે.

(૨) ક્રૌડ્યાદિ અંતર્ગત બહુસ્વરનાં અભાવવાળાં તથા આપક્ષિતિ વગેરે ઉપાન્ત્યમાં ગુરુ સ્વરનાં અભાવવાળાં નામથી અપ્રાપ્ત એવા ષ્ય આદેશની પ્રાપ્તિ માટે આ સૂત્રનો નિર્દેશ છે. અન્યથા અનાર્ષે વૃદ્ધે૦૨.૪.૭૮ સૂત્રથી બહુસ્વરવાળાં આદિ નામોમાં આ સૂત્રની પ્રવૃત્તિ સિદ્ધ જ હતી.

(૩) અહીં ક્રૌડેયઃ ચૌપતેયઃ વગેરે નામોને અપત્ય સંબંધી ય પ્રત્યયનો લોપ થાય છે. જો કે કેટલાંક વ્યાકરણકારો ષ્ય આદેશને પણ પ્રત્યય તરીકે ઈચ્છતાં યનાં લોપને ઈચ્છતાં નથી.

भोज-सूतयोः क्षत्रिया-युवत्योः २/४/८१

અ.અ.સૂ. : भोज-सूतयोः अन्तस्य क्षत्रिया-युवत्योः स्त्रियां ष्यः।

અર્થ : ભોજ અને સૂત શબ્દનાં અન્ત્યવર્ણનો ક્ષત્રિય અને યુવતિ અર્થ વાચ્ય હોતે છતે સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ થાય છે.

સ. : (૧) **भोज-सूतयोः**→भोजश्च सूतश्च इति भोजसूतौ, तयोरिति।

(૨) **क्षत्रिया-युवत्योः**→क्षत्रियश्च युवतिश्च इति क्षत्रिययुवती, तयोरिति।

ઉદા. (૧) **भोज्या-क्षत्रिया**→ભોજવંશીય ક્ષત્રિયજાતિની સ્ત્રી.
આ સૂત્રથી ષ્ય→**भोज्य**
आत्२.४.१८થી आप→**भोज्य+आ**
समानानां०१.२.१થી દીર્ઘ→**भोज्या**
પ્રથમા સિ વગેરે→**भोज्या**।

(૨) **सूत्या-युवतिः**→યુવાન સ્ત્રી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.
अन्या तु भोजा, सुता→નામવિશેષ, પ્રસૂતા સ્ત્રી.
आत्२.४.१८થી आप्→भोज+**आ**
समानानां०१.२.१થી દીર્ઘ→**भोजा**
પ્રથમા સિ વગેરે→**भोजा**।

વિશેષતા :

(૧) સૂત્રમાં 'भोज-सूतयोः' સ્થાની અને क्षत्रियः-युवत्योः નિમિત્ત બન્નેની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्य** ૧/૧૦ ન્યાયાનુસારે સ્થાની ઓ નિમિત્ત વચ્ચે અનુક્રમ જાણવો.

(૨) અહીં जातेरयान्त०२.४.५४ થી ङીની પ્રાપ્તિ હતી તેનું આ અપવાદ સૂત્ર છે.

(૩) અહીં કેટલાંક વ્યાકરણકારો સારથિવાચક सूत શબ્દ સંબંધી યુવતિનાં અર્થમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરે છે. પણ સર્વ યુવતિનાં સંબંધમાં નહીં.

दैवयज्ञि-शौचिवृक्षि-सात्यमुग्रि-काण्ठेविद्धेर्वा ૨/૪/૮૨

અ.અ.સૂ. : दैवयज्ञि-शौचिवृक्षि-सात्यमुग्रि-काण्ठेविद्धेः अन्तस्य स्त्रियां ष्यः वा।

અર્થ : દૈવયજ્ઞિ, શૌચિવૃક્ષિ, સાત્યમુગ્રિ અને કાણ્ઠેવિદ્ધિ નામનાં અન્ત્યવર્ણનો સ્ત્રીલિંગમાં ષ્ય આદેશ વિકલ્પે થાય છે.

સ. : **दैवयज्ञि-शौचिवृक्षि-सात्यमुग्रि-काण्ठेविद्धेः→** दैवयज्ञिश्च शौचिवृक्षिश्च सात्यमुग्रिश्च काण्ठेविद्धिश्च इति दैवयज्ञिशौचिवृक्षिसात्यमुग्रि-काण्ठेविद्धि, तस्येति।

ઉદા. (૧) **दैवयज्ष्या/दैवयज्ञी**→દેવયજ્ઞ ઋષિની પૌત્રી.
આ સૂત્રથી વિકલ્પે ષ્ય→**दैवयज्ष्य**
आत्२.४.१८થી आप्→**दैवयज्ष्या**
વિકલ્પે : ષ્ય ન થાય ત્યારે, दैवयज्ञि
नुर्जातेः०२.४.७२થી ङी→दैवयज्ञि+**ई**
समानानां०१.२.१થી दीर्घ→**दैवयज्ञी**
પ્રથમા સિ વગેરે→दैवयज्ष्या/दैवयज्ञी।

(૨) **शौचिवृक्ष्या/शौचिवृक्षी**→શુચિવૃક્ષ ઋષિની પૌત્રી.

(૩) **सात्यमुग्रया/सात्यमुग्री**→સત્યમ્રગ્ર ઋષિની પૌત્રી.

(૪) **काण्ठेविद्धया/काण्ठेविद्धी**→કંઠેવિદ્ધ ઋષિની પુત્રી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં अनार्षे वृद्धे०२.४.७८થી વૃદ્ધાપત્યમાં નિત્ય પ્રાપ્તિ હતી અને વૃદ્ધાપત્ય સિવાયનાં અર્થમાં અપ્રાપ્તિ હતી તેને વિકલ્પે કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

ष्या पुत्र-पत्योः केवलयोरीच् तत्पुरुषे ૨/૪/૮૩

અ.અ.સૂ. : ष्या आपः केवलयोः पुत्र-पत्योः तत्पुरुषे ईच्।

અર્થ : મુખ્ય આપ્ પ્રત્યયાન્ત નામનાં ષ્ય આદેશનો કેવલ પુત્ર અને પતિ શબ્દ પર છતાં તત્પુરુષ સમાસમાં ઈચ્ થાય છે.

સ. : **पुत्र-पत्योः**→पुत्रश्च पतिश्च इति पुत्रपती, तयोरिति।

ઉદા. (૧) **कारीषगन्धीपुत्रः**→કારીષગન્ધિનાં પૌત્રીનો પુત્ર.
कारीषगन्ध्यायाः पुत्रः इति।
षष्ठ्ययत्ला०૩.૧.૭૬થી સમાસ→कारीषगन्ध्या+पुत्र
(कारीषगन्ध्यानी साधनिका २.४.७१ માં દર્શાવેલ છે.)
આ સૂત્રથી ष्य નો ईच्→कारीषगन्ध्+**ई**+पुत्र
प्रथमा सि વગેરે→कारीषगन्धीपुत्रः।

(૨) **कारीषगन्धीपतिः**→કારીષગન્ધિનાં પૌત્રીનો પતિ.
कारीषगन्ध्यायाः पतिरिति। कारीषगन्ध्या+पति
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) **ष्येति किम् ? इभ्यापुत्रः**→શ્રેષ્ઠી સ્ત્રીનો પુત્ર.
इभ्यायाः पुत्र इति। इभ्या+पुत्र

★ આ સૂત્રની પ્રવૃત્તિ ष्य અન્ત વાળાં નામનાં જ વિષયમાં થાય છે. જ્યારે અહીં इभमर्हतीति અર્થમાં दण्डादे० ६.४.१७८થી यञ् થઈને इभ्या બનેલ છે. માટે આ સૂત્રથી यનો ईच् થયો નહીં.

(૨) **केवलयोरिति किम् ? कारीषगन्ध्यापुत्रकुलम्**→
કરીષગન્ધિનાં પૌત્રીનાં પુત્રનું કુળ.
पुत्रस्य कुलमिति पुत्रकुलम्, कारीषगन्ध्यायाः पुत्रकुलम्।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કેવળ પુત્ર શબ્દ પર છતાં થાય છે. જ્યારે અહીં પુત્ર શબ્દ કુલ સાથે સમસ્ત છે માટે આ સૂત્રથી ष्यનો ईच् થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રગત 'ईच्' પદમાં च्કાર वेदूतोऽनव्यया०२.४.९८ માં દર્શાવેલ ईच्નાં પ્રયોજન માટે છે. તે સૂત્રમાં ફળ સ્વરૂપે कारीषगन्धीपुत्रः વગેરે ઉદા.માં ईच्નાં ईનું હ્રસ્વ કાર્ય થશે નહીં.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, 'केवलपुत्रपत्योः' એ જ પ્રમાણે સમસ્ત પ્રયોગ આપીને માત્રા લાઘવ થવાની શક્યતા હતી પરંતુ પર સૂત્રમાં માત્ર 'केवलयोः' પદનો જ અધિકાર લઈ જવાનો હોવાથી અસમસ્ત નિર્દેશ હોય તેવું જણાય છે.

बन्धौ बहुव्रीहौ २/४/८४

અ.અ.સૂ. : ष्या आपः केवले बन्धौ बहुव्रीहौ ईच्।

અર્થ : મુખ્ય आप् પ્રત્યયાન્તનાં ष्यનો કેવળ બન્ધુ શબ્દ પર છતાં બહુવ્રીહિ સમાસમાં ईच् થાય છે.

ઉદા. (૧) **कारीषगन्धीबन्धुः**→કારીષગન્ધિનાં પૌત્રીનો ભાઈ છે જેને તે. कारीषगन्ध्या बन्धुरस्येति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→कारीषगन्ध्या+बन्धु
આ સૂત્રથી ष्यનો ईच्कारीषगन्ध्+**ई**+बन्धु
પ્રથમા સિ વગેરે→कारीषगन्धीबन्धुः।

પ્ર.ઉદા. **केवल इत्येव→कारीषगन्ध्याबन्धुकुलम्**→કારીષગન્ધિની પૌત્રીનાં ભાઈનું કુળ. बन्धोः कुलमिति बन्धुकुलम्
कारीषगन्ध्या बन्धु कुलं यस्य स इति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→कारीषगन्ध्या+बन्धुकुल
પ્રથમા સિ વગેરે→कारीषगन्ध्याबन्धुकुलम्

★ આ સૂત્રની પ્રવૃત્તિ કેવળ બન્ધુ શબ્દથી જ થાય છે. જ્યારે અહીં બન્ધુકુલમ્ સમસ્ત પદ છે માટે આ સૂત્રથી ષ્યનો ઈચ્ થતો નથી.

मुख्य इत्येव→अतिकारीषगन्ध्याबन्धुः→કારીષગન્ધિની પૌત્રીને ઓળીંગી જનારનો ભાઈ.

कारीषगन्ध्यामति क्रान्ता इति अतिकारीषगन्ध्या, अतिकारीगन्ध्यायाः बन्धुरिति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ મુખ્ય ષ્યઅન્તવાળાં નામથી થાય છે. જ્યારે અહીં અતિકારીષગન્ધ્યા મુખ્ય શબ્દ નથી માટે આ સૂત્રથી ષ્યનો ઈચ્ આદેશ થયો નહીં.

मात-मातृ-मातृके वा २/४/८५

અ.અ.સૂ. : ष्या आपः केवले मात-मातृ-मातृके बहुव्रीहौ ईच् वा।

અર્થ : મુખ્ય આપ્ પ્રત્યયાન્ત ષ્યનો કેવલ માત, માતૃ અને માતૃક પર છતાં બહુવ્રીહિ સમાસમાં ઈચ્ વિકલ્પે થાય છે.

સ. : **मात-मातृ-मातृके**→मातश्च माता च मातृकश्च इति मातमातामातृकम्, तस्मिन्निति।

ઉદા. (૧) **कारीषगन्धीमातः/कारीषगन्ध्यामातः→**

(૨) **कारीषगन्धीमाता/कारीषगन्ध्यामाता→**

(૩) **कारीषगन्धीमातृक/कारीषगन्ध्यामातृकः→**

કારીષગન્ધિની પૌત્રી છે માતા જેની તે.

આ ઉદા.ની સાધનિકા कारीषगन्धीबन्धुः પ્રમાણે જાણવી. પરંતુ વિકલ્પે ઈચ્ ન થતાં कारीषगन्ध्यामातः સિદ્ધ થાય છે.

વિશેષતા :

(૧) યદ્યપિ માતૃ શબ્દ ઋકારાન્ત હોવાથી ઋન્નિત્ય૦ ૭.૩.૧૭૧થી નિત્ય કચ્ પ્રત્યય થાય છે. પરંતુ અહીં માતૃ અને માતૃક બંનેનો નિર્દેશ હોવાથી માતૃ શબ્દને આશ્રયીને કચ્ પ્રત્યય વિકલ્પે થાય છે.

જિ. : માતુર્માતઃ૦૧.૪.૪૦ સૂત્રથી પુત્રપ્રશંસા આમન્ત્ર્ય અર્થમાં માતૃ શબ્દનો જ માત આદેશ થાય છે. તેથી માતૃનાં ગ્રહણથી જ માતનું ગ્રહણ સિદ્ધ જ હતું. છતાં પૃથક્ નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં પૃથક્ નિર્દેશ દ્વારા આ સૂત્રનાં વિષયમાં પુત્રપ્રશંસા અને આમન્ત્ર્ય અર્થ ન થતો હોય તો પણ વિકલ્પે માત આદેશ કરવો. એ જ ગ્રંથકારશ્રી જણાવે છે.

अस्य ङ्यां लुक् २/४/८६

અ.અ.સૂ. : ङ्यां अस्य लुक्।

અર્થ : ङी પ્રત્યય પર છતાં પૂર્વનાં અનો લોપ થાય છે.

ઉદા. **मद्रचरी**→મદ્ર દેશમાં ચરનારી. मद्रेषु चरतीति स्त्री।
चरेष्टः૦૫.૧.૧૩૮થી ટ→મદ્ર+ચર્+**અ**
અણજેયે૦૨.૪.૨૦થી ङी→મદ્રચર+**ઈ**
આ સૂત્રથી અનો લોપ→મદ્રચરી।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, बिम्ब्याः फलमिति बिम्बफलम् આ સ્થાને આ સૂત્રથી અનો લોપ થયા બાદ ङ્યાદે૦૨.૪.૯૫થી ङીનો લોપ થયો છે. તો बिम्ब्फलम् આવો સમાસ થવો જોઈએ

પણ **निमित्ताभावे नैमित्तिकस्याप्यभाव** ૧/૨૯ ન્યાયાનુસારે ङीનો લોપ થતાં તિન્નિમિત્તક અનાં લોપનો પણ અભાવ થાય છે. માટે બિમ્બફલમ્ પ્રયોગ સિદ્ધ થાય છે.

(૨) યદ્યપિ ईच्નો અધિકાર ચાલતો જ હોવાથી અન્ત્ય સ્વરનો 'ई' થતાં કુરુચરી આદિ પ્રયોગ સિદ્ધ હતા પરંતુ **पञ्चभिः कुमारीभिः क्रीत इति पञ्चकुमारिः** ઇત્યાદિ સ્થાને इकण् પ્રત્યયનો લોપ થયે છતે 'ई'ની પણ નિવૃત્તિ કરવાનો પ્રસંગ છે. પણ જો તે 'ई'ને ङी સ્વરૂપે માનીએ તો ङ्यादेर्गौ०૨.૪.૯૫ સૂત્રથી ङीનો લોપ થતા વ્યંજનાન્ત પ્રયોગ થવાની આપત્તિ આવે અને ईच् સ્વરૂપે માનીએ તો સૂત્રથી 'ई'કારાન્ત પ્રયોગ થવાની આપત્તિ આવે. તેનું વારણ કરવા માટે અહિં लुक्નું ગ્રહણ છે.

मत्स्यस्य यः ૨/૪/૮૭

અ.અ.સૂ. : मत्स्यस्य यः ङ्यां लुक्।

અર્થ : મત્સ્યનાં यનો ङी પ્રત્યય પર છતાં લુક્ થાય છે.

ઉદા. **मत्सी**→માછલી.
गौरादिभ्यो०૨.૪.૧૯થી ङी→मत्स्य+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી अનો લોપ→**मत्स्य्**+ई
આ સૂત્રથી यનો લોપ→मत्स+ई
अस्य ङ्यां०૨.૪.૮૬થી अનો લોપ→मत्सी।

વિશેષતા :

જિ. : સૂત્રમાં 'ङ्यां'એ પ્રમાણે सप्तम्यन्त પદ હોવાથી सप्तम्या० ૭.૪.૧૦૫ પરિભાષાનુસારે ङીની અનન્તર પૂર્વે રહેલાં यનો લોપ થવો જોઈએ. પણ मत्स्यમાં अस्य ङ्यां०

૨.૪.૮૬થી થતાં અનાં લોપનો स्वरस्य परे०૭.૪.૧૧૦થી સ્થાનીવત્ભાવ મનાય છે. તેથી, અનન્તર य् ન આવતાં આ સૂત્રથી य्નો લોપ કેવી રીતે થાય ?

સમા. : આ પ્રમાણે વિચારતાં આ સૂત્રનું કાર્ય અશક્ય થવાની આપત્તિ આવે માટે **येन नाऽव्यवधानं तेन व्यवहितेऽपि ૨/૧૩** ન્યાયાનુસારે જ્યાં વ્યવધાન વિના કાર્ય શક્ય ન હોય ત્યાં એકવર્ણનું વ્યવધાન હોય તો પણ કાર્ય થાય છે. માટે અહીં અનાં વ્યવધાનમાં પણ કાર્ય થશે. यद्यपि અહીં तस्येदम्૬.૩.૧૬૦થી अण् કરીને अवर्णेवर्ण०૭.૪.૬૮થી અનો લોપ થતાં બે અનું વ્યવધાન પ્રાપ્ત થવાની શક્યતા છે. પરંતુ न सन्धि-ङी०૭.૪.૧૧૧ સૂત્રથી તે અનો સ્થાનીવત્ભાવ મનાતો નથી.

व्यञ्जनात् तद्धितस्य ૨/૪/૮૮

અ.અ.સૂ. : व्यञ्जनात् तद्धितस्य यः ङ्यां लुक्।

અર્થ : વ્યંજનથી પર રહેલાં તદ્ધિતનાં य्નો ङी પ્રત્યય પર છતાં लुक् થાય છે.

ઉદા. (૧) **मनुषी**→નારી. मनोरपत्यमिति स्त्री।
मनोर्याणौ०૬.૧.૯૪થી य અને ष् આગમ→मनु+**ष्+य**
गौरादिभ्यो०૨.૪.૧૯થી ङी→मनुष्य+ई
अस्य ङ्यां०૨.૪.૮૬થી અનો લોપ→मनुष्य्+ई
આ સૂત્રથી य्નો લોપ→मनुषी।

પ્ર.ઉદા. (૧) व्यञ्जनादिति किम् ? कारिकेयी→કારિકાની પુત્રી. कारिकाया अपत्यं स्त्रीति।
ङ्याप्-त्यूङ्०૬.૧.૭૦થી एयण्→कारिका+**एय**

अवर्णेवर्ण०७.४.६८थी आनो लोप→कारिकेय
अणञेये०२.४.२०थी ङी→कारिकेय+**ई**
अस्य ञ्यां०२.४.८६थी अनो लोप→कारिकेय्+ई
प्रथमा सि वगेरे→कारिकेयी।

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનથી પર રહેલ તદ્ધિતનાં યનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સ્વરથી પર તદ્ધિતનો ય છે. માટે આ સૂત્રથી યનો લોપ થયો નહીં.

(૨) **तद्धितस्येति किम् ? वैश्यी**→વૈશ્યની સ્ત્રી.
वैश्यस्य भार्या इति।
धवाद्०२.४.५९थी ङी→वैश्य+**ई**
अस्य ञ्यां०२.४.८६थी अनो लोप→**वैश्य्**+ई
प्रथमा सि वगेरे→वैश्यी।

★ આ સૂત્રની પ્રવૃત્તિ તદ્ધિતનાં જ યનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં પ્રકૃતિનો ય્ છે. તદ્ધિતનો નહીં માટે આ સૂત્રથી યનો લોપ થયો નહીં.

सूर्य-ऽऽगस्त्ययोरीये च २/४/८९

અ.અ.સૂ. : सूर्याऽऽगस्त्ययोः यः ईये च(ञ्यां) लुक्।

અર્થ : સૂર્ય અને આગસ્ત્યનાં ય્નો ઈય અને ङी પર છતાં લુક્ થાય છે.

સ. : **सूर्य-ऽऽगस्त्ययोः**→सूर्यश्च आगस्त्यश्च इति सूर्या-ऽगस्त्यौ, तयोरिति।

ઉદા. (૧) सूरी→સૂર્ય નામનાં મનુષ્યની સ્ત્રી.
सूर्यस्य भार्या-मनुषी स्त्री इति।

ધવાદ્ યોગાદ૦૨.૪.૫૯થી ङी→સૂર્ય+ઈ
અસ્ય ङ્યાં૦૨.૪.૮૬થી અનો લોપ→**સૂર્ય્**+ઈ
આ સૂત્રથી य્નો લોપ→**સૂરી**
પ્રથમ સિ વગેરે→સૂરી

(૨) **આગસ્તી**→અગસ્તી ઋષિ સંબંધી.
અણઞેયે૦૨.૪.૨૦થી ङी→આગસ્ત્ય+ઈ
આ ઉદા.માં અનો લોપ વિ. કાર્યો પૂર્વ પ્રમાણે જાણવા.

(૩) **સૌરીયઃ**→સૂર્ય દેવતા છે જેના એવા (વ્યક્તિ) સંબંધી.
સૂર્યો દેવતાઽસ્યેતિ।
દેવતા૦૬.૨.૧૦૧થી અણ્→સૂર્ય+**અ**
સૌર્યસ્યાઽયમિતીતિ અર્થમાં,
દોરીયઃ૦૬.૩.૩૨થી ઈય→ સૂર્ય+અ+**ઈય**
વૃદ્ધિઃ સ્વરેષ્વા૦૭.૪.૧થી વૃદ્ધિ→**સૌર્ય**+ઈય
અવર્ણેવર્ણ૦૭.૪.૬૮થી અનો લોપ **સૌર્ય્**+ઈય
આ સૂત્રથી य્નો લોપ→સૌરીય
પ્રથમા સિ વગેરે→સૌરીયઃ।

(૪) **આગસ્તીયઃ**→અગસ્તી દેવતા છે જેનાં એવા (વ્યક્તિ) સંબંધી. અગસ્ત્યો દેવતાઽસ્યેતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ 'ઈયે'નો અધિકાર શરૂ થતાં ङ्यां નો અધિકાર અટકી જાય. પરંતુ **चकारो यस्मात्परस्तत्सजातीयमे समुच्चिनोति ૨/૬૧** ન્યાયાનુસારે સૂત્રમાં ગ્રહણ કરેલ ચકાર દ્વારા ચકારની પૂર્વે રહેલ સપ્તમ્યન્ત 'ઈયે' પદથી પૂર્વસૂત્રગત તત્સજાતીય 'ङ्यां'નો અધિકાર ગ્રહણ થશે.

તેમજ, **चानुकृष्टं** ૨/૬૨ ન્યાયાનુસારે આ અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

(૨) **एकदेशविकृतभनन्यवत्** ૧/૭ ન્યાયાનુસારે સૂર્યનાં ગ્રહણથી સૌરીનું પણ ગ્રહણ થાય છે. તેથી સૌરી પ્રભા જેવા પ્રયોગો સિદ્ધ થાય છે.

तिष्य-पुष्ययोर्भाणि ૨/૪/૯૦

અ.અ.સૂ. : भाणि तिष्य-पुष्ययोः यः लुक्।

અર્થ : નક્ષત્ર સંબંધી અણ્ પ્રત્યય પર છતાં તિષ્ય અને પુષ્યનાં ય્નો લુક્ થાય છે.

ઉદા. (૧) **तैषी रात्रिः**→તિષ્ય નક્ષત્રવાળી રાત્રી.
तिष्येण चन्द्रयुक्तेन युक्ता रात्रिरिति।
चन्द्रयुक्तात्०૬.૨.૬થી अण्→तिष्य+**अ**
वृद्धिः स्वरेष्वा०૭.૪.૧થી વૃદ્ધિ→**तैष्य**+अ
अवर्णेवर्ण०૭.૪.૬૮થી अनो लोप→**तैष्य्**+अ
આ સૂત્રથી अनो लोप→तैष
अणञियेकण्०૨.૪.૨૦થી ङी→तैष+**ई**
अस्य ङ्यां०૨.૪.૮૬થી अनो लुक्→तैषी।

(૨) **पौषमहः**→પુષ્યનક્ષત્ર વાળો દિવસ.
पुष्येण चन्द्रयुक्तेन युक्तोऽह इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **भाणीति किम् ? तैष्यश्चरुः**→તિષ્ય નામનાં દેવોનો ચરું.
तिष्यो देवताऽस्येति।
देवता૬.૨.૧૦૧થી अण्→तिष्य+**अ**
वृद्धिःस्वरेष्वा०૭.૪.૧થી વૃદ્ધિ→तैष्य+अ

अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→तैष्य
प्रथमा सि वगेरे→तैष्यः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ નક્ષત્ર સંબંધી અણ્ પર છતાં જ થાય છે. જ્યારે અહીં દેવતા અર્થમાં અણ્ થયેલ છે. માટે આ સૂત્રથી य्નો લોપ થયો નહીં.

વિશેષતા :

અહીં કેટલાંક વ્યાકરણકારો નક્ષત્રવાચી તિષ્ય અને પુષ્ય શબ્દનાં વિષયમાં અણ્ પર છતાં સામાન્યતયા यનો લોપ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે तिष्यो देवताऽस्येति तैष्यः એવો પ્રયોગ સિદ્ધ થાય છે. તથા, સિધ્ય શબ્દનાં વિષયમાં यનો વિકલ્પે **લોપ** ઈચ્છે છે.

आपत्यस्य क्य-च्व्योः २/४/९१

અ.અ.સૂ. : व्यञ्जनात् आपत्यस्य यः क्यच्व्योः लुक्।

અર્થ : વ્યંજનથી પર રહેલ અપત્ય સંબંધી य्નો क्य અને च्वि પર છતાં લોપ થાય છે.

સ. : **क्यच्व्याः**→क्यश्च च्विश्च इति क्यच्वी, तयोरिति।

ઉદા. (૧) **गार्गीयति**→ગર્ગનાં પુત્રને ઈચ્છે છે. गार्ग्यमिच्छतीति।
अमाव्ययात्०३.४.२३थी क्यन्→गार्ग्य+**य**
क्यनि४.३.११२थी अनो ई→गार्ग्य+**ई**+य
આ સૂત્રથી यनो लोप→गार्गीय
तिव् वगेरे→गार्गीयति।

(२) **गार्गायते**→गार्ग्यની જેમ આચરણ કરે છે.
गार्ग्य इवाचरतीति।
क्यङ्०३.४.२६थी क्यङ्→गार्ग्य+**य**

दीर्घश्चिच्व०४.३.१०८थी अनो आ→गार्ग्य्+आ+य
आ सूत्रथी य्नो लोप→गार्गाय
ते वगेरे→गार्गायते।

(૩) **गार्गीभूतः**→ગાર્ગ્ય જેવો થયો.
अगार्ग्यो गार्ग्यो भवति स्मेति।
कृ-भ्वस्ति०७.२.१२६थी च्वि→गार्ग्य+**०**+भूत
ईश्च्वा०४.३.१११थी अनो ई→गार्ग्य+**ई**+०+भूत
आ सूत्रथी य्नो लोप→गार्गीभूत
प्रथमा सि वगेरे→गार्गीभूतः।

પ્ર.ઉદા. (૧) **आपत्यस्येति किम् ? साङ्काश्यीयति**→સંકાશ નગરમાં ઉત્પન્ન થયેલાને ઈચ્છે છે.
सांकाश्यमिच्छतीति ।
આ ઉદા.ની સાધનિકા गार्गीयति પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી થતો यनो લોપ અહીં કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અપત્ય અર્થમાં વર્ત્તતાં य्ને વિશે થાય છે. જ્યારે અહીં संङ्काशेन निर्वृत्तम् અર્થમાં सुपन्थ्यादेः ६.२.८४थी ञ्य લાગેલ છે. માટે આ સૂત્રથી यनो લોપ થયો નહીં.

(૨) **व्यञ्जनादित्येव→कारिकेयायते**→કારિકાના પુત્રને ઈચ્છે છે. कारिकाया अपत्यमिवाचरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનથી પર રહેલ य्ને વિશે થાય છે. જ્યારે અહીં સ્વરથી પર य् છે. માટે આ સૂત્રથી રહેલ य्નો લોપ થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં **निरनुबन्धग्रहणे सामान्येन** ૨/૫ ન્યાયાનુસારે क्यનાં ગ્રહણથી क्यन्, क्यङ् અને क्यङ्ष ત્રણેનું ગ્રહણ જાણવું.

જિ. : क्य-च्व्यो : सप्तम्यन्त પદ હોવાથી सप्तम्या०૭.૪.૧૦૫ થી क्य અને च्वि સૂત્રમાં પૂર્વે રહેલાં य्નો લોપ થવો જોઈએ પણ मत्स्यમાં अस्य ङ्यां०૨.૪.૮૬થી થતાં અનો લોપનો स्वरस्य परे०૭.૪.૧૧૦થી સ્થાનીવત્ભાવ મનાય છે. તેથી અનન્તર य्न હોવાથી આ સૂત્રથી य्નો લોપ કેવી રીતે થાય ?

સમા. : આ પ્રમાણે વિચારતાં આ સૂત્રનું કાર્ય અશક્ય થવાની આપત્તિ આવે. માટે **येन नाव्यवधानं तेन व्यवहितेऽपि** ૨/૧૩ ન્યાયાનુસારે જ્યાં વ્યવધાન વિના કાર્ય શક્ય ન હોય ત્યાં એકવર્ણનું વ્યવધાન હોય તો પણ કાર્ય થાય છે. માટે અહીં અનાં વ્યવધાનમાં પણ કાર્ય થશે.

જિ. : સૂત્રગત क्य પદથી क्यः शिति०૩.૪.૭૦થી થતાં क्य પદનું ગ્રહણ શા માટે ન થયું ?

સમા. : च्वि પ્રત્યય નામથી પરમાં જ થાય છે. માટે **साहचर्यात् सदृशस्यैव** ૨/૬ ન્યાયાનુસારે च्वि નાં સાહચર્યથી क्य પણ નામથી પરમાં થતો જ ગ્રહણ કરવો. જ્યારે क्यः शितિ૩.૪.૭૦ થતો क्य ધાતુથી પરમાં થાય છે. તેથી તેનું ગ્રહણ ન થતાં क्यन्, क्यङ्, અને क्यङ्ष् વગેરે નામધાતુ સંબંધી પ્રત્યયોનું ગ્રહણ કરવું.

तद्धितयस्वरेऽनाति २/४/९२

અ.અ.સૂ. : व्यञ्जनात् आपत्यस्य-पयः अनाति तद्धितयस्वरे लुक्।

અર્થ : વ્યંજનથી પર અપત્ય સંબંધી य्નો આ સિવાયનાં સ્વરાદિ અને યકારાદિ તદ્ધિત પ્રત્યય પર છતાં લોપ થાય છે.

સ. : (૧) **तद्धितयस्वरे**→यश्च स्वरश्च इति यस्वरम्, तद्धितं च एतद् यस्वरे चेति तद्धितयस्वरम्, तिस्मिन्निति।

(૨) **अनाति**→न आत् इति अनात्, तस्मिन्निति।

ઉદા. (૧) **गार्ग्यः**→ગર્ગ ઋષીના પુત્રને વિષે સારો/સજ્જન.
तत्र साधौ०७.१.१५थी य→गार्ग्य+**य**
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→गार्ग्य्+य
આ સૂત્રથી य्નો लोप→गार्ग्य
प्रथमा सि वगेरे→गार्ग्यः।

(૨) **गार्गकम्**→ગર્ગનાં પુત્રનો સમૂહ. गर्गाणां समूह इति।
गोत्रोक्ष-वत्सोष्ट्र०६.२.१२थी अकञ्→गर्ग+**अक**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**गार्ग**+अक
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→गार्गक
प्रथमा सि वगेरे→गार्गकम्।

પ્ર.ઉદા. (૧) **आपत्यस्येत्येव→काम्पील्यकः**→કમ્પીલ નગરમાં થયેલું.
कम्पीलेन निर्वृत्तं अर्थमां,
सुपन्थ्या०६.२.८४थी ञ्य→कम्पील+**य**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**काम्पील**+य→काम्पील्यः
काम्पील्ये भव इति । अर्थमां,

प्रस्थ०६.३.४३थी अक→काम्पील्य+**अक**
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→काम्पील्यक
प्रथमा सि वगेरे→काम्पील्यकः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અપત્યમાં વર્ત્તતાં યને વિશે થાય છે. જ્યારે અહીં નિર્વૃત્તિ અર્થમાં ય હોવાથી આ સૂત્રથી યનો લોપ થયો નહીં.

(૨) **तद्धितेति किम् ? वात्स्येन**→वत्स्य ઋષીનાં પુત્ર.
वत्सस्याऽपत्यमिति।
'गर्गादेर्यञ'६.१.४२थी यञ्→वत्स+**य**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**वात्स+य**
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→वात्स्य
तृतीया टा वगेरे→**वात्स्येन**

★ આ સૂત્રની પ્રવૃત્તિ તદ્ધિતનો પ્રત્યય પર છતાં થાય છે જ્યારે અહીં યથી પર ટાનો इन આદેશ છે માટે આ સૂત્રથી યનો લોપ થયો નહીં.

(૩) **अनातीति किम् ? गार्ग्यायणः**→ગર્ગ ઋષીના પ્રપૌત્ર.
गर्गस्याऽपत्यं वृद्धं स्त्रीति।
गर्गादि०६.१.४२थी ञ्→गर्ग+**य**
यञिञः०६.१.५४थी आयनण्→गर्ग+य+**आयन**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→गार्ग+यायन
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→गार्ग्यायन
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→गार्ग्यायणः

★ આ સૂત્રનાં આકારાદિ તદ્ધિતનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી य्नो લોપ થયો નહીં.

बिल्वकीयादेरीयस्य २/४/९३

अ.अ.सू. : बिल्वकीयादेः ईयस्य तद्धितयस्वरे लुक्।

अर्थ : નડાદિમાં રહેલ કીય પ્રત્યયાન્ત બિલ્વ વગેરે શબ્દોનાં ઈયનો તદ્ધિતનાં યકારાદિ અને સ્વરાદિ પ્રત્યય પર છતાં લોપ થાય છે.

स. : **बिल्वकीयादेः**→बिल्वकीय आदिर्यस्याऽसौ इति बिल्वकीयादिः, तस्येति।

ઉદા. (१) **बैल्वकाः**→બિલ્વ નામની નદીમાં થયેલા.
बिल्वकीयायाः भव इति।
भवे०६.३.१२३थी अण्→बिल्वकीय+**अ**
वृद्धिः स्वरेष्वा०७.४.१थी वृद्धि→**बैल्व**कीय+अ
अवर्णेवर्ण०७.४.६८थी अनो लोप→बैल्वकीय्+अ
આ સૂત્રથી ઈયનો લોપ→बैल्वक
आत्२.४.१८थी आप्→बैल्व**का**
प्रथमा सि वगेरे→बैल्वकाः।

(२) **वैणुकाः**→વેણુકીય નદીમાં થયેલા. वेणुकीयायां भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

प्र.ઉદા. बिल्वकीयादेरिति किम् ? नाडकीयः→નડકીય નદીમાં થયેલો. નડકીયાયાં भव इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ बिल्वकीयः વગેરે શબ્દોથી જ થાય છે. માટે અહીં આ સૂત્રથી ઈય્નો લોપ થયો નથી.

વિશેષતા :

(૧) **બિલ્વાદિ ગણ :** બિલ્વ, વેણુ, વેત્ર, વેતસ, ત્રિ, તક્ષન્, ઇક્ષુ, કાષ્ટ, કપોત, ક્રુઞ્ચ।

(૨) સૂત્રમાં આદિ પદ વ્યવસ્થાવાચી હોવાથી તથા અન્ય શબ્દો અપેક્ષિત ન હોવાથી અહીં નડાદિ ગણ અંતર્ગત જ બિલ્વકીય શબ્દનું જ ગ્રહણ થાય છે. પરંતુ કુત્સિત આદિ અર્થમાં નિષ્પન્ન થતાં બિલ્વકીય શબ્દોનું નહીં.

(૩) અહીં તદ્ધિતનું ગ્રહણ હોવાથી પૂર્વસૂત્રથી આવતો અનાતિનો અધિકાર **संभवे व्यभिचारेच** ૨/૫૭ ન્યાયાનુસારે અટકી જાય છે. કારણકે આકારથી પર તદ્ધિતનાં ઈયનો સંભવ જ નથી.

જિ. : આ સૂત્રમાં ઈયનું ગ્રહણ ન કર્યું હોત તો પણ અણ્ પર છતાં પૂર્વનાં અનો અને અનુવૃત્તિનાં કારણે આ સૂત્રથી য્નો લોપ થતાં અને પાછું અણ્ પર છતાં ઈનો લોપ થઈ **बैल्वकाः** આદિ સિદ્ધ જ હતાં તો પણ ઈયનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : આ સૂત્રથી યકારનો લોપ કરવામાં અવસરે **स्वरस्य परे**૦૭.૪.૧૧૦ પરિભાષાનુસારે **अवर्णेवर्ण**૦૭.૪.૬૮થી થયેલાં અનાં લોપનો સ્થાનીવત્ ભાવ મનાય છે. અને તેમ મનાતાં য્નાં લોપની પ્રાપ્તિ નહીં થાય માટે અહીં ઈયનું ગ્રહણ કર્યું છે.

યદ્યપિ ન સન્ધિ-ડી૦૭.૪.૧૧૧ પરિભાષાનુસારે યનાં લોપમાં સ્થાનીવાત્-ભાવનો નિષેધ થાય છે. પરંતુ પછી ઈનો લોપ કરવાનો હોવાથી તે નિષેધનો પણ બાધ થાય છે.

જિ. : ઉપરોક્ત રીતે જો માત્ર યનાં લોપનો જ પ્રશ્ન હોય તો 'बिल्वकीयादेर्यस्य' એમ સ્વરસહિત य्नां લોપવાળું સૂત્ર બનાવી શકાય. જેથી ન સન્ધિ-ङी०७.४.१११ પરિભાષા દ્વારા સ્થાનીત્વનો નિષેધ થતાં ઈનાં લોપની પણ પ્રાપ્તિ થશે.

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ જો એ પ્રમાણે સૂત્ર બનાવવામાં આવે તો સ્વરસહિત य्नો લોપ થતાં अवर्णेवर्ण०७.४.६८थी ઈનો લોપ કરવો કે નહીં ? અહીં આશંકા જ રહે પણ નિર્ણય ન થાય માટે સૂત્રમાં ईयनुं ગ્રહણ યથાર્થ છે.

न राजन्य-मनुष्ययोरके २/४/९४

અ.અ.સૂ. : राजन्य-मनुष्ययोः यः अके लुक् न।

અર્થ : રાજન્ય અને મનુષ્યનાં યનો અક પ્રત્યય પર છતાં લુક્ થતો નથી.

સ. : **राजन्य-मनुष्ययोः**→राजन्यश्च मनुष्यश्च इति राजन्यमनुष्यौ, तयोरिति।

ઉદા. (૧) **राजन्यकम्**→રાજકુમારોનું સમૂહ. राजन्यानां समूह इति।
गोत्रोक्ष-वत्सो०६.२.१२थी अकञ्→राजन्य+**अक**
अवर्णेवर्ण०७.४.६८थी अनो લોપ→राजन्यक
આ સૂત્રથી य्नां લોપનો **નિષેધ**
પ્રથમા सि વગેરે→राजन्यकम्।

(૨) **मानुष्यकम्**→મનુષ્યનો સમૂહ.
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં તદ્ધિત-યસ્વરે૦૨.૪.૯૨થી ય્નાં લોપની પ્રાપ્તિ હતી. તેનો નિષેધ કરવા આ સૂત્રનો નિર્દેશ છે.

ङ्यादेर्गौर्णस्याक्विवपस्तद्धितलुक्यगोणी-सूच्योः २/४/९५

અ.અ.સૂ. : अक्विवपः गौणस्य ङ्यादेः तद्धितलुकि लुक्, अगोणी-सूच्योः।

અર્થ : क्विप् પ્રત્યયાન્ત સિવાયનાં ગૌણ નામનાં ङी વગેરેનો તદ્ધિત પ્રત્યયનો લોપ થયે છતે લોપ થાય છે. જો તે ગોણી-સૂચિ સિવાયનાં હોય તો

સ. : (૧) **ङ्यादेः**→ङीरादिर्यस्य स इति ङ्यादिः, तस्येति।

(૨) **तद्धितलुकि**→तद्धितस्य लुक् इति तद्धितलुक्, तस्मिन्निति।

(૩) **अगोणी-सूच्योः**→गोणी च सूची च इति गोणीसूच्यौ, न गोणीसूच्यौ इति अगोणीसूच्यौ इति तयोरिति।

ઉદા. (૧) **सप्तकुमारः**→સાત કુમારી છે દેવ જેને વિષે તે.
सप्तकुमार्यो देवताऽस्येति।
देवता ६.२.१०१थी अण्→सप्तकुमारी+**अ**
द्विगोरनपत्ये०६.१.२४थी अण्નો લોપ→सप्तकुमारी
આ સૂત્રથી ङीનો લોપ→सप्तकुमार
પ્રથમા સિ વગેરે→सप्तकुमारः।

(૨) **पञ्चेन्द्रः**→પાંચ ઈન્દ્રિયો છે દેવની જેને વિશે.
पञ्चेन्द्राण्यो देवता अस्येति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **पञ्चयुवा**→પાંચ યુવતીઓથી ખરીદેલ.
पञ्चभिर्युवतिभिः क्रीतः इति।
मूल्यैः क्रीते६.४.१५०थी अण्→पञ्च+युवति+**अण्**
अनाम्न्य०६.४.१४१थी अण्नो लोप→पञ्चयुवति
आ सूत्रथी तिनो लोप→पञ्चयुवन्
प्रथमा सि वगेरे→पञ्चयुवा।

(૪) **द्विपङ्गुः**→બે પાંગળી સ્ત્રીથી ખરીદેલ.
द्वाभ्यां पङ्गूभ्यां क्रीत इति।
मूल्यैः क्रीते६.४.१५०थी इकण्→द्वि पङ्गू+**इक**
अनाम्यद्विः०६.४.१४१थी इकण्नो लोप→द्विपङ्गू
आ सूत्रथी ऊङ्नो लोप→द्विपङ्गु
प्रथमा सि वगेरे→द्विपङ्गुः।

प्र.उदा. ★ **गौणस्येति किम् ? अवन्ती**→અવન્તી રાજાની પુત્રી.
अवन्तेरपत्यमिति।
दुर्नादि-कुर्वित्०६.१.११८थी ञ्य→अवन्ति+**य**
कुन्त्यवन्तेः०६.१.१२१थी ञ्यनो लोप→अवन्ति
नुर्जातेः०२.४.७२थी ङी→अवन्ति+**ई**
समानानां०१.२.१थी दीर्घ→अव**न्ती**
प्रथमा सि वगेरे→अवन्ती।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગૌણ નામથી થાય છે. જ્યારે અહીં મુખ્ય નામ છે. માટે આ સૂત્રથી ङीનું હ્રસ્વ થયું નહીં.

★ **अक्विप इति किम् ? पञ्चकुमारी**→પાંચ કુમારીના ઈચ્છનાર.
कुमारीयतीति क्विप् कुमारी पञ्चकुमार्योदेवताऽस्य इति।
આ ઉદા.ની साधनिका सप्तकुमारः પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી ङीનો લોપ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ क्विप् પ્રત્યયાન્ત નામથી થાય છે. જ્યારે અહીં કુમારી નામ क्विप् પ્રત્યયાન્ત નથી માટે આ સૂત્રથી હ્રસ્વ થયું નહીં.

★ **अगोणि-सूच्योरिति किम् ?**

(૧) **पञ्चगोणिः**→પાંચ ગુણીથી ખરીદેલ.
पञ्चभिर्गोणिभिः क्रीत इति।

(૨) **दशसूचिः**→દસ સોયથી ખરીદેલ.
दशभिः सूचिभिः क्रीत इति।
આ ઉદા.ની साधनिका द्विपङ्गुः પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી ङीનો લોપ ન કરતાં गोश्वान्ते०२.४.९६થી હ્રસ્વ કરવું.

★ આ સૂત્રમાં गोणी અને सूचीનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી હ્રસ્વ થયું નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, हरितक्याः फलं विकारोऽवयवो वा इति हरीतकी આવા સ્થાને तद्धितનો લોપ થયે છતે આ સૂત્રથી એકવારનો ङीનો લોપ થયો છે. પરંતુ गौरादि ગણ અંતર્ગત હોવાથી પુનઃ ङी થયો છે.

गोश्वान्ते ह्रस्वोऽनंशिसमासेयोबहुव्रीहौ २/४/९६

અ.અ.સૂ. : गोः च (ङ्यादेः) अन्ते ह्रस्वः, अनंशिसमासेयोबहुव्रीहौ ।

અર્થ : ગો અને क्विप् પ્રત્યયાન્ત સિવાયનાં ङी વગેરે પ્રત્યયાન્ત શબ્દોનો અન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે. જો અંશિ સમાસાન્ત અને ઈયસુ પ્રત્યયાન્ત સિવાયનાં બહુવ્રીહિ સમાસમાં હોય તો.

સ. : **अनंशिसमासेयोबहुव्रीहौ**→અંશિના સમાસ इति અંશિસમાસ:, ઈયસા બહુવ્રીહિરિતિ ઈયોબહુવ્રીહિ:, અંશિસમાસશ્ચ ઈયોબહુવ્રીહિશ્ચ इति અંશિસમાસેયોબહુવ્રીહિ:, અનંશિસમાસેયોબહુવ્રીહિ:, तસ્મિન્નિતિ।

ઉદા. (૧) **चित्रगु:**→કાબરચીતરી ગાયવાળો.
चित्रा गावो यस्याऽसौ इति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→**चित्रा**+गो
परत: स्त्री०૩.૨.૪૯થી चित्राનું चित्र→**चित्र**गो
આ સૂત્રથી गोનું હ્રસ્વ→चित्रगु
પ્રથમા सि વગેરે→चित्रगु:।

(૨) **निष्कौशाम्बि:**→ કૌશામ્બીમાંથી નીકળેલું.
कौशम्ब्या: निर्गत इति।
प्रात्यवपरि०૩.૧.૪૭થી સમાસ→निर्+कौशाम्बी
આ સૂત્રથી ईનો હ્રસ્વ→निर्+कौशा**म्बि**
निर्दुर्बहि०૨.૪.૯થી र्નો ष्→**निष्**कौशाम्बि
પ્રથમા सि વગેરે→निष्कौशाम्बि:।

(૩) **अतिखट्व:**→ખાટલા ને ઓળંગી ગયેલ.
खट्वामतिक्रान्त इति ।

(૪) **अतिब्रह्मबन्धु:**→બ્રહ્મબન્ધુને ઓળંગી ગયેલ.
ब्रह्मबन्धूमतिक्रान्त इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. (૧) **गौणस्येत्येव→सुगौ:**→સારી ગાય. शोभना गौरिति।
सु: पूजायाम्०૩.૧.૪૪થી સમાસ→सु+गो
પ્રથમા सि વગેરે→सुगौ:।

(૨) **राजकुमारी**→રાજાની છોકરી. राज्ञः कुमारीति।
षष्ठ्ययत्ला०૩.૧.૭૬થી સમાસ→राजन्+कुमारी
नाम्नो नो०૨.૧.૯૧થી न्नो लोप→राजकुमारी
प्रथमा सि वगेरे→राजकुमारी।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ગૌણ નામથી જ થાય છે. જ્યારે અહીં ગૌણ નામ ન હોવાથી આ સૂત્રથી હ્રસ્વ થયેલ નથી.

★ **अक्विप इत्येव**→

(૧) **प्रियगौःणा**→પ્રિય છે ગાયને ઈચ્છનારો જેને એવો તે.
गव्यतीति इति क्विप् इति गो हवे,
प्रिया गौः यस्य स इति। આ ઉદા.ની સાધનિકા ચિત્રગુ પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી હ્રસ્વ કરવો નહીં.

(૨) **प्रियकुमारी चैत्रः**→કુમારીને ઈચ્છનારો પ્રિય છે જેને તે એવો ચૈત્ર. प्रिया कुमारी यस्य स इति।
આ ઉદા.ની સાધનિકા प्रियगौः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં क्विप् પ્રત્યયાન્ત નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી હ્રસ્વ થયો નહીં.

★ **गोश्चेति किम् ? अतितन्त्रीः**→તંત્રીને ઓળંગી જનાર. तन्त्रीमतिक्रान्त इति।
આ ઉદા.ની સાધનિકા अतिखट्वः પ્રમાણે જાણવી. પરંતુ આ સૂત્રથી હ્રસ્વાદેશ કરવો નહીં.

★ આ સૂત્રની પ્રવૃત્તિ गो વગેરે નામથી જ થાય છે. જ્યારે અહીં તન્ત્રી નામ હોવાથી હ્રસ્વ થયેલ નથી.

★ **अन्त इति किम् ?**→

(૧) **गोकुलम्**→ગાયનું કુળ. गोः कुलमिति।
षष्ठ्ययत्ला०૩.૧.૭૬થી સમાસ→गो+कुल
प्रथमा सि वगेरे→गोकुलम्।

(૨) **कन्यापुरम्**→કન્યાનું નગર. कन्यायाः पुरमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ गो વગેરે શબ્દ અન્તે હોય તો થાય છે. જ્યારે અહીં અન્તે ન હોવાથી આ સૂત્રથી હ્રસ્વ થયો નથી.

★ **अंशिसमासादिवर्जनं किम् ?**→

(૧) **अर्द्धपिप्पली**→અર્ધી પિપ્પર. पिप्पल्याः अर्द्धमिति।
समेंऽशे०૩.૧.૫૪થી સમાસ→अर्द्ध+पिप्पली
પ્રથમા સિ વગેરે→अर्द्धपिप्पली।

(૨) **बहुश्रेयसी**→ઘણી કલ્યાણકારી સ્ત્રીવાળો.
बह्व्यः श्रेयस्यो यस्याऽसौ इति।
एकार्थं०૩.૧.૨૨થી સમાસ→बहुश्रेयसी
પ્રથમા સિ વગેરે→बहुश्रेयसी।

★ આ સૂત્રમાં અંશિસમાસ અને ईयस् પ્રત્યયાન્ત બહુવ્રીહિ સમાસનું વર્જન હોવાથી અહીં આ સૂત્રની પ્રવૃત્તિ થઈ નહીં.

વિશેષતા :

જિ. : અહીં गो શબ્દ અને ङ्याद्यन्त નું વિધાન હોવાથી સમાસમાં સૂત્ર પ્રવૃત્તિ અભિપ્રેત છે અને સમાસમાં गो શબ્દ અને ङ्याद्यन्त શબ્દની મુખ્યતા રહેતી નથી તેથી ત્યાં સહજતયા જ ગૌણત્વની પ્રાપ્તિ થાય છે. તો પણ સૂત્રમાં गौणस्यની અનુવૃત્તિ શા માટે ગ્રહણ કરી ?

સમા. : વસ્તુતઃ અહીં सुगोप्रियः, राजकुमारीप्रियः વગેરે સ્થાને गो શબ્દાન્ત અને ङ्याद्यन्त નામ અન્ય પદાર્થમાં વાચ્ય હોવાથી ગૌણ જ છે. તો પણ તેની અપેક્ષાએ गो શબ્દ કે

ङ्याद्यन्त अन्त्य नथी पण प्रिय अन्त्य छे. तेमज, सुगो अने राजकुमारीनी अपेक्षाએ गो शब्द अने ङ्याद्यन्त अन्त्य छे पण આ સમાસની અપેક્ષાએ તે ગૌણ ન રહેતાં આ સૂત્રની પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે તે આપત્તિનું વારણ કરવા માટે અહીં गौणस्य પદની અનુવૃત્તિનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

क्लीबे २/४/९७

અ.અ.સૂ. : क्लीबे ह्रस्वः।

અર્થ : નપુંસક લિંગમાં વર્તતાં સ્વરાન્ત નામોનો અન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે.

ઉદા. (૧) **कीलालपम्कुलम्**→મદિરાને પીનારું કુળ.
कीलालं पिबतीति इति।
ङस्युक्तं०૩.૧.૪૯થી સમાસ→कीलाल+**पा**
આ સૂત્રથી અન્ત્ય સ્વર હ્રસ્વ→कीलाल**प**
પ્રથમા સિ વગેરે→कीलाल**पम्**।

(૨) **अतिनु कुलम्**→નાવને ઓળંગી જનારું કુળ.
नावमतिक्रान्तमिति।
प्रात्यवपरि०૩.૧.૪૭થી સમાસ→ अति+**नौ**
આ સૂત્રથી હ્રસ્વ→**अतिनु**

વિશેષતા :

(૧) **स्वरस्य ह्रस्व-दीर्घ-प्लुताः** ૧/૪ ન્યાયાનુસારે હ્રસ્વાદેશ કોનો કરવો તે જણાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે काण्डे, कुड्ये વગેરે વિભક્ત્યન્ત નપું. નામો પણ **नन्ता संख्या तिर्युष्मदस्मच्च स्युरलिङ्गकाः पदं**

वाक्यमव्ययं चेत्यसंख्यं च तद्बहुलम् ८/४ લિંગાનુશાસનના વચનથી નપુ. જ ગણાય છે. તેથી તેઓનો પણ અન્ત્ય સ્વર આ સૂત્રથી હ્રસ્વ થવો જોઈએ. પરંતુ તે તે પ્રયોગમાં થયેલ એત્વ દીર્ઘત્વાદિ કાર્ય અન્ય નિમિત્તની સાપેક્ષ હોવાના કારણે બહિરંગ હોવાથી **असिद्धं बहिरङ्गमन्तरङ्गे** १/२० ન્યાયાનુસારે અસિદ્ધ થતા આ સૂત્ર લાગવાની આપત્તિ આવતી હતી.

